R.N.I. No. 1563/1957 ★
દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 169 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ વદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 July 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૧૮ જુલાઈ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મહારાષ્ટ્ર વિધાનભવનની લોબીમાં છૂટા હાથની મારામારી




**વિધાનસભા કે અખાડોઃ** મહારાષ્ટ્ર વિધાનભવનમાં ગઈકાલે મારામારી થઈ હતી.



## વિધાનસભ્યો ગોપીચંદ પડળકર-જિતેન્દ્ર આવ્હાડના કાર્યકરો વચ્ચે અથડામણઃ દુર્વ્યવહાર અને હુમલાની આ ઘટના કેમેરામાં પણ કેદ થઈ

(અમારા પ્રતિનિધિઓ તરફથી)

મુંબઈઃ ભાજપના વિધાનસભ્ય ગોપીચંદ પડળકર અને એનસીપી શરદ પવાર જૂથના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડ વચ્ચેનો વિવાદ ગુરુવારે ચરમસીમાએ પહોંચ્યો હતો. વિધાનભવનની લોબીમાં જ પડળકર-આવ્હાડના કાર્યકરો વચ્ચે શાબ્દિક મારામારી થઈ. દુર્વ્યવહાર અને હુમલાની આ ઘટના કેમેરામાં પણ કેદ થઈ હતી અને લોકશાહીના સ્તંભ સમાન સંસ્થામાં આવી ઘટના બની હોવાથી નારાજી વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુરુવારે સાંજે, વિધાનભવનની લોબીમાં જિતેન્દ્ર આવ્હાડ અને ગોપીચંદ પડળકર કાર્યકરો (જુઓ પાનું ૨) ▸▸



**અમદાવાદ પ્લેન ક્રેશમાં ચોંકાવનારો ઘટસ્ફોટ**

## કેપ્ટને જ ફ્યુઅલ સ્વિચ બંધ કરેલી

### વિદેશી મીડિયામાં અહેવાલઃ પાઈલટ્સની સંસ્થા ભડકી, કહ્યું ઉતાવળે નિષ્કર્ષ ન કાઢોઃ તપાસ બ્યૂરોએ કહ્યું કે તપાસ ચાલુ છે ત્યારે કોઈ તારણ કાઢવું અયોગ્ય

ન્યૂ યોર્કઃ વૉલ સ્ટ્રીટ જનરલના બુધવારના અહેવાલ મુજબ અમદાવાદમાં ગયા મહિને તૂટી પડેલી ઍર ઇન્ડિયાની ફ્લાઇટના બે પાઇલટ વચ્ચે દુર્ઘટનાની પહેલાં થયેલી વાતચીતના કૉકપિટ રેકોર્ડિંગ પરથી જાણવા મળ્યું હતું કે વિમાનના કેપ્ટને જ વિમાનના એન્જિનો માટેનો ઈંધણનો પુરવઠો કાપી નાખ્યો હતો. અખબારે અમદાવાદમાં ૧૨ જૂને ૨૬૦ જણનો જાન લેનારી ૭૮૭ ડ્રીમલાઇનરની દુર્ઘટનાની તપાસ અંગેના પ્રાથમિક અહેવાલનો અભ્યાસ કરનારા અમેરિકી અધિકારીઓના મંતવ્યને ટાંકીને રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો હતો. ભારતના ઍરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરોએ વિમાન દુર્ઘટનાને લગતા શનિવારે બહાર પાડેલા પ્રાથમિક (જુઓ પાનું ૨) ▸▸

**બેંગલૂરુ ધક્કામુક્કી કેસ**

## આરસીબીને ઝટકોઃ ક્રિમિનલ કેસ નોંધાશે

### કર્ણાટક સરકારે મંજૂરી આપીઃ હાઈ કોર્ટમાં સરકારે કહ્યું કે પોલીસ અધિકારીઓએ આરસીબીના નોકરની જેમ કામ કર્યું

બેંગલૂરુઃ કર્ણાટક સરકારે બેંગલૂરુમાંની ધક્કામુક્કીના કેસમાં રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) અને કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિયેશનની સામે ફોજદારી કેસ ચલાવવા મંજૂરી આપી દીધી હતી.

કર્ણાટકના પ્રધાનમંડળની બેઠકમાં જસ્ટિસ માઇકલ ડી'કુન્હા પંચના અહેવાલને સ્વીકાર્યા બાદ સંબંધિત નિર્ણય લેવાયો હતો.

તપાસના અહેવાલમાં સંબંધિત કાર્યક્રમના આયોજનમાં અનિયમિતતા અને ગરબડ થઇ હોવાનો દાવો કરાયો હતો અને આ અહેવાલને આધારે ફોજદારી કાર્યવાહીનો આદેશ અપાયો હતો. કર્ણાટક સરકારે આઇપીએસ (જુઓ પાનું ૨) ▸▸

## મોટાં શહેરોમાં અમદાવાદ સૌથી સ્વચ્છ જ્યારે ઈંદોર, સુરત, નવી મુંબઈ સુપર સ્વચ્છ

નવી દિલ્હી : સરકારના વાર્ષિક સ્વચ્છતા સર્વેક્ષણની 'સરકારની સુપર સ્વચ્છ લીગ' એવૉર્ડ કેટેગરીમાં ઈંદોરે સૌથી સ્વચ્છ શહેરનો દરજ્જો સતત આઠમી વાર જાળવી રાખ્યો હતો. આમાં સુરત બીજા ક્રમે અને નવી મુંબઈ ત્રીજા ક્રમે આવ્યા હતા.

૧૦ લાખથી વધારે વસતિ ધરાવતા સ્વચ્છ શહેરની કેટેગરીમાં અમદાવાદ મોખરે આવ્યું હતું. વાર્ષિક સર્વેમાં આ કેટેગરીમાં ભોપાલ બીજું અને લખનઊ ત્રીજા સ્થાને આવ્યું હતું,

ગુરુવારે સ્વચ્છ સર્વેક્ષણનાં પરિણામો જાહેર કરવામાં આવ્યાં હતાં. કેન્દ્રના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના જણાવ્યા (જુઓ પાનું ૨) ▸▸

## નીતીશકુમારની રેવડીઃ ૧૨૫ યુનિટ વીજળી મફત

પટણા : બિહારની વિધાનસભાની ચૂંટણી પહેલાં એક લોકરંજક ચાલમાં બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે ગુરવારે રાજ્યના બધા ઘરેલુ ગ્રાહકોને ૧૨૫ યુનિટ વીજળી મફત આપવાનો નિર્ણય લીધો હતો. નીતીશ કુમારે સોશ્યિલ મીડિયા પર આ જાહેરાત કરતાં કહ્યું હતું કે આનો લાભ ૧.૬૭ કરોડ વપરાશકારોને મળશે. તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે મફત વીજળીનો લાભ પહેલી ઓગસ્ટથી મળવા માગશે. નીતીશ કુમારે દાવો કર્યો હતો કે આનો અર્થ એ થયો કે જુલાઈ મહિનાથી જ ૧૨૫ યુનિટના બિલમાં કોઈ ચાર્જ લગાડવામાં નહીં (જુઓ પાનું ૨) ▸▸












LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# 'નાટો'ની પ્રતિબંધોની ધમકી: ભસતાં કૂતરાં કરડે નહીં

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ટૅરિફના નામે ભારત સહિતના દેશોને દબાવી જોવા ફાંફાં મારી જોયાં પણ કોઈએ મચક ના આપતાં ભોંઠા પડેલા ટ્રમ્પે નાટો (નોર્થ એન્ટલાન્ટિક ટ્રિટિ ઓર્ગેનાઈઝેશન)ના માધ્યમથી ભારત સહિતના દેશોને દબાવવાનો દાવ ખેલ્યો છે. ટ્રમ્પના ઈશારે નાટોના સેક્રેટરી જનરલ માર્ક રૂટે ભારત, ચીન અને બ્રાઝિલ જો રશિયા સાથેનો વેપાર બંધ ના કરે તો તેમના પર ૧૦૦ ટકા પ્રતિબંધો લાદવાની ધમકી આપી છે.

ડોનલ્ડ ટ્રમ્પે બે દિવસ પહેલાં જ રશિયા સામે લડવા માટે યુક્રેનને નવા હથિયારો આપવાની અને રશિયા સાથે વેપાર કરતા દેશોના અમેરિકામાં આવતા માલ પર તોતિંગ ટૅરિફ લાદવાની ધમકી આપી હતી ને હવે રૂટ પણ એ જ ભાષા બોલી રહ્યા છે. તેના પરથી સ્પષ્ટ છે કે, રૂટ ટ્રમ્પના ચડાવ્યા આ ધંધો માંડીને બેઠા છે અને ટ્રમ્પના પઢાવેલા પોપટ તરીકે વર્તી રહ્યા છે.

રૂટનું કહેવું છે કે, ભારત, ચીન અને બ્રાઝિલે યુક્રેન સાથેનું યુદ્ધ ખતમ કરવા માટે શાંતિ વાટાઘાટો શરૂ કરવા રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન પર દબાણ કરવું જોઈએ. રૂટે રશિયા સાથે વ્યાપાર કરવા સામે પણ વાંધો લઈને કહ્યું છે કે, ચીન, ભારત, બ્રાઝિલે સમજવું પડશે કે રશિયા સાથે વેપાર ચાલુ રાખવાથી ભારે નુકસાન થઈ શકે છે. આ ત્રણેય દેશના નેતાઓને મારી અપીલ છે કે, પુતિન સાથે ફોન પર વાત કરે અને શાંતિ વાટાઘાટો માટે કહે. પુતિન તેમની વાત ના માનતા હોય તો રશિયા સાથે વ્યાપાર બંધ કરી નાંખે. રશિયા યુદ્ધ ચાલુ રાખે છતાં આ દેશો રશિયા પાસેથી ઓઈલ અને ગેસ ખરીદવાનું ચાલુ રાખશે તો તેમના પર ૧૦૦ ટકા સેકન્ડરી પ્રતિબંધો લાદવામાં આવશે.

નાટો પાસે ધમકી અપાવીને ટ્રમ્પ એક કાંકરે બે પક્ષી મારવાની કોશિશ કરી રહ્યા છે. ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધ પતાવી દેવાના બહુ ફડાકા મારેલા. પોતે અમેરિકાના પ્રમુખ બનશે તેના મહિનામાં દુનિયામાં શાંતિ થઈ જશે એવી મોટી મોટી વાતો ટ્રમ્પે કરેલી પણ કશું થયું નથી. વ્લાદિમિર પુતિન અને ઝેલેન્સ્કી બંને ટ્રમ્પને ઘોળીને પી ગયા છે તેથી યુદ્ધ પતતું જ નથી. બલકે યુદ્ધ ઉગ્ર બન્યું છે. ટ્રમ્પે પુતિનનું નાક દબાવવા માટે ભારે મથામણ કરી પણ મેળ પડતો જ નથી તેમાં આખી દુનિયામાં તેમના ઈજ્જતના ભડાકા થઈ રહ્યા છે એટલે આબરૂ બચાવવા માટે ટ્રમ્પે નાટોની ઓથ લેવી પડી છે.

બીજું એ કે, અમેરિકાને ફરી દુનિયાનો દાદો બનાવવા માટે ટ્રમ્પે ટૅરિફ લાદવાની જાહેરાતો કરી તેના કારણે અમેરિકાના સાથી દેશો પણ તેનાથી વેગળા થઈ ગયા છે. 'નાટો'ની સ્થાપના બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિના ચાર વર્ષ પછી એટલે કે ૧૯૪૯માં થઈ હતી ને અમેરિકાએ તેની આગેવાની લીધી હતી. યુરોપ-અમેરિકાને અલગ પાડતા એટલાન્ટિક મહાસાગરના કાંઠે ફેલાયેલા દેશોએ ભેગા થઈને 'નાટો' બનાવ્યું છે,

'નાટો'ની સ્થાપના થઈ ત્યારે સભ્ય દેશો ૧૨ હતા. આ દેશોને જાપાન-ચીનથી ખતરો લાગતો હતો કેમ કે બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાને હાહાકાર મચાવ્યો હતો. ચીન ઝડપથી ઊભરી રહ્યું હતું તેથી તેનાથી પણ ખતરો હતો. આ બેવડા ખતરા સામે અમેરિકા તેમનું રક્ષણ કરી શકશે તેવા વિશ્વાસ સાથે આ દેશો તેમાં જોડાયા. 'નાટો'નો ઉદ્દેશ લશ્કરી તાકાત ઊભી કરવાનો હતો એટલે 'નાટો' આજે પણ દુનિયાનું સૌથી મોટું લશ્કરી સંગઠન છે.

'નાટો'ના કુલ સભ્ય દેશો ૨૯ છે અને બધા એકબીજાને લશ્કરી મદદ કરવા બંધાયેલા છે. વરસો લગી નાટોના દેશો એક થઈને રહ્યા અને તેના કારણે તેમની આર્થિક સમૃદ્ધિ વધી. ટ્રમ્પને એવો ભ્રમ છે કે, અમેરિકાના કારણે આ બધા દેશો માલદાર બની રહ્યા છે એટલે તેમણે તોરમાં ને તોરમાં આ દેશો પર પણ ધડાધડ ટૅરિફ ઠોકી દીધા. તેના કારણે 'નાટો'ના દેશો અમેરિકાથી નારાજ છે અને પોતાનાં આર્થિક હિતો બનાવવા માટે નવી નવી ધરીઓ રચી રહ્યા છે. કેનેડાએ તો અમેરિકા સામે બાંયો જ ચડાવી દીધી છે. ટ્રમ્પને મોડે મોડે ભાન થયું છે કે, અમેરિકા એકલું આખી દુનિયા પર દાદાગીરી ના કરી શકે ને યુરોપના દેશો સાથે ના હોય તો અમેરિકાને કોઈ ગણકારે પણ નહીં એટલે તેમણે ફરી 'નાટો'ને ભાવ આપવા માંડ્યો છે.

ટ્રમ્પે 'નાટો'ના દેશો સાથે રશિયા-યુક્રેનના મુદ્દે પણ બાખડી બાંધી હતી. યુરોપિયન યુનિયનના દેશો રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનને 'નાટો'ના સભ્યોએ પૂરી તાકાતથી મદદ કરવી જોઈએ એવું માને છે, પણ ટ્રમ્પને દુનિયાના શાંતિદૂત બનવાના ધખારા હતા એટલે યુક્રેનને મદદ બંધ કરી દીધેલી. હવે 'નાટો'ને સાથે રાખવા યુક્રેનને મદદ કરવાનું એલાન પણ કર્યું છે અને 'નાટો'નો ઉપયોગ પોતાના બદઈરાદાને પાર પાડવા માટે પણ કરી રહ્યા છે.

ટ્રમ્પને જે દાવ ખેલવા હોય એ ખેલે પણ આપણા માટે મહત્ત્વનો મુદ્દો 'નાટો' પ્રતિબંધો લાદે તો શું થાય તેનો છે. વાસ્તવમાં તેનાથી ભારત, બ્રાઝિલ કે ચીનને કોઈ ફરક ના પડે. ચીન રશિયાનો સૌથી મોટો વેપારી ભાગીદાર અને રશિયન ઓઈલનો મુખ્ય ખરીદદાર છે. ચીન રાક્ષસી તાકાત ધરાવે છે તેથી કોઈને ગણકારતું જ નથી. ટ્રમ્પે ચીનને દબાવવા કરેલા બધા કારસા નિષ્ફળ ગયા છે ને હાંફી ગયેલા ટ્રમ્પ ખુદ ચીનના પગમાં આળોટી ગયા છે એ જોતાં 'નાટો' પણ ચીનને કશું ના કરી શકે તેમાં બેમત નથી પણ ભારતનું પણ 'નાટો' કંઈ બગાડી ના શકે.

ભારત અને રશિયા વચ્ચે અત્યારે સૌથી મોટો વેપાર ક્રૂડ ઓઈલનો છે. ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઇલનો મોટો ખરીદદાર છે. રશિયા-યુક્રેન યુદ્ધ પછી રશિયાએ પોતાના અર્થતંત્રને ધમધમતું રાખવા માટે દુનિયાભરના દેશોને સસ્તુ ક્રૂડ આપવા માંડ્યું પછી ભારત પણ રશિયા પાસેથી સસ્તું ઓઈલ ખરીદીને ફાયદો લઈ શકે છે. 'નાટો'ના દેશો દ્વારા સેકન્ડરી પ્રતિબંધો લાદવામાં આવે તો રશિયન ઓઈલનો પુરવઠો બંધ થઈ જાય એવું કહેવાય છે, પણ વાસ્તવમાં એવું થવાનું નથી.

ભારત થર્ડ પાર્ટી મારફતે રશિયન ઓઈલ ખરીદી જ શકે તેથી 'નાટો' કંઈ બગાડી ના શકે. ભૂતકાળમાં ટ્રમ્પે આ રીતે ભારતનું નાક દબાવવા કોશિશ કરેલી છે પણ ફાવ્યા નથી એટલે હવે 'નાટો' મારફતે મથી રહ્યા છે પણ આ વખતે પણ નહીં ફાવે.

ગુજરાતીમાં કહેવત છે કે, ભસતાં કૂતરાં કરડે નહીં. 'નાટો'ના કેસમાં પણ એવું જ થવાનું છે કેમ કે 'નાટો' પ્રતિબંધ દે તો ભારત પણ સામે તેમના પર પ્રતિબંધો લાદી જ શકે છે. યુરોપના દેશો માટે ભારતના દરવાજા બંધ થાય તો તેમને પણ ફટકો પડે જ તેથી આ મુદ્દે ચિંતા કરવા જેવી નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, શુક્રવાર, તા. ૧૮-૭-૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૭, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ વદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૩મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર અશ્વિની મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૩ સુધી (તા. ૧૯), પછી ભરણી
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષર: મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદય: મુંબઈ ક. ૦૬ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્ત: મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી: સાંજે ક. ૧૭-૦૨
- ઓટ: સવારે ક. ૦૦-૫૮, રાત્રે ક. ૨૩-૫૪

વ્રત પર્વાદિ: વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ – અષ્ટમી. બુધ વક્રી સવારે ક. ૧૦-૧૬, સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ

- શુભાશુભ દિનશુદ્ધિ: શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષ: લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા, અશ્વિની કુમાર દેવતાનું પૂજન, શ્રી સુક્ત અભિષેક, અનુષ્ઠાન વિશેષરૂપે મહાલક્ષ્મી પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, દેવી પૂજા, દેવી સહસ્ર નામ, રાત્રિ સુક્ત પાઠ, શિવ-પાર્વતી પૂજા, સપ્તસતી પાઠ હવન, કેતુ ગ્રહદેવતાનું પૂજન, પરદેશનું પસ્તાનું, નવાં વસ્રો, આભૂષણ, વિદ્યારંભ, હજામત, નવા વાસણ, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, યંત્રારંભ, દુકાન-વેપાર, દસ્તાવેજ, માલ લેવો. બી વાવવું. ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, પશુ લે-વેંચ.

આચમન: ચંદ્ર-રાહુ અર્ધચતુષ્કોણ લાંબા પ્રવાસમાં સાવધાની રાખવી.
ખગોળ જ્યોતિષ: ચંદ્ર-રાહુ અર્ધચતુષ્કોણ, બુધ સ્તંભી થઈ વક્રી થશે.
ગ્રહગોચર: સૂર્ય-કર્ક, મંગળ-સિંહ, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## કોવિડ રોગચાળા વખતે તબલીગી જમાતનું સંમેલન: વિદેશીઓને આશ્રય આપનારાઓ સામેનો કેસ રદબાતલ કરતી કોર્ટ

નવી દિલ્હી: કોવિડ-૧૯ના રોગચાળા વખતે સરકારે જાહેર કરેલા નિયમનો ભંગ કરીને ૨૦૨૦ના માર્ચમાં યોજાયેલા તબલીગી જમાતના સંમેલનમાં ભાગ લેનારા લોકોને, ખાસ કરીને વિદેશીઓને આશ્રય આપનારા ૭૦ ભારતીય સામેના ૧૬ કેસ દિલ્હી વડી અદાલતે ગુરુવારે રદબાતલ કર્યા હતા.

ન્યાયાધીશ નીના બંસલ કૃષ્ણે ચુકાદામાં જણાવ્યું હતું કે અમે સંબંધિત કેસમાં તહમોતનામા રદબાતલ કરીએ છીએ.

તબલીગી જમાતના સંમેલનમાં ભાગ લેનારા વિદેશીઓને આશ્રય આપનારા ૭૦ ભારતીય વતી વકીલ અશીમા મંડલાએ અદાલતમાં દલીલ કરી હતી.

અગાઉ, પોલીસે ૨૦૨૦ના માર્ચમાં યોજાયેલા તબલીગી જમાતના સંમેલનમાં ભાગ લેનારા વિદેશીઓને આશ્રય આપનારા લોકો સામે નોંધાયેલા પ્રથમદર્શી અહેવાલોને રદબાતલ કરવાની અરજદારોની વિનંતિનો વિરોધ કરતા દલીલ કરી હતી કે કોવિડ-૧૯નો રોગચાળો વધુ ન ફેલાય તે માટે જાહેર કરાયેલા નિયમનો ભંગ કરીને નિઝામુદ્દીન મરકઝ ખાતે સંમેલનમાં ભેગા થયેલા લોકોને આશ્રય આપનારાઓ સામે કડક પગલાં લેવા જરૂરી છે.

આ પ્રકરણને લગતા અમુક પ્રથમદર્શી અહેવાલોમાં જે વિદેશી નાગરિકોના નામ હતા, તેઓમાંના કેટલાકે ગુનો કબૂલી લીધો હતો અને સ્વદેશ જતાં રહ્યાં હતાં, જ્યારે અમુક લોકોને નિર્દોષ છોડી મુકાયા હતા.

અરજદારોના વકીલે દલીલ કરી હતી કે મારા અસીલોને કોવિડ-૧૯ થયો હોવાનો કોઇ ઉલ્લેખ પ્રથમદર્શી અહેવાલમાં કે તહોમતનામામાં નથી અને તેથી તેઓએ કોવિડ-૧૯નો રોગચાળો ફેલાવ્યો હોવાનું કહી ન શકાય.

પોલીસે આક્ષેપ કર્યો હતો કે ૨૦૨૦ના ૨૬ થી ૩૧ માર્ચના સમયગાળા દરમિયાન નિઝામુદ્દીન મરકઝ ખાતે અનેક વખત તપાસ કરાઇ હતી અને તેમાં માલૂમ પડ્યું હતું કે આ વિસ્તારમાં અનેક વિદેશી રહેતા હતા. (એજન્સી)■

## બિહારમાં વીજળી પડતાં ૧૯નાં મોત

પટણા: બિહારમાં છેલ્લાં ૨૪ કલાકમાં વીજળી પડવાની બનેલી અલગ અલગ ઘટનામાં ઓછામાં ઓછાં ૧૯ જણનાં મોત થયાં હોવાનું મુખ્ય પ્રધાનના કાર્યાલય દ્વારા ગુરુવારે બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

વીજળી પડવાને કારણે નાલંદામાં સર્વાધિક પાંચ. વૈશાલીમાં ચાર તેમ જ બાન્કા અને પટણા પ્રત્યેકમાં બે અને શેખપુરા, નાવાડા, જેહાનાબાદ, ઔરંગાબાદ. જામુઈ અને સમસ્તીપુર પ્રત્યેકમાં એક જણનું મોત થયું હતું.

મૃતકોના પરિવારજનો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી મુખ્ય પ્રધાન નીતીશકુમારે પ્રત્યેક મૃતકના પરિવારજનોને ચાર લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી.

મખ્ય પ્રધાને વરસાદની મોસમમાં લોકોને સાવધ રહેવાની વિનંતી કરી હતી. (એજન્સી)■

## કેરળમાં ભારે વરસાદથી ભેખડો તૂટી પડી, ચાર જિલ્લાઓમાં રેડ અલર્ટ

### ભારે વરસાદ, ભેખડો ધસી: ચાર જિલ્લામાં રેડ અલર્ટ

તિરુવનંતપુરમ: કેરળમાં અવિરત વરસાદને કારણે ગુરુવારે કોઝિકોડ જિલ્લામાં ભૂસ્ખલન થયું અને ઘરો પાણીમાં ગરકાવ થયા હતા. ઉપરાંત નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા. તેમજ રાજ્યના અન્ય ભાગોમાં વિવિધ નદીઓના જળસ્તર વધી ગયા હતા.

કાસરગોડ જિલ્લામાં ભારે વરસાદને કારણે ઉપ્પલા, મંજેશ્વરમ, મધુર અને પુથિગે સહિત વિવિધ નદીઓમાં પાણીના સ્તર વધી ગયા હતા. જેથી અધિકારીઓએ આ નદીઓના કિનારે રહેતા લોકોને સતર્ક રહેવાની ચેતવણી આપી હતી. રાજ્યના કોઝિકોડમાં કોરાપુઝા અને કુટ્ટિયાડી નદીઓ, કન્નુરમાં પેરુમ્બા અને વાયનાડ જિલ્લામાં કબાનીના સંબંધમાં અધિકારીઓ દ્વારા સમાન ચેતવણી જારી કરવામાં આવી હતી.

ભારતીય હવામાન વિભાગ(આઇએમડી)એ વરસાદ ચાલુ રહેતાં ગુરુવારે કોઝિકોડ, વાયનાડ, કન્નુર અને કાસરગોડ જિલ્લામાં ઓરેન્જ અલર્ટ વધારીને રેડ અલર્ટ જારી કર્યું હતું. ત્રિશુર, પલક્કડ અને મલપ્પુરમ જિલ્લામાં યલો અલર્ટને પણ ઓરેન્જ અલર્ટમાં અપગ્રેડ કરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે રેડ અલર્ટ ૨૪ કલાકમાં ૨૦ સે.મી.થી વધુ ભારેથી અતિ ભારે વરસાદનો સંકેત આપે છે, જ્યારે ઓરેન્જ અલર્ટનો અર્થ ૧૧ થી ૨૦ સે.મી. સુધીનો ભારે વરસાદ અને યલો અલર્ટ એટલે ૬ થી ૧૧ સેમી સુધીનો ભારે વરસાદ થાય છે. ભારતીય હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માટે ઉત્તરીય જિલ્લાઓ વાયનાડ, કન્નુર અને કાસરગોડ માટે રેડ અલર્ટ જારી કર્યું છે. જ્યારે કોઝિકોડ જિલ્લા માટે ૧૯ અને ૨૦ જુલાઇ અને મલપ્પુરમ જિલ્લા માટે ૨૦ જુલાઇએ રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ■

## ભારતના પ્રયાસો સફળ: સત્યજીત રેનું બાંગ્લાદેશમાંનું પૈતૃક ઘર હાલ નહીં તોડાય

નવી દિલ્હી: ભારતના મહાન ફિલ્મ દિગ્દર્શક અને લેખક સત્યજીત રેના દાદાએ બાંગ્લાદેશના મૈમનસિંહ વિસ્તારમાં એક સદી પહેલા બંધાવેલું ઘર તોડી પડવા અંગે અહેવાલ જાહેર થતા, ભારત સરકાર તુરંત સક્રિય થઇ ગઈ હતી. વિદેશ મંત્રાલયે સત્યજીત રેના પૈતૃક ઘરને ન તોડવા અપીલ કરી હતી અને તેના રીનોવેશન માટે મદદ કરવા તૈયારી બનાવી હતી. જેને ધ્યાનમાં રાખીને બાંગ્લાદેશ સરકારે આ અતિહાસિક ઈમારતનું ડિમોલિશન અટકાવી દીધું છે.

બાંગ્લાદેશની રાજધાની ઢાકાથી લગભગ ૧૨૦ કિમી ઉત્તરમાં આવેલા મૈમનસિંઘ શહેરમાં સ્થિત આ ઈમારત પ્રખ્યાત બંગાળી બાળ લેખક અને પ્રકાશક ઉપેન્દ્રકિશોર રેનું ઘર હતું. ઉપેન્દ્રકિશોર કવિ સુકુમાર રેના પિતા અને સત્યજીત રેના દાદા હતા. તાજેતરના અહેવાલ મુજબ હવે ઈમારતને તોડી પાડવામાં આવશે નહીં, હાલમાં ચાલી રહેલી ડિમોલિશનની કામગીરી પણ અટકાવી દેવામાં આવી.

અહેવાલ મુજબ ભારત સરકારની વિનંતી પર બાંગ્લાદેશ સરકારે એક સમિતિની રચના કરી છે, જે આ ઈમારતનું પુનર્નિર્માણ કરશે. ■

## ન્યાયાધીશો વિરુદ્ધ એફઆઈઆરની માગ પર ભડકી સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ગુરુવારે દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશો અને સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ (સીએટી) ના સભ્યો વિરુદ્ધ એફઆઇઆર દાખલ કરવાની માંગ કરતી અરજી પર નારાજગી વ્યક્ત કરી હતી અને તેને ''નિંદનીય'' અને ''પ્રચાર સ્ટન્ટ'' ગણાવ્યો હતો.

જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે ભૂતપૂર્વ ન્યાયાધીશ અને વરિષ્ઠ વકીલ એસ મુરલીધરને આ મામલે કોર્ટની સહાયતા માટે કોર્ટ મિત્ર તરીકે નિયુક્ત કર્યા હતા. અરજદારે આરોપ લગાવ્યો હતો કે સુનાવણી દરમિયાન ટ્રિબ્યુનલે કહ્યું હતું કે તે તેમની અરજી મંજૂર કરશે પરંતુ પછીથી તેને ફગાવી દીધી હતી. આ અરજી એક આઇઆઇએમ ગ્રેજ્યુએટ દ્વારા દાખલ કરવામાં આવી છે. ■

## યુકેમાં મતદાન માટેની વય ૧૮થી ઘટાડીને ૧૬ વર્ષ કરાશે

લંડન : યુનાઈટેડ કિંગડમની સરકારે ગુરવારે જાહેરાત કરી હતી કે તે ૨૦૨૯માં થનારી સામાન્ય ચૂંટણી પહેલાં મતદારન માટેની વય ૧૮ વર્ષથી ઘટાડીને ૧૬ વર્ષ કરશે. ગયા વર્ષની ચૂંટણીમાં લેબર પાર્ટીએ આ વચન આપ્યું હતું. આને લીધે યુનાઈટેડ કિંગડમની ચૂંટણી સ્કોટલૅન્ડ અને વેલ્સ જેવી થશે. બ્રિટનની સરકારે આને યુનાઈટેડ કિંગડમની લોકશાહીમાં પેઢીગત સૌથી મોટો ફેરફાર ગણાવ્યો હતો.

યોજનામાં વોટર આઈડી કાર્ડનું વિસ્તરણ કરવાનું નક્કી થયું છે. યુનાઈટેડ કિંગડમે જારી કરેલા બૅન્ક કાર્ડને ઓળખપત્રના પુરાવા તરીકે મતદારમથકમાં સ્વીકારવામાં આવશે જેથી લાયક મતદાતા મતદાનથી વંચિત ન રહી જાય.

યુનાઈટેડ કિંગડમનાં નાયબ વડાં પ્રધાન એન્જેલા રેનરે કહ્યું હતું કે લાંબા સમયથી લોકશાહીમાં લોકોનો વિશ્વાસ ઘટતો જાય છે. અને આપણી બંધારણીય સંસ્થાઓમાં લોકોની આસ્થા ઓછી થતી જાય છે. તેમણે એક વ્યૂહપત્ર જાહેર કર્યો હતો જેમાં મતદાનની વય ઘટાડવાની યોજના છે. તેમણે કહ્યું હતું કે અમે અમારી લોકશાહીને આધુનિક બનાવી રહ્યા છીએ. અમે અમારા ચૂંટણીઢંઢેરાનું વચન પાળીને બતાવ્યું છે. આનાથી અમારી લોકશાહી મજબૂત બનાવી ઈલેકટરલ રજિસ્ટ્રેશન ઑફિસર મતદાતાની ડિજિટલ 'વોટર ઓથોરિટી સર્ટિફિકેટ બનાવીશું જેથી મતદારની ડિજિટલ જરૂરિયાત સંતોષાય. આનાથી પ્રિન્ટિંગ કોસ્ટ ઓછી થશે અને ડિલિવરી ઝડપી બનશે. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્ર વિધાનભવનની

સામસામે આવી ગયા હતા. આક્રમક કાર્યકરો વચ્ચે ભારે બોલાચાલી થઈ હતી અને પછી તે લડાઈમાં ફેરવાઈ ગઈ હતી. લોબીમાં હાજર પોલીસ અને અન્ય કાર્યકરોએ ભેગા મળીને મામલો શાંત પાડ્યો હતો. જોકે, વિવાદ કેવી રીતે શરૂ થયો અને નક્કી શું થયું તે હજુ સુધી સ્પષ્ટ નથી.

થોડા સમય પછી એનસીપીના નેતા જયંત પાટીલ પણ ત્યાં પહોંચ્યા હતા. ગુસ્સે ભરાયેલા આવ્હાડ કાર્યકરોએ જયંત પાટીલને પણ ફરિયાદ કરી હતી. કાર્યકરો જયંત પાટીલને કહી રહ્યા હતા કે તેઓ આ પડળકરને મારી નાખશે. અંતે, જયંત પાટીલે કાર્યકરોને સમજાવીને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો.

#### બુધવારે વિવાદ શરૂ થયો

બુધવારે જ્યારે વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડ વિધાનસભાના પ્રવેશદ્વાર પર ધનંજય દેશમુખ સાથે ચાલી રહ્યા હતા, ત્યારે પડળકરે અચાનક કાર રોકી હતી અને કારનો દરવાજો ખોલીને જિતેન્દ્ર આવ્હાડ અને ધનંજય દેશમુખને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો, એવો આક્ષેપ આવ્હાડના સમર્થકોએ લગાવ્યો હતો.

જ્યારે જિતેન્દ્ર આવ્હાડ કાર તરફ જોઈ રહ્યા હતા, ત્યારે ગોપીચંદ પડળકરે તેમની સાથે દુર્વ્યવહાર કર્યો હતો એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેને પગલે ગુરુવારે વિધાન ભવન પરિસરમાં ઝઘડો થયો હતો.

#### એનસીપીએ મુખ્ય પ્રધાનને કરી ફરિયાદ

કાર્યકર્તાઓ વચ્ચે થયેલી અથડામણ બાદ, જયંત પાટીલ અને જિતેન્દ્ર આવ્હાડ સીધા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળવા પહોંચી ગયા હતા. તેમણે પડળકરના કાર્યકરો સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

#### બાવનકુલે પડળકરને કેબિનમાં બોલાવ્યા

મારામારીની માહિતી મળતાં જ રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ તાત્કાલિક વિધાનસભ્ય ગોપીચંદ પડળકરને કેબિનમાં બોલાવ્યા હતા. એવું માનવામાં આવે છે કે ગોપીચંદ પડળકરે બેઠકમાં મુખ્ય પ્રધાન અને મહેસૂલ પ્રધાનને આવ્હાડના કાર્યકર્તાઓની ફરિયાદ કરી હતી.

#### બુધવારે વિવાદ શરૂ થયો

જિતેન્દ્ર આવ્હાડ બુધવારે વિધાનસભાના પ્રવેશદ્વાર પર ધનંજય દેશમુખ સાથે ચાલી રહ્યા હતા ત્યારે પડળકરે અચાનક કાર રોકી અને કારનો દરવાજો ખોલીને જિતેન્દ્ર આવ્હાડ અને ધનંજય દેશમુખને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો, એવો આક્ષેપ આવ્હાડના સમર્થકોએ કર્યો હતો. જ્યારે જિતેન્દ્ર આવ્હાડ કાર તરફ જોઈ રહ્યા હતા, ત્યારે ગોપીચંદ પડળકરે તેમને અપશબ્દો કહીને અપમાન કર્યું હોવાનો આક્ષેપ આવ્હાડના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યો હતો. ■

### કૅપ્ટને જ

અહેવાલમાં એવું જણાવ્યું હોવાનું કહેવાય છે કે કૉકપિટ વૉઇસ રેકોર્ડિંગ મુજબ એક પાઇલટે બીજા પાઇલટને એવો સવાલ કર્યો હતો કે તમે ફ્યુઅલ શું કામ કટઑફ કર્યું? અને તેના જવાબમાં બીજા પાઇલટે કહ્યું હતું કે મેં નથી કર્યું.

તપાસકારોએ ૧૫,૬૩૮ કલાક ઉડ્ડયનનો અનુભવ ધરાવતા કેપ્ટન સુમિત સભરવાલ અને ૩,૪૦૩ કલાકના ઉડ્ડયનનો અનુભવ ધરાવતા ફર્સ્ટ ઑફિસર ક્લાઇવ કુંદરમાંથી કોણ શું બોલ્યું હતું ? તેની સ્પષ્ટતા નહોતી કરી.

આમ છતાં, વૉલ સ્ટ્રીટ જનરલના અહેવાલમાં જણાવાયું હતું કે વિમાનનું ઉડ્ડયન કરી રહેલા કુંદરે સભરવાલને રનવે પરથી ઉડ્ડયન શરૂ કર્યા બાદ થોડી સેકંડમાં જ સવાલ કર્યો હતો કે તમે ફ્યુઅલ સ્વિચ શું કામ 'કટઑફ' પોઝિશનમાં રાખી?

આમ છતાં, અખબારે એવી સ્પષ્ટતા નહોતી કરી કે વિમાનની આ સ્વિચ કોણે હલાવી હતી, પરંતુ ભારતીય સત્તાવાળાના સંબંધિત અહેવાલને વાંચનારા અમેરિકાના પાઇલટ્સને ટાંકીને જણાવ્યું હતું કે વિમાનનું સક્રિયપણે ઉડ્ડયન કુંદર કરી રહ્યા હોવાથી આ સ્વિચ સભરવાલે બંધ કરી હોઇ શકે છે.

ક્લોઝ્ડ-સર્કિટ ટીવી ફૂટેજ મુજબ વિમાન ઊપડ્યું કે તુરત એન્જિન્સનો પાવર જતો રહ્યો હતો.

#### પાઈલટ્સને ટાર્ગેટ ન કરો, તપાસ હજી ચાલુ છે

દુર્ઘટનાગ્રસ્ત એઆઇ ૧૭૧ના પાઇલટ્સ પ્રવાસીઓની સલામતી માટે શકય તમામ પ્રયાસો કર્યા હતા. તેમના ચારિત્ર્યનું મૂલ્યાંકન બિનજરૂરી છે અને તેઓ માનને પાત્ર છે, એમ પાઇલટની સંસ્થા-એએલપીએ-ઇન્ડિયાએ જણાવ્યું છે. બીજી તરફ ભારતીય વિમાન દુર્ઘટના તપાસ બ્યૂરો (એએઆઇબી)એ કહ્યું કે ઉતાવળે તારણો ન કાઢો કારણકે પ્રાથમિક અહેવાલમાં માત્ર શું બન્યું હતું એ જણાવાયું છે નહીં કે કોઇ તારતમ્યો કઢાયાં છે. તપાસ હજી પૂરી નથી થઇ એટલે અત્યારે કોઇ તારણો કાઢવા ન જોઇએ. ■

### આરસીબીને ઝટકા

અધિકારી વિકાસકુમારને સસ્પેન્ડ કરવાના પગલાંને ગુરુવારે વડી અદાલતમાં યોગ્ય ઠેરવતા દલીલ કરી હતી કે આ અધિકારી અને તેમના સાથીઓએ આઇપીએલમાંના વિજયની ઉજવણીની તૈયારીમાં 'રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના સેવકો' હોય એ રીતે કામ કર્યું હતું.

બેંગલૂરુમાં ધક્કામુક્કીની આ ઘટનામાં ૧૧ જણ માર્યા ગયાં હતાં અને અન્ય ૩૩ જણ ઘાયલ થયાં હતાં.

રાજ્ય સરકારના વકીલ પી. એસ. રાજગોપાલે અદાલતને જણાવ્યું હતું કે આઇપીએલની ફાઇનલ મૅચની પહેલાં રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુએ વિજયની ઉજવણીના સંબંધમાં પોલીસ અધિકારીઓને એક દરખાસ્ત સુપરત કરી હતી.

અધિકારીઓએ મોટા પાયે લોકો ભેગા થાય તે વખતની સલામતી વ્યવસ્થા કરવાનું શરૂ કર્યું હતું, પરંતુ તેના માટે પોતાનાથી ઊંચા હોદ્દા પરના લોકોની સાથે સલાહમસલત નહોતી કરી અને અન્ય જરૂરી પરવાનગી મેળવવામાં આવી છે કે નહિ, તેની તપાસ પણ નહોતી કરી.

રાજગોપાલે જણાવ્યું હતું કે પોલીસ અધિકારીઓ પોતાની ફરજ નિભાવવામાં નિષ્ફળ ગયા હતા અને કર્ણાટક સ્ટેટ પોલીસ ઍક્ટની કલમ ૩૫ મુજબ પગલાં નહોતા લીધાં. (એજન્સી)■

### મોટાં શહેરોમાં

અનુસાર સીધી વાતચીત, સ્વચ્છતા એપ, માયગવ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મના માધ્યમથી ૪,૫૦૦ લોકોએ આ સર્વેમાં ભાગ લીધો હતો.

ચાર કેટેગરી-સુપર સ્વચ્છ લીગ સિટી, પાંચ વસતિની કેટેગરીમાં ટોચનાં ત્રણ શહેરો. સ્પેશ્યલ કેટેગરી-ગંગા નગર, કેન્ટોમેન્ટ બોર્ડ, સફાઈમિત્ર સુરક્ષા, મહાકુંભ તથા રાજ્ય કક્ષાના અવૉર્ડ અને રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશના આશાસ્પદ સ્વચ્છ શહેર એમ કુલ ૭૮ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ત્રણ લાખથી ૧૦ લાખની વસ્તીના સુપર સ્વચ્છ લીગની નવી કેટેગરીમાં નોઈડાને સૌથી સ્વચ્છ શહેરનું બહુમાન મળ્યું છે. ચંડીગઢને બીજું અને મ્હેસુરને ત્રીજું સ્થાન મળ્યું હતું. રાષ્ટ્રપ્રમુખ દ્રોપદી મુર્મૂએ અવૉર્ડ આપ્યા હતા. (એજન્સી)

### નીતીશકુમારની રેવડી

આવે. અહીં ઉલ્લેખનીય છે કે રાજ્યમાં સૌથી લાંબી મુદતથી મુખ્ય પ્રધાનપદે રહેલા નીતીશ લાંબા સમયથી 'એક દેશ, એક ટૅરિફ'ની વાત કરતા હતા. તેઓ કહેતા કે હાલના સંજોગોમાં ગ્રિડમાંથી ઊંચા દરે વીજળી મેળવે છે,

નીતીશ કુમારના હરીફ અને ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન તેજસ્વી યાદવે ૨૦૦ એકમ વીજળી મફત આપવાનું વચન આપ્યું છે. એને લીધે નીતીશને આ રેવડી આપવાની ફરજ પડી હતી. (એજન્સી)■

# ગુટકા-પાન મસાલાની હેરફેર કરનારાઓ સામે એમસીઓસીએ હેઠળ કાર્યવાહી કરવાની વિચારણા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં ગુટકા અને પાનમસાલાનું વેચાણ અને તેની હેરફેર કરનાર વિરુદ્ધ મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઑર્ગનાઈસ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ)દાખલ કરવા બાબતે સરકાર ગંભીર રીતે વિચાર કરી રહી છે અને તે બાબતે કાયદા અને ન્યાય વિભાગને પ્રસ્તાવ મોકલવામાં આવ્યો હોઈ બહુ જલદી તેમાં સુધારો કરવામાં આવવાનો છે.

હાલમાં જે કાયદો છે, તે ૨૦૧૨થી અમલમાં મૂકવામાં આવેલો છે, તેમાં હવે ફેરફાર કરીને બહુ જલદી ગુટકા બંધી યોજનાને અમલમાં મૂકવામાં આવવાની હોવાનું અન્ન અને ઔષધ પ્રશાસન પ્રધાન નરહરી ઝિરવાળે વિધાન પરિષદમાં જણાવ્યું હતું.

રાજ્યભરમાં અત્યાર જુદા જુદા સ્થળેથી ૪૫૦ કરોડ રૂપિયાનો માલ જપ્ત કરીને ૧૦,૦૦૦ કરતા વધુ ગુના દાખલ કરવામાં આવ્યા છે. રાજ્યમાં ખાસ કરીને બોર્ડર વિસ્તારમાં કેન્સરને આમંત્રણ આપતા પદાર્થનું સેવન વધી રહ્યું હોઈ બહુ જલદી આ કાયદો અમલમાં મૂકવા આવવાનો છે. મુંબઈમાં દહિસર, મુલુંડ, મલાડ જેવા વિસ્તારમાં તપાસ અધિકારી નીમીને સંબંધિત ગુટખા વેચાણ સંદર્ભમાં તપાસ કરીને દોષી સામે આકરી કાર્યવાહી કરવામાં આવવાની હોવાની માહિતી પણ નરહરી ઝિરવાળે આપી હતી. ■

# લોકલમાં ભીડની સમસ્યાઃ નોકરિયાતોના ટાઈમમાં ફેરફાર કરવાની વિચારણા

મુંબઈઃ મુંબઈની લાઈફ લાઈન ગણાતી લોકલ ટ્રેનોમાં ભીડની સમસ્યા દિવસે ને દિવસે વધી રહી છે. પશ્ચિમ, મધ્ય અને હાર્બર લાઇન પર મુસાફરોની સંખ્યા સતત વધી રહી છે. આ સમસ્યાના ઉકેલ માટે મહારાષ્ટ્ર સરકાર છેલ્લા ઘણા વખતથી સરકારી અને ખાનગી કંપનીઓને શિફ્ટ બદલવાની વિનંતી કરવાનો વિચાર કરી રહી છે. આ દિશામાં હવે સરકારે એક મહત્વનું પગલું ભર્યું છે. સરકારે પીક અવર્સ દરમિયાન ભીડ ઘટાડવા માટે ઉચ્ચ સ્તરીય ટાસ્ક ફોર્સની રચનાની જાહેરાત કરી છે. આ ટાસ્ક ફોર્સ ખાનગી કંપનીઓ સાથે વાત કરશે અને તેમને કર્મચારીઓને અલગ અલગ શિફ્ટમાં બોલાવવા માટે સમજાવશે.

રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે યોજના વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, ટાસ્ક ફોર્સમાં પરિવહન વિભાગ ભારતીય રેલવે અને મોટા કોર્પોરેટ ગૃહોના પ્રતિનિધિઓનો સમાવેશ થશે. આ ટાસ્ક ફોર્સ પરંપરાગત ૯ થી ૫ ની શિફ્ટને બદલે સવારે ૮ થી ૪ વાગ્યા સુધી અથવા સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધીની શિફ્ટ કરવા માટે કંપનીઓ સાથે વાતચીત કરશે.મુંબઈની લોકલ ટ્રેનોમાં દરરોજ લગભગ ૮૦ લાખ લોકો મુસાફરી કરે છે. ■

# થાણેમાં તળાવમાં તરવા ગયેલો યુવક તણાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે (પશ્ચિમ)માં વાગલે એસ્ટેટમાં તળાવમાં તરવા માટે ઉતરેલો યુવક તણાઈ જતા તેનું મૃત્યુ થયું હોવાનો બનાવ બન્યો હતો. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ વાગલે એસ્ટેટમાં રઘુનાથ નગર નજીક રાયલાદેવી તળાવ આવેલું છે, તેમાં બુધવારે આ યુવક તણાઈ ગયો હતો. બુધવારે સાંજે લગભગ ૬.૨૦ વાગ્યાની આસપાસ સ્થાનિક યુવક ગુરુરાજ પેદમકર તળાવમાં ઉતર્યો હતો પણ તેને તરતા આવતું ન હોવાને કારણે તળાવમાં રહેલા પાણીનો અંદાજો તે લગાવી શક્યો નહોતો અને પાણીમાં તણાઈ ગયો હતો. સ્થાનિક પોલીસને આ બનાવની જાણ થતા તેણે ફાયરબ્રિગેડ, ડિઝાસ્ટર કંટ્રોલને જાણ કરી હતી અને તેઓ તરત રેસ્ક્યુ ઓપરેશન માટે દોડી આવ્યા હતા. ભારે જહેમત બાદ તળાવમાંથી તેનો મૃતદેહ હાથ લાગ્યો હતો અને તેને પોસ્ટમાર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. ■

# બિલ બાકી હોવાને કારણે હિંગોલીમાં ડેમનો વીજ પુરવઠો કટ

છત્રપતિ સંભાજીનગરઃ મધ્ય મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લામાં ૧.૪૭ કરોડ રૂપિયાનું બિલ ચૂકવવાનું બાકી હોવાને કારણે સિદ્ધેશ્વર બંધનો વીજ પુરવઠો છેલ્લાં ૧૫ દિવસથી કાપી નાખવામાં આવ્યો છે, એમ એમએસઈડીસીએલના એક અધિકારીએ જણાવ્યું હતું.

પૂર્ણા નદી પર બનેલો આ બંધ હિંગોલીના ઔંધા નાગનાથ અને વાસમત તાલુકાઓ અને નાંદેડના કેટલાક ભાગોને સિંચાઈ કરે છે.

હાલમાં આ પ્રોજેક્ટમાં વીજળીનો પુરવઠો નથી. મહારાષ્ટ્ર રાજ્ય વીજળી વિતરણ કંપની (એમએસઈડીસીએલ) એ ડેમને બે કનેક્શન આપ્યા છે, પરંતુ સિંચાઈ વિભાગ અને સ્થાનિક નાગરિક સંસ્થા દ્વારા વીજળીના વપરાશના બિલ ચૂકવવામાં આવ્યા નથી. બે વર્ષમાં રૂ. ૧.૪૭ કરોડનું બિલ બાકી છે,' એમ અધિકારીએ જણાવ્યું હતું.

અનેક નોટિસો છતાં બિલ ચૂકવવામાં આવ્યા ન હતા, તેથી ૧૫ દિવસ પહેલા વીજ પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો. ■

# આઝાદી બાદ ગઢચિરોલીમાં પ્રથમ વખત સરકારી બસ દોડી

ગઢચિરોલીઃ એક સમયે નક્સલવાદી પ્રવૃત્તિના કેન્દ્ર ગણાતા મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના એક અંતરિયાળ ગામમાં આઝાદી પછી પ્રથમ વખત રાજ્ય સંચાલિત બસ સર્વિસ શરૂ થઈ હોવાનું પોલીસે જણાવ્યું હતું. બુધવારે પહેલી બસ મરકનાર ગામમાં દાખલ થતા ગામ રાજ્યના માર્ગ પરિવહન નેટવર્ક સાથે સંકળાયું હતું. સ્થાનિકોએ બસનું સ્વાગત કરી રાષ્ટ્રધ્વજ ફરકાવી ખુશાલી વ્યક્ત કરી હતી. આ બસ સર્વિસથી મરકનાર અને આસપાસના ગામોના વિદ્યાર્થીઓ સહિત લગભગ એક હજાર ૨૦૦ રહેવાસીઓને લાભ થશે એવી જાણકારી પોલીસે આપી હતી. એવો દાવો કરવામાં આવ્યો છે કે ગઢચિરોલી પોલીસના પ્રયાસોને પગલે આઝાદી પછી પ્રથમ વખત અંતરિયાળ મરકનાર ગામથી આહેરી સુધી બસ શરૂ કરવામાં આવી છે.

છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લામાં ૪૨૦.૯૫ કિલોમીટરના ૨૦ રસ્તા અને ૬૦ પુલનું નિર્માણ ગઢચિરોલી પોલીસની સુરક્ષા હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું હતું એવી માહિતી પણ પોલીસે આપી હતી. (પીટીઆઈ) ■






ગણેશોત્સવમાં હવે ડેકોરેશન શેનાથી કરીશું?

# મહારાષ્ટ્રમાં કૃત્રિમ ફૂલો પર પ્રતિબંધ મૂકવામાં આવશે

મુંબઈઃ 'મુંબઈ જેવા મહાનગરોમાં કૃત્રિમ ફૂલોનું ખાસ્સું પ્રમાણ જોવા મળે છે. પરિણામે કુદરતી ફૂલોનો વપરાશ ઘટે છે. રાજ્યમાં ફૂલ ઉછેર-બાગાયતી પ્રવૃત્તિને વેગ આપવા રાજ્ય સરકારે કૃત્રિમ ફૂલો પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. બાગાયત પ્રધાન ભરત ગોગાવલેએ બુધવારે વિધાનસભામાં જણાવ્યું હતું કે ફૂલો ઉગાડતા પ્રદેશોના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ફરિયાદ કરી હતી કે કૃત્રિમ ફૂલોને કારણે ફૂલો ઉગાડનારા લોકોને વિપરીત અસર થઈ રહી છે અને એટલે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ગોગાવલેએ એમ પણ જણાવ્યું હતું કે 'મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કૃત્રિમ ફૂલો પરના સૂચિત પ્રતિબંધને મંજૂરી આપી દીધી છે આ ફૂલો મોટે ભાગે અન્ય દેશોમાંથી આયાત કરવામાં આવે છે. ટૂંક સમયમાં આદેશ જારી કરવામાં આવશે.' સાતારામાં કોરેગાંવ વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા શિવસેનાના વિધાનસભ્ય મહેશ શિંદેએ ગયા અઠવાડિયે વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવતા કહ્યું હતું કે પશ્ચિમ મહારાષ્ટ્રના લગભગ ૨૦ ટકા ખેડૂતો ફૂલોના સંવર્ધન સાથે જોડાયેલા છે.

આ પ્રદેશમાં ફ્લોરિકલ્ચરનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૨,૫૦૦-૩,૦૦૦ કરોડનું છે. પરંતુ કૃત્રિમ ફૂલોના પ્રવેશથી તેમના વ્યવસાય પર ખરાબ અસર પડી છે. જંગી રોકાણ કરનારા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે કારણ કે તેઓ લોન ચૂકવવામાં અસમર્થ છે એમ શિંદેએ આઠમી જુલાઈએ વિધાનસભામાં જણાવ્યું હતું. ■

# અમેરિકન બાળકને દત્તક લેવાનો ભારતીયનો મૂળભૂત અધિકાર નથીઃ હાઈ કોર્ટ

મુંબઈઃ બાળકને સંભાળ અને સુરક્ષાની જરૂર ન હોય અથવા કાયદાકીય સમસ્યા ન હોય એ પરિસ્થિતિમાં કોઈ પણ ભારતીયને સંબંધી સહિત કોઈ પણ અમેરિકન નાગરિકત્વ ધરાવતા બાળકને દત્તક લેવાનો મૂળભૂત અધિકાર નથી, એમ બોમ્બે હાઈ કોર્ટે જણાવ્યું હતું.

ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ નીલા ગોખલેની ખંડપીઠે બુધવારે એક ભારતીય દંપતીની તેમના જન્મથી અમેરિકન નાગરિકત્વ ધરાવતા સંબંધીના પુત્રને દત્તક લેવાની અરજી નકારી કાઢી હતી.

હાઈ કોર્ટે જણાવ્યું હતું કે વર્તમાન કિસ્સામાં બાળક 'સંભાળ અને સુરક્ષાની જરૂરિયાતવાળા બાળક' અથવા જુવેનાઇલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ અને એડોપ્શન રેગ્યુલેશન્સની જોગવાઈઓ અનુસાર કાયદાકીય સમસ્યાની વ્યાખ્યામાં બેસતું નથી.

ખંડપીઠે દત્તક લેવાની મંજૂરી આપવા માટે તેના અસાધારણ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવાનો પણ ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે અમેરિકન બાળકને દત્તક લેવાનો અરજદારોનો કોઈ 'મૂળભૂત અધિકાર' નથી. હાઈ કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે 'દંપતીએ અમેરિકન કાયદા અને પ્રક્રિયા અનુસાર અમેરિકાથી બાળકને દત્તક લેવાની તમામ જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ જ તેઓ દત્તક લીધેલા વિદેશી બાળકને ભારત લાવવાના સંદર્ભમાં દત્તક લીધા પછીની પ્રક્રિયામાં આગળ વધી શકશે.' ■







# મુંબઈ-અમદાવાદ ફ્લાઈટ અને ઍરપોર્ટ પર બૉમ્બની ધમકી

થાણેઃ મુંબઈ-અમદાવાદ ફ્લાઈટ અને મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર બૉમ્બ બ્લાસ્ટની કથિત ચેતવણી આપતા ફોન કૉલ્સ નવી મુંબઈ પોલીસને આવતાં તપાસ હાથ ધરાઈ હતી. સઘન તપાસ છતાં કોઈ શંકાસ્પદ વસ્તુ હાથ ન લાગતાં નવી મુંબઈ પોલીસે કૉલ કરનારા શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

સીબીડી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બન્ને કૉલ્સ બુધવારે નવી મુંબઈના જૉઈન્ટ પોલીસ કમિશનરની ઑફિસમાં આવ્યા હતા. પહેલો કૉલ બપોરે બે વાગ્યે આવ્યો હતો, જેમાં ફોન કરનારા શખસે મુંબઈ-અમદાવાદ ફ્લાઈટમાં બૉમ્બ પ્લાન્ટ કરાયાની માહિતી આવી હતી. અડધા કલાક પછી બપોરે અઢી વાગ્યે આવેલા બીજા કૉલમાં શખસે સાંજે સાડાછ વાગ્યે મુંબઈના આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર ધડાકા થવાની ચેતવણી આપી હતી. બૉમ્બની માહિતીને પગલે પોલીસ અને બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડે (બીડીડીએસ) વિમાન અને ઍરપોર્ટ પર તપાસ કરી હતી. કલાકોની તપાસ પછી પણ વિસ્ફોટક કે શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. આ પ્રકરણે સીબીડી પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. તપાસ દરમિયાન પોલીસે જે નંબર પરથી કૉલ્સ આવ્યા હતા તેને ટ્રેસ કર્યો હતો. આ પ્રકરણે પોલીસ વધુ પૂછપરછ કરી રહી હોવાથી ગુરુવારની મોડી સાંજ સુધી કોઈની પણ ધરપકડ કરાઈ નહોતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■



પ્રેમાને બોલા, મરાઠી બોલા

# મહારાષ્ટ્રની રાખડીઓ પણ હવે 'મરાઠી'



થાણેઃ છેલ્લા કેટલાક દિવસોમાં હિંદીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત બનાવ્યા બાદ રાજકીય વાતાવરણમાં ઘણા ફેરફારો જોવા મળ્યા છે. બીજી તરફ ઠાકરે બંધુઓ મરાઠી ભાષાને બચાવવા માટે એકઠા થયા હતા, જેના કારણે રાજકીય ક્ષેત્રે ચર્ચાઓ શરૂ થઈ હતી. ઉપરાંત રાજ્યભરમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. આ માહોલમાં હવે બજારમાં મળતી રાખડીઓમાં પણ મરાઠીમાં સંદેશાઓ લખેલા જોવા મળી રહ્યા છે. થાણેના બજારમાં આ વર્ષે મરાઠી ભાષા વિશેના મેસેજ સાથે રાખડી જોવા મળે છે. 'પ્રેમાને બોલા મરાઠી બોલા', 'રૂજવુ મરાઠી, બોલૂ મરાઠી', 'મરાઠી ભાષા ગોડ', 'મી મરાઠી શિકણાર', 'આપણ મરાઠી શીખૂયા', 'જય મહારાષ્ટ્ર' જેવા સંદેશાઓ આ રાખડીઓ પર લખવામાં આવ્યા છે. આ રાખડીઓ અન્ય રાખડીઓની ખરીદી પર મફત આપવામાં આવી રહી છે. આ સાથે નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેના ફોટોવાળી રાખડીઓ પણ દર વર્ષની જેમ મફત આપવામાં આવશે. ■

મરાઠી ભાષાનો વિવાદ

# મનસે કાર્યકરો દ્વારા હવે વિક્રોલીમાં દુકાનદારની મારપીટ

મુંબઈઃ વિરારમાં દુકાનદારની મારપીટની ઘટના બાદ હવે વિક્રોલીમાં પણ મનસેના કાર્યકરોએ એક દુકાનદારને વોટ્સએપ પર વાંધાજનક સ્ટેટસ પોસ્ટ કરવા બદલ માર માર્યો હતો અને દુકાનદારને બજારમાંથી પણ કાઢી મૂકવામાં આવ્યો હતો.

વિક્રોલીનો આ વીડિયો હવે વાયરલ થયા બાદ તેની ટીકા થઈ રહી છે. દુકાનદાર મારવાડી સમુદાયનો હતો. મનસે કાર્યકરોએ આરોપ લગાવ્યો હતો કે દુકાનદારે વોટ્સએપ પર મરાઠી લોકો અને મહારાષ્ટ્રને લક્ષ્ય બનાવતા વાંધાજનક સ્ટેટસ પોસ્ટ કર્યું હતું. ગુરુ સવારે મનસે કાર્યકરોએ દુકાનદારની દુકાને જઈ વોટ્સએપ સ્ટેટસ વિશે પૂછ્યા બાદ તેને માર માર્યો હતો.

મનસેના પદાધિકારી વિશ્વજીત ઢોલમ એક દુકાનદારને માર મારતા અને તેને માફી માંગવા માટે દબાણ કરતા અને બજારમાંથી બહાર ફેંકી દેતા જોવા મળી રહ્યા છે. આ કેસમાં હજુ સુધી પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાઈ નથી. ■

શું મહારાષ્ટ્રમાં બાળકો સુરક્ષિત છે?

# ૬૦,૦૦૦ ગેરકાયદેસ સ્કૂલ વેન દોડી રહી છે

મુંબઈઃ મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે વિધાનસભામાં એક ચોંકાવનારા ખુલાસામાં જણાવ્યું હતું કે રાજ્યમાં લગભગ ૬૦ ટકા સ્કૂલ વેન અને બસ યોગ્ય પરમિટ કે સલામતી તપાસ વિના ગેરકાયદેસર રીતે ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં આશરે એક લાખ સ્કૂલ ટ્રાન્સપોર્ટ વાહનોમાંથી ૬૦,૦૦૦ અનધિકૃત છે, જેના કારણે વિદ્યાર્થીઓની સલામતી અંગે વ્યાપક ચિંતા ઉભી થઈ છે.

કાયદા મુજબ શાળાના વાહનોમાં માન્ય નોંધણી પ્રમાણપત્ર, ફિટનેસ પ્રમાણપત્ર, વીમો, પીયુસી, પ્રાથમિક સારવાર કીટ, અગ્નિશામક ઉપકરણ અને તાલીમ પામેલી મહિલા સહાયક હોવી આવશ્યક છે. જોકે, મોટાભાગની ગેરકાયદેસર વાન આ બધી આવશ્યકતાઓનું ઉલ્લંઘન કરે છે. એકલા મુંબઈમાં જ, આવી અનધિકૃત સ્કૂલ વાનની સંખ્યા ૧૫,૦૦૦ છે, જેની પર કોઈ વ્યવસ્થિત કાર્યવાહી થતી દેખાતી નથી. રાજ્યભરમાં ગયા વર્ષે ફક્ત ૭,૨૦૬ વાહનો પર કાર્યવાહી કરવામાં આવી હતી અને તેમને ૪.૯૨ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. સ્કૂલ બસ ઓનર્સ એસોસિએશન (એસવીઓએ)ના પ્રમુખ અનિલ ગર્ગે લાંબા સમયથી વચન આપેલ વ્યાપક સ્કૂલ ટ્રાન્સપોર્ટ નીતિ લાગુ કરવામાં નિષ્ફળ રહેવા બદલ સરકારની ટીકા કરી હતી. તેમણે ગંભીર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે ગેરકાયદેસર વાન સફેદ નંબર પ્લેટ સાથે ઘણીવાર ઓવરલોડેડ, મહિલા એટેન્ડન્ટ્સ વિના અને મૂળભૂત સલામતીનાં પગલાં વિના કેવી રીતે કાર્યરત રહે છે? પરમિટના ઉલ્લંઘન બદલ ઓલા અને ઉબેર પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ આપણા બાળકોને લઈ જતી સ્કૂલ વેન પર કેમ નથી કરવામાં આવતી ? શું આ માત્ર બેદરકારી છે કે સિસ્ટમ બીજી રીતે જોઈ રહી છે? એમ તેમણે પૂછ્યું. ■

છેલ્લા પાનાનું ચાલુ

## ખ્રિસ્તી ધર્મ

નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. જો તમે અનામત કેટેગરીમાં ચૂંટણી લડ્યા હોય તો ખોટા પ્રમાણપત્ર રજૂ કરી અથવા રૂપાંતરિત કરી આવી ચૂંટણી રદ કરવાની કાયદામાં જ જોગવાઈ છે. ચૂંટણી પણ રદ કરવામાં આવશે. આ પ્રકારની છેતરપિંડી રોકવા માટે બીજા પગલાં અંગે પણ વિચારણા કરવામાં આવશે એમ ફડણવીસે જણાવ્યું હતું. રાજ્યના પોલીસ મહાનિર્દેશકની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે. ફસાવીને અથવા બળજબરીથી ધર્માંતરણ સામે કડક કાયદા માટે ભલામણો કરવાનું તેમને કહેવામાં આવ્યું હતું. સમિતિએ તેનો અહેવાલ રાજ્ય સરકારને મોકલ્યો છે. રાજ્ય સરકાર અહેવાલનો અભ્યાસ કરશે અને જોગવાઈઓ તૈયાર કરશે.

## 'ઓફર'ના બીજે દિવસે

પરિવર્તનનો) કોઈ અવકાશ નથી. અમારી પાસે બીજા પક્ષમાં આવવાનો અવકાશ નથી. તમારી પાસે અહીં આવવાનો વિકલ્પ ઉપલબ્ધ છે અને તેના વિશે વિચારી શકાય છે. આપણે તેના વિશે અલગ રીતે વિચારી શકીએ છીએ,' એમ ફડણવીસે કહ્યું હતું.

દરમિયાન સૂત્રોએ એવો દાવો કર્યો હતો કે આ બેઠકમાં વિધાનસભામાં વિપક્ષી નેતાની નિયુક્તિ અને ત્રિ-ભાષા પદ્ધતિને રાજ્યમાં લાગુ કરવા સહિતના કેટલાક મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ઉદ્ધવ ઠાકરેએ રાજ્યની સ્કૂલોમાં પહેલા ધોરણથી ત્રિ-ભાષા પદ્ધતિ લાગુ કરવા સંબંધે વિવિધ પત્રકારો, તંત્રીઓ લખવામાં આવેલા લેખોનો સંગ્રહ મુખ્ય પ્રધાનને સુપ્રત કર્યો હતો.

આવી જ રીતે ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાનને એક પુસ્તક આપ્યું હતું જેનું મથાળું હતું કે 'હ્વાય ડુ વી નીડ હિન્દી?' આ પુસ્તકમાં મહારાષ્ટ્રના વિવિધ તંત્રીઓ દ્વારા લખવામાં આવેલા ત્રિ-ભાષા પદ્ધતિ સંબંધે લખેલા લેખોનો સંગ્રહ છે. તેમણે એમપણ કહ્યું હતું કે આ પુસ્તકની એક નકલ ત્રિ-ભાષા પદ્ધતિની સમીક્ષા કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત વિશેષ સમિતિના અધ્યક્ષ નરેન્દ્ર જાધવને પણ સોંપવામાં આવશે. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી પછી મુખ્ય પ્રધાનપદની વહેંચણીના વિવાદને કારણે ઠાકરેના નેતૃત્વમાં અવિભાજિત શિવસેના ભાજપથી અલગ થઈ ગઈ હતી.

## મહારાષ્ટ્રના ૭૫

શહેરોમાં ફેલાયેલું છે, જે આપણા રાજ્યના વહીવટની અખંડિતતા માટે જોખમી છે.

તાપસેએ કહ્યું કે ખાસ કરીને એ નોંધવું ચિંતાજનક છે કે ઉચ્ચ કક્ષાના સરકારી અધિકારીઓ અને રાજકારણીઓ આ અત્યાધુનિક ખંડણી યોજનાનો ભોગ બન્યા છે. 'આ આપણા રાજ્યમાં સરકાર સંભાળનારા લોકોની સુરક્ષા અને નબળાઈ અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે,' એમ તેમણે કહ્યું હતું.

'મહારાષ્ટ્રમાં હનીટ્રેપની ઘટનાઓનો આરોપ લગાવતા મીડિયા અહેવાલો પર સરકાર કેમ મૌન છે? આ વ્યાપક હનીટ્રેપ ઓપરેશનમાં અમલદારો અને રાજકારણીઓ સહિત આટલી મોટી સંખ્યામાં હાઈ પ્રોફાઇલ વ્યક્તિઓને કેવી રીતે નિશાન બનાવવામાં આવ્યા? ગુપ્તચર એજન્સીઓ વહેલી તકે શોધખોળ અથવા હસ્તક્ષેપ કરવામાં કેમ નિષ્ફળ ગઈ? ભવિષ્યમાં આવા ગુનાઓને રોકવા માટે કયા પગલા અમલમાં મૂકવામાં આવી રહ્યા છે?' એવા સવાલો તેમણે ઉપસ્થિત કર્યા હતા.

તાપસેએ કહ્યું હતું કે અહેવાલો સૂચવે છે કે આ રૅકેટ પાછળનો 'માસ્ટરમાઇન્ડ' નાસિકનો છે અને એક રાજકીય પક્ષનો ભૂતપૂર્વ પદાધિકારી છે.

'વ્યક્તિઓ દ્વારા પીડિત વ્યક્તિઓની તરીકે ઓળખાણ કરાવવી, ડિજિટલ અને વ્યક્તિગત વાતચીત દ્વારા વિશ્વાસ સંપાદન કરવો અને પછી ફોટો બળાત્કારના આરોપોની ધમકી આપીને બ્લેકમેલ કરવા માટે ગુપ્ત રીતે ફોટા અને વીડિયો રેકોર્ડ કરવા, આ મોડસ ઓપરેન્ડી એક ખૂબ જ સંગઠિત ગુનાહિત પ્રવૃત્તિ તરફ નિર્દેશ કરે છે,' એમ તેમણે કહ્યું હતું.

## નાશિકમાં

તાલુકાના અલગ અલગ ગામમાં રહેતા હતા. એમ અધિકારીએ કહ્યું હતું.

ડિંડોરી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે વણી-ડિંડોરી રોડ પર નર્સરી નજીક બુધવારે રાતના આ અકસ્માત થયો હતો. જાધવ, ગાંગુર્ડે અને વાઘમારે પરિવારના સભ્યો બુધવારે તેમના સંબંધીના પુત્રના જન્મદિવસની પાર્ટીમાં હાજરી આપવા કારમાં નાશિક ગયા હતા. ત્યાંથી રાતના તેઓ કારમાં ઘરે પાછા આવી રહ્યા હતા ત્યારે વણી-ડિંડોરી રોડ પર અચાનક કારનું આગળનું ટાયર ફાટતાં ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યો હતો અને કાર સામેથી આવી રહેલી મોટરસાઇકલ સાથે ટકરાયા બાદ ઊંધી વળીને રસ્તાને કિનારે નહેરમાં પડી હતી.

આ અકસ્માતમાં કારના આગળના ભાગને ખાસ્સું નુકસાન થયું હતું. કાર નહેરમાં પડ્યા બાદ તેમાં હાજર લોકો બહાર નીકળી શક્યા નહોતા અને મોઢા તથા નાકમાં પાણી ઘૂસી જવાથી તેમનાં મોત થયાં હતાં. દરમિયાન અકસ્માતની જાણ થતાં ડિંડોરી પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસ ત્યાં પહોંચી ત્યારે બંને વાહન નહેરમાં પડેલા નજરે પડ્યાં હતાં. કારમાંના સાત લોકોને બહાર કાઢવામાં આવ્યા બાદ તેમને હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. અકસ્માતમાં ઘાયલ થયેલા બંને મોટરસાઇકલસવારને નાશિકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોઇ તેમની ઓળખ મંગેશ યશવંત કુરઘડે (૨૫) અને અજય જગન્નાથ ગૌંડ (૧૮) તરીકે થઇ હતી. ડિંડોરી પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

## માતાના મંદિરે

સીસીટીવી કૅમેરા ન હોવાથી કારને ટ્રેસ કરવાનું પોલીસ માટે મુશ્કેલ હતું. પૂછપરછમાં પોલીસને કારનો અડધોપડધો નંબર અને દમણનું રજિસ્ટ્રેશન હોવાની માહિતી મળી હતી. આરટીઓમાંથી મળેલી જાણકારી પછી પોલીસની ટીમ વાપીના ચેલાડુંગર ફળિયામાં રહેતા ચેતન પટેલ (૩૮) સુધી પહોંચી હતી.

વાપીમાં કરિયાણાની બે દુકાન ધરાવતા પટેલની માતાનું ૧૪ જુલાઈ, ૨૦૦૪ના રોજ નિધન થયું હતું. આ પરિવાર સપ્તશૃંગી માતાનો ભક્ત હોવાથી ચેતન પટેલ મંદિરમાં દાનધરમ કરતો હોય છે, એમાંય માતાની પુણ્યતિથિએ તો પરિવાર સાથે મંદિરે જઈ દાનધરણ કરવાનો જાણે નિયમ બનાવી દીધો છે.

તપાસ બાદ પોલીસે ખાતરી કરી હતી કે બાળકોનું અપહરણ કરવા કાર ફરતી હોવાની વાત અફવા માત્ર હતી. પોલીસે ચેતનના ઘર, અડોશપડોશમાં અને વાપી પોલીસમાં તપાસ કરી હતી. ચેતન કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલો ન હોવાની ખાતરી થઈ હોવાનું કાસા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર અવિનાશ માંદળેએ જણાવ્યું હતું.

પાલઘર જિલ્લાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ યતીશ દેશમુખે નાગરિકોને અપીલ કરી હતી કે આ મેસેજ ખોટી રીતે વાયરલ કરવામાં આવ્યો હતો. કોઈ પણ મેસેજની ખાતરી કર્યા વિના તેને વાયરલ ન કરવાનું દેશમુખે જણાવ્યું હતું.

## પરેલ ટીટી

ગઈ છે. સાંધાઓ નબળા પડવાને કારણે ફ્લાયઓવર પર ખાસ કરીને ચોમાસામાં ખાડા પડવાનું જોખમ વધી જાય છે. તેથી પાલિકાએ પરેલ ટીટી પુલનું સમારકામ અને તેના સાંધાઓને મજબૂત કરવા માટે ૨૦૨૪માં ટેન્ડર પ્રક્રિયા ચાલુ કરી હતી. જોકે તે અગાઉ પાલિકાએ લોઅર પરેલનો ડિલાઈલ બ્રિજ ખુલ્લો મુકાય તેની રાહ જોઈ હતી. આ પુલ નવેમ્બર ૨૦૨૩માં ખુલ્લો મુકાયા બાદ પરેલ ટીટી માટે પાલિકા આગળ વધી હતી.

આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ લગભગ ૧૭ કરોડ રૂપિયા છે. આ કામમાં પાલિકા માળખાકીય સમારકામ અને બેરિંગ્સ બદલવાનું કામ કરશે. પ્રોજેક્ટમાં મુખ્ય કામ બ્રિજના એક્પાન્શન જોઈન્ટની સંખ્યા ૨૨થી ઘટાડીને ૧૦ કરવાની છે, જેનાથી વાહનચાલકોની સવારીની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા છે. ફ્લાયઓવર પર હાલ ડામરની સપાટી છે તેને કૉંક્રીટથી બદલવામાં આવવાની છે, જેનાથી ચોમાસા દરમ્યાન ખાડા પડવાની સમસ્યાથી રાહત મળશે.

પાલિકાના બ્રિજ ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતં કે સમારકામ માટે આખો ફ્લાયઓવર બંધ કરવો શક્ય નથી, તેનાથી મધ્ય મુંબઈમાં ટ્રાફિકની સમસ્યા વકરી જશે.

## 'તો મેં બિલ

રાજ્ય વિધાનસભામાં કડક જોગવાઈઓ સાથે ડાબેરી ઉગ્રવાદ સામેના મુખ્ય સુરક્ષા બિલને વિરોધ પક્ષના કોઈપણ વિરોધ વિના પસાર કરવા અંગે તેની વિધાનસભા શાખા પાસેથી ખુલાસો માગ્યો છે. રાજ્ય એકમના વડા હર્ષવર્ધન સપકાળે ગુરુવારે 'મુંબઈ સમાચાર'ને એવી માહિતી આપી હતી કે કોંગ્રેસ વિધાન મંડળ પક્ષ (સીએલપી)ના નેતા વિજય વડેટ્ટીવારને પત્ર લખીને એવો ખુલાસો માગવામાં આવ્યો છે કે કોંગ્રેસે પોતાનો વિરોધ નોંધાવ્યા વિના વિવાદાસ્પદ બિલ કેવી રીતે પસાર કરવાની મંજૂરી આપી હતી, જે અગાઉની બેઠકમાં નક્કી કરાયેલા વલણથી વિપરીત છે. સપકાળે પાર્ટી હાઇકમાન્ડના નિર્દેશો પર વડેટ્ટીવાર પાસેથી ખુલાસો માગ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે. પત્રકારો સાથે વાત કરતા, વડેટ્ટીવારે સ્વીકાર્યું હતું કે તેમને ખુલાસો આપવા માટે કહેવામાં આવ્યું છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમને ખબર નહોતી કે ખરડો દસમી જુલાઈએ વિધાનસભામાં પસાર થવા માટે લાવવામાં આવશે. તેમના જણાવ્યા મુજબ તેઓ તે દિવસે તેમના ગૃહ જિલ્લા ચંદ્રપુરમાં બેંકની ચૂંટણી માટે ગયા હતા, નહીં તો તેઓ બિલને 'ફાડી નાખત.'કેન્દ્રીય કોંગ્રેસ પક્ષના નેતાએ કહ્યું, 'મને ચર્ચામાં ભાગ લેનાર અને વિરોધ કરનાર પક્ષને જાણ કરવાનું કહેવામાં આવ્યું છે.'


## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૬. પરચુરણ

**આર્ટ સેન્ટર**
જૂની ઝરીની સાડી બોર્ડર, હાથના ઘડિયાળ, પેન, જૂનાં સિક્કા, નોટના બન્ડલ (1, 2, 5, 10, 20, 50, 100) લેનાર (90 ના હિન્દી ઓડિયો સીડી) ઓલ્ડ રેકોર્ડ હિન્દી એન્ડ ઇંગ્લિશ, એન્ટીક આઈટમ લેનાર. જુના સિલ્વર પૉલીસ 9920663443 - 7738935999. (૨૯૨)

### ૧૦. મહિલાઓ માટે

**ભવ્ય સેલ**
મહાવીરમાં ખરેખરનું 60% સુધીનું ભવ્ય સેલ. ક્રોકરી, સ્ટેનલેસ સ્ટીલ, નોનસ્ટિક વાસણો, હોમ એપ્લાઈન્સેસ બેડ એન્ડ બાથ, હાઉસ હોલ્ડ પ્લાસ્ટિક વેર ગીફ્ટ નોવેલ્ટીઝ તથા બીજી ઘણી બધી નવીનતમ વસ્તુઓ ગેરેન્ટી / વોરંટી સાથે ત્રણેય શોરૂમ પર બ્રાન્ડેડ પ્રોડક્ટસનું ભવ્ય સેલ. નજીક તથા લાંબે રહેનાર દરેક ભાઈ - બહેનોને શોરૂમ પર આવવા ભાવભર્યું આમંત્રણ. 1. મહાવીર હોમ સ્ટોર, માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટેશન રોડ સાન્તાક્રુઝ (વેસ્ટ) મુંબઈ-54 મોબાઇલ- અરવિંદભાઈ હરિયા-9967024390- સુમિતભાઈ - 7506752375, 2) મહાવીર હોમ સ્ટોર, કુકરેજા આર્કેડ, બાટા શોરૂમની સામે, ચેમ્બુર. મોબાઈલ- અશ્વિનભાઈ - 8850555026, 3) મહાવીર હોમ સ્ટોર અગાસી રોડ, વિઠ્ઠલમંદિરની સામે, વિરાર (વેસ્ટ) મોબાઈલ -વિશાલભાઈ- 9321066483. (ત્રણેય શોરૂમ ૩૬૫ દિવસ ખુલ્લા સમય સવારના ૧૦ થી રાત્રે ૯ સુધી.). (એસડીબી-૨૭૫૪)

**રિનોવેશન સ્ટોક**
**ક્લીયરન્સ સેલ સ્પેશિયલ ઓફર 40% થી 60% સુધી ડિસ્કાઉન્ટ વુમન્સ કાર્નિવલ સેલ ડિઝાઈનર સાડી, પૈઠણી, બનારસી, કાંજીવરમ, ચણિયાચોળી, સલવાર શૂટ - કુર્તી, ગાઉન, 6 અને 9 વારી સાડી. સંપર્ક ''પલ્લરી'' - દાદરકર બિલ્ડીંગ, ઈન્ડિયન બેન્કની સામે, એન. સી. કેલકર રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ જીપે - પેટીએમ દરેક કાર્ડ સ્વીકાર્ય. (૧૧૭-એ)**

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Per Couple Private Tour With Bfast and Dinner કેરળ 40000, આંદામાન 48000, લદ્દાખ 48000, સિક્કિમ 58000, થાઈલેન્ડ 44000, શ્રીલંકા 54000, સિંગાપોર 99000. Airfare Visa Extra Best Deals લોનાવાલા, સિલ્વાસા, દમણ, ગોવા અને અન્ય સ્થળો માટે પણ. Arrham Holiday 9769977466/ 9892534488/ 9326373672. (બી-૧૬૨૨૨)

### ૧૪. નોકરી ખાલી છે

**CAREER OPPORTUNITY**
For Retired / VRS / Teachers / Bankers. Flexible Time + Fix Income + PF + Allowance. Free Registration for Seminar at Dadar (Followed by Lunch) 9987171374. (JP-4506-F)

### ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
60 ફીટ રોડ, 2 BHK, રેડી કબ્જો, પાર્કિંગ સાથે ભાડેથી આપવાનો છે. 9820253026. (એસડીબીજી-૨૭૪૦)

**બોરીવલી (ઈસ્ટ)**
દત્તપાડા, 3 બેડરૂમ, 1050' ગુજરાતી સોસાયટીમાં વેચવાનો. 9820177738. (ઓનર). (૧૧૪-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા. 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**ચર્નીરોડ**
સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ. માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

**ઓફિસો/ગોદામો**
સેમ્યુઅલ સ્ટ્રીટ, કાઝીસૈયદ સ્ટ્રીટ, નરસીનાથા સ્ટ્રીટ, લેવા/વેચવા ઓનરશીપ/ભાડેથી. સંપર્ક મહેશ શાહ: 9820253026. (એસડીબીજી-૨૭૩૯)

**VIKHROLI (WEST)**
Prime Office Space for Sale at Indraprastha, LBS Marg, 1175 sqft (Carpet), 2nd Floor, 12 ft height Next to Big IT Park & Metro, 7 min walk from Railway Station Rs. 3.5 Cr. (negotiable) Cont: Vijay 9892045478. (Broker Welcome) (B-16275)

### ૩૨. જમીન-મિલકત

**જુના મકાનો**
ફોર્ટ/ફાઉન્ટન/કોલાબા/ગામદેવી/કાલબાદેવી/ઓપેરા હાઉસ/ મસ્જિદબંદરમાં ભાડુત સાથે/ વગર લેવા/ વેચવા મળો. મહેશ શાહ - 9820253026. (એસડીબીજી-૨૭૪૨)

**અંધેરી (ઈસ્ટ)**
બંગલો/ પ્લોટ/ રો હાઉસ/ ખાલી સોસાયટી બિલ્ડિંગ એરીયા - 500 - 1000 sq. mtr. જોઈએ છે. સંપર્ક: મહેશ શાહ - 9820253026. (એસડીબીજી-૨૭૪૧)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૫૯૯૨-એ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૮૪-એ)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વૉરન્ટી. - 8450941119. (બી-૧૬૨૬૨)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૨૬૯)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## હિન્દુ મરણ

**કપોળ**
ધોબેરાવાળા હાલ કાંદિવલી, ગં. સ્વ. ચંદ્રાબેન (ચંદ્રભાગાબેન) (ઉં. વ. ૧૦૪) તે સ્વ. ચંદુલાલ વીરજીભાઈ મહેતાના ધર્મપત્ની. કિશોરભાઈ તથા કીર્તિબેનના માતુશ્રી. ચિંતન તથા પૂર્વીના દાદી. વર્ષાબેનના સાસુ. બપડાવાળા સ્વ. તાપીદાસ હરજીવનદાસ મહેતાના દીકરી. તે ૧૬/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**
મૂળ ધૂડકોટ નિવાસી હાલ કાંદિવલી, ઓધવજી દેવજીભાઈ રાધુરીયા (ઠક્કર) (ઉં. વ. ૯૦) ૧૬/૭/૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ. વિજયાબેનના પતિ. ધર્મેન્દ્ર, રાજેશ, રિટા તથા પ્રિતીના પિતા. જયશ્રી, નયના, સ્વ. રાજેશભાઈ કાથરાણી તથા લલિતકુમાર સવજીયાનીના સસરા. પ્રિયા, સ્વ. મનીષ, સપના, કાજલ, પ્રિયેશના દાદા. રોહિત, સ્વાતિ, રિદ્ધિ, ધ્વનિના નાના. સાસરાપક્ષે સ્વ. દયાબેન ડાહ્યાલાલ ચંદારાણાના જમાઈ. પ્રાર્થનાસભા ૧૮/૭/૨૫ના ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, શંકરમંદિર પાસે, એસ વિ રોડ કાંદિવલી વેસ્ટ.

**વિસનગરા નાગર**
સ્વ. પ્રદીપભાઈ શિવશંકર પંચોલી (ઉં. વ. ૮૩) તે મૂળગામ વાલમ તપસ્વીનીબેનના પતિ. કરિશ્મા દુર્ગેશ વરદે, વિશાખા સ્મિત શાહ, સમીરા જુગલ ઘીયાના પિતા. અક્ષરા તથા સાત્વિકાના નાના. સ્વ. દેવશંકર પુરુષોત્તમરાય મહેતાના જમાઈ ૧૬/૭/૨૫ના હાટકેશશરણ પામેલ છે.

**ઝાલાવાડી સઈ સુથાર**
ગામ હળવદ હાલ બોરીવલી, સ્વ.પ્રવિણભાઈ છોટાલાલ ચૌહાણના ધર્મપત્ની જ્યોતિબેન (ઉં. વ. ૬૮) તા. ૧૬/૦૭/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ચિરાગ, દીપા મંગેશકુમારના માતુશ્રી. કિશોરભાઈ ચૌહાણ, ગં. સ્વ. મધુબેન, ગં.સ્વ. લતાબેન, ગં.સ્વ. જ્યોતિબેન, સ્વ.રીટાબેનના ભાભી. પીયરપક્ષે સ્વ. ભાનુબેન વિનોદરાય શાહના દિકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯/૦૭/૨૦૨૫ ૩ થી ૫. સ્થળ: સ્વામિનારાયણ મંદિર હોલ, અજમેરા સ્કૂલની સામે યોગીનગર, બોરીવલી વેસ્ટ.

**ઝાલાવાડી સઇ સુથાર જ્ઞાતિ**
મોજીદડ નિવાસી હાલ મલાડ, સ્વ. ભુપતરાય રતનશીભાઈ પાટડીયા (ઉં. વ. ૮૫) તે કંચનબેનના પતિ. સ્વ. મુકેશભાઈ, કિરીટ, અશ્વિનના પિતા. સ્વ. તૃપ્તિબેન, અમીબેન, રીટાબેનના સસરા. સ્વ. વાલજીભાઈ ધરમશીભાઈ પરમાર દેદાદરાવાળાના જમાઈ. સ્વ. જયાબેન શાંતિલાલ, સ્વ.હસુબેન રમણીકલાલ, ગં. સ્વ. ગુણીબેન જયંતીલાલ, રમાબેન મંગળદાસ, હરગોવિંદભાઈ, વસંતભાઈ અને સ્વ.કિશોરભાઈના ભાઈ. તા. ૧૫/૦૭/૨૫નાં શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૦૭-૨૫ના શુક્રવાર ૦૪:૦૦ થી ૦૬:૦૦. શાંતિપાર્ક હોલ, પોદાર રોડ, ગોળ ગાર્ડન પાસે, મલાડ ઈસ્ટ.

**કપોળ**
અમરેલીવાળા હાલ કાંદિવલી, ચંદ્રકાંત ગજેન્દ્રરાય દેસાઈ (ઉં. વ. ૮૯) તે શકુંતલાબેનના પતિ. હરેશ, રૂપા સતીશ દોશી, સંગીતા હિતર્ન કટકીયા, આરતી નિમિષ ગોરડીયા, પારૂલ નિમિષ ચિતલીયાના પિતા. હેતલના સસરા. સાસરાપક્ષે પાલીતાણાવાળા સ્વ. વિમળાબેન ચુનીલાલ અમૃતલાલ પારેખના જમાઈ. મોસાળપક્ષે મહુવાવાળા જયંતીલાલ તથા રણછોડભાઈ લવજીભાઈ પારેખના ભાણેજ. ૧૫/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**
જાદર નિવાસી હાલ અંધેરી, સ્વ. છોટાલાલ ત્રિભોવનદાસ જોષી અને સ્વ.સરસ્વતી જોષીના સુપુત્ર દિનેશ જોષી (ઉં. વ. ૬૫) તા. ૧૧.૦૭.૨૫ શુક્રવાર એકલિંગજીશરણ થયા છે. તે લતાબેનના પતિ. નિકેશના પિતા. બખ્તાવરના સસરા. ગં. સ્વ. કપિલાબેન શાંતિલાલ જોષી (વિજાપુર)ના જમાઈ. સ્વ. હરિપ્રસાદ, પ્રદ્યુમનભાઈ, સ્વ. બુધિપ્રસાદ, સ્વ. જશોદાબેન, ઈન્દુબેન, અરૂણાબેન, કૈલાશબેનના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૨૦.૦૭. ૨૫ને રવિવારે ૫ થી ૭. મનીષ નગર એસોસિએશન હોલ, લિયો ટેનિસ એકેડેમી પાસે, ૪ બંગલા અંધેરી વેસ્ટ. બન્ને પક્ષની સાદડી સાથે રાખેલ છે. સાડલા પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**
મૂળ કરાચી હાલ મુલુંડ, પુષ્પાબેન જોબનપુત્રા (ઉં.વ.૮૬) તે સ્વ. કાનજી ચત્રભુજ જોબનપુત્રાના ધર્મપત્ની. સ્વ.કમળાબેન દેવચંદ જોબનપુત્રાના દેરાણી. સ્વ. દયાલજી દામજી કોટેચાના સુપુત્રી. મનસુખલાલ, શારદાબેન અને અનુબેનના બેન. કંચનબેન કલ્યાણજી ચંદેના વેવાણ. દક્ષા ચંદ્રકાંત દાવડા, અજય આરતી જોબનપુત્રા અને ભાવના જયંત પારેખના માતુશ્રી. તા. ૧૬ જુલાઈ, ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રોહિદાસ વંશી સોરઠીયા**
ગામ દાઠા, ભાવનગર હાલ તાડવાડી મુંબઈ, સ્વ. રામુબેન અને સ્વ. બધાભાઈ બીજલભાઈ કટારીયાના પુત્ર વાલજીભાઈ (ઉં.વ.૭૦) તા.૧૨/૭/૨૫ના રામશરણ પામ્યા છે. તે ગંગાબેનના પતિ. સ્વ. મિતાબેન, મીનાબેન અને અમિતના પિતા. શામજીભાઈ, સ્વ. લવજીભાઈ, સ્વ. વસંતભાઈ, સ્વ. પ્રેમજીભાઈ, સ્વ. ટાભજીભાઈ, સ્વ. દેવુબેન, હીરાબેન અને રાજુબેનના ભાઈ. સરવૈયા પરિવારના જમાઈ. બાબરીયા પરિવારના ભાણેજ. તેમના બારમાની વિધિ તા. ૧૮/૭/૨૫ના સાંજે ૫-૦૦ કલાકે કૈલાસબાગ મંદિર પટાંગણ, મઝગામ, તાડવાડી, કૈલાસબાગ મંદિર માર્ગ, મુંબઈ-૧૦.

**હાલાઈ ભાટિયા**
વરવાળાગામ હાલ ઘાટકોપર, રેખા શૈલેષ કાપડિયા (ઉં. વ. ૬૧) તે ગં. સ્વ. પન્ના(લલિતા) પ્રતાપસિંહ કાપડિયાના પુત્રવધૂ. સ્વ. મીનાક્ષી માધવસિંહ (ઘીવાલા) વેદના સુપુત્રી. ચિ. કુનાલના માતુશ્રી. અ.સૌ. શિતલના સાસુ. ચિ. દિયાના દાદી. અ.સૌ. પન્ના-હરેશ, શૈલેન(બીના), અ. સૌ. કલ્પના-જીતેન અને જય(જુલી)ના બેન. તા. ૧૭ જુલાઈના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૯ જુલાઈ, શનિવારના ૪:૩૦ થી સાંજે ૬:૦૦. એસવીડીડી બેન્ક્વેટ હોલ, રાષ્ટ્રીયશાળા સ્કૂલ, હિંગવાલા લેન, ઘાટકોપર પૂર્વ.

**લુહાર સુથાર જ્ઞાતિ**
ગામ પાંચ તલાવડા હાલ મીરારોડ, અ. સૌ. માણેકબેન મકવાણા (ઉં. વ. ૮૦) તા. ૧૩/૭/૨૫ને રવિવારના શ્રીરામશરણ પામ્યા છે. તે જીવરાજભાઈ દયાળભાઈ મકવાણાના ધર્મપત્ની. સ્વ. રમેશભાઈ, નરેશભાઈ, ભરતભાઈ તથા સુરેશભાઈના માતુશ્રી. ગં. સ્વ. હંસાબેન, નીતાબેન, ચંદનબેન, રાજશ્રીબેનના સાસુ. મેહુલ, મમતા, હાર્દિક, દિપ્તી, મિલન તથા ફોરમના દાદીમા. વિસળીયાવાળા, સ્વ. નથુભાઈ જેઠાભાઈ ચિત્રોડાના દિકરી. પ્રાર્થનાસભા તા. ૧૮/૭/૨૫ને શુક્રવાર ૪ થી ૬. સમાજ મંદિર હોલ, ન્યૂ નર્મદા ટાવરની સામે, કે.એસ. સ્કૂલની પાસે, સાંઈબાબા નગર, મીરારોડ ઈસ્ટ.

**કપોળ**
જાફરાબાદના હાલ ઘાટકોપર, અરવિંદ જેઠાલાલ ગોરડિયાના ધર્મપત્ની ચિ. આશા (ઉં. વ. ૭૭) તા. ૧૬.૭.૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે જેકોરબેન શામળદાસ ભુતાના પુત્રી. ફાલ્ગુની, ભામિની, રાધિકા તથા ગોપાલની માતા. ધર્મેષ, અમિશ, દિપેશ પૂજાના સાસુ. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**
લુણકીવાળા હાલ કાંદિવલી સ્વ. હંસાબેન હસમુખરાય શેઠ (ઉં. વ. ૭૨) તે જયકુમાર અને પાયલ શેઠ તથા મેઘના અને ચેતન ગાંધીના માતુશ્રી. સ્વ. અમરચંદભાઇ સ્વ. બાલુભાઇ, સ્વ. પ્રભુદાસભાઇ, સ્વ. દામોદરભાઇ, રમણીકભાઇ, સ્વ. ભાગીરથીબેન, કાંતાબેન, સ્વ. વિમળાબેન, સ્વ. અરુણાબેન, કંચનબેનનાં ભાભી. નવીનભાઇ, સ્વ. શશીકાંતભાઇ, જીતેન્દ્રભાઇ, સ્વ. જયંતભાઇ, નિર્મળાબેન, મંજુલાબેન, કિરણબેનનાં બહેન. મહેજ, દ્રિતા, ઇશાનનાં મોટીબા. સ્વ. વસંતભાઇ ધારશીભાઇ ગાંધી, મહેન્દ્રભાઇ દામોદરદાસ મુજયાસરાના વેવાણ તા. ૧૬-૭-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૮-૭-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, એસ. વી.રોડ, શેઠ બ્રધર્સની બાજુમાં, કાંદીવલી (વેસ્ટ).

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**
ગામ તેરા કચ્છ હાલે વસઇના ગં. સ્વ. નલિનીબે (ચંચળબેન) નાકર (ઉં. વ. ૮૭)નું અવસાન તા. ૧૫-૭-૨૫ના થયેલ છે. તે સ્વ. પ્રેમાબેન જેઠાલાલ આણંદજી નાકરના પુત્રવધૂ. તે સ્વ. નરભેરામ નાકરના ધર્મપત્ની. સ્વ. જેઠાલાલ માવજી ભટ્ટ (ગોધરા), સ્વ. વાલજી હિરજી કેશવાણી (નલિયા)ના સુપુત્રી. તે સ્વ. લતા કનૈયાલાલ ગોર, અતુલ, સ્વ. સુધીર તથા ભાવેશના માતુશ્રી. મિનાક્ષીબેન તથા વંદનાબેનના સાસુમા. પૂજા, રાજ, કુંજના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૭-૨૫ શુક્રવારના સાંજે ૪થી ૬. ઠે. વિશ્વકર્મા હોલ, વીર સાવરકર નગર, વસઇ રોડ (પશ્ચિમ).

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**
ધોરાજી હાલ બોરીવલી સ્વ. અમૃતલાલ વનેચંદ પટવાની ધર્મપત્ની તારાબેન પટવા (ઉં. વ. ૮૮) તે રશ્મિન અમૃતલાલ પટવા તથા હિના (ડોલર) વિનોદકુમાર વોરાના માતુશ્રી. પલ્લવી રશ્મિન પટવાના સાસુ. પિયરપક્ષે વંથળી નિવાસી કુરજી ગોવિંદજી વોરાના પુત્રી. તે ફોરમ મિહિર દોશી, રાજવી, યશના દાદી. ખ્યાતિ, નેમિષ, વિધીના નાની. મંગળવાર તા. ૧૫-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા સાથે માતૃવંદના શનિવાર, તા. ૧૯-૭-૨૫ સવારના ૧૦થી ૧૨. ઠે. વર્ધમાન સ્થાનકવાસી હોલ, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ).

**રોહિદાસ વંશી સોરઠીયા**
ગામ-મોટા ખોખરા હાલ મુંબઇ નાનુભાઇ કુકાભાઇ પરમારના પત્ની મણીબેન પરમાર તા. ૧૨-૭-૨૫ના દેવલોક પામ્યા છે. તે નવસારીના મુળીબેન તથા ખોડાભાઇ ચાવડાના પુત્રી. ભરતભાઇ, મીનાબેન ગલચર, દિપીકાબેન ચાવડા, નીતાબેન ગલચર, નીલાબેન ગુપ્તા, પ્રિતીબેન પટિયાલાના માતા. ગીતાબેનના સાસુ. પ્રાર્થનાસભા-ઉત્તરક્રિયાની વિધિ તા. ૧૯-૭-૨૫ના શનિવારના ૧૧.૩૦ કલાકે, મહાજન વાડી, વી. એલ.એન. સ્કૂલ હોલ, ચિંચપોકલી, મુંબઇ-૧૨.

## પારસી મરણ

**વલસાડ**
બહેરામ પેસ્તનજી જમાદાર (ઉં. વ. ૯૩) વલસાડ ખાતે તા. ૭-૭-૨૫ના રોજ ગુજરી ગયા છે. તે ફ્રેની અને નરગીસના પતિ. તે મરહુમો ગુલબાઇ અને મરહુમો પેસ્તનજી જીવનજી જમાદારના દીકરા. તે મરહુમો પિરોજા અને મરહુમો રતનશા બમનજી દિકસલવાળાના જમાઇ. તે અમી અને મરહુમ હોમી પારડીવાલા, ઝરીન અને મરહુમ બહેરામ ઇરાનીના બ્રધર-ઇન-લૉ. તે મરહુમ નવલ, મરહુમ કેરસી, મરહુમ ફૂમી, મરહુમ લવજી અને જીમીના ભાઇ.

શીરીન જાલ ભરૂચા તે મરહુમ જાલના ધનિયાની. તે મરહુમો મેહરબઇ રતનશા સીગનપોરીયાના દીકરી. તે દીનયાર, દીનાઝ, અસપીના માતાજી. તે સરોશ, નરગીશ દીનયાર ભરૂચા, નરગીશ અસ્પી ભરૂચાના સાસુજી. તે મરહુમો ફલી, શાપુર ને ખુરશેદના ભાઇ. તે પરીનાઝ ને એરવદ કૈયઝાદના મામીજી. (ઉં. વ. ૯૦) રે. ઠે. મુનસીફ બિલ્ડિંગ, જ-૧૧, બીજે માળે, કેપ્ટન કોલોની, તારદેવ રોડ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૭-૨૫ ને દિને બપોરે ૩.૪૦ વાગે બાટલીવાળા અગિયારીમાં છેજી.

આલુબેન નાદરશા ડોકતર તે મરહુમ નાદરશાના ધનિયાની. તે મરહુમો માનેકબઇ નવરોજી પટેલના દીકરી. તે ઓસ્તી શેરનાઝ ને ફરીદાના માતાજી. તે એરવદ ઝુબીન ને પરવેઝના સાસુજી. તે મીનુ તથા મરહુમો ખોરશેદ, નરગીસ, નાજુ, ધન ને પીરોજશાના બહેન. તે એરવદ ફરશીદ ને ઓસતા કૈનોશ નાના બપઇજી. (ઉં. વ. ૭૬) રે. ઠે. પરસીવદ સિંગાપોર, સુરત, ગુજરાત-૩૯૫૦૦૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૭-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે મઝગાવ પટેલ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
નવાગામ બડેલી હાલ કાંદિવલી સ્વ. નેમકુંવરબેન રમણીકલાલ મોતીચંદ શાહના પુત્ર ખાંતિલાલના ધર્મપત્ની શારદાબેન (ઉં.વ. ૭૨) તા. ૧૨-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રિયેશ, પાયલના માતુશ્રી. અંકિતા તથા સચિનકુમારના સાસુ. દિવિતના દાદી. અરુણાબેન રજનીકાંત, વર્ષાબેન પ્રદીપભાઈ, હર્ષાબેન દીલિપભાઈ, ઈલાબેન રાજેન્દ્રભાઈ, બીનાબેન ભરતભાઈના ભાભી. પિયર પક્ષે પચ્છેગામ નિવાસી હાલ કાંદિવલી સ્વ. લીલાવંતીબેન જગજીવનદાસ અમીચંદ વોરાની દીકરી. તા. ૨૦-૭-૨૫, રવિવારના ૧૦થી ૧૨ માતૃવંદના રાખેલ છે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી હોલ, પારેખ લેન, એસ.વી. રોડ, કાંદિવલી (વે).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
મહુવા નિવાસી હાલ ગોરેગામ, સ્વ. વલ્લભદાસ ફુલચંદ મહેતાના સુપુત્ર મહેન્દ્રભાઈ (મનુભાઈ) (ઉં. વ. ૮૨) તા. ૧૬-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વર્ષાબેનના પતિ. કુણાલ - હાર્દિકના પપ્પા. સ્વ. શશીકાંતભાઈ, ભૂપેન્દ્રભાઈ, દિનેશભાઈ, સ્વ. વસંતબેન મનસુખલાલ, સ્વ. મુક્તાબેન વલ્લભદાસ, સ્વ. નીમુબેન સકળચંદ્ર, ભારતીબેન જયસુખલાલ, સ્વ. શારદાબેન મફતલાલ, સ્વ. તરૂબેન વિનોદરાય, સ્વ. ભાનુબેન સુર્યકાંત, ઉષાબેનના ભાઈ. શ્વસુરાપક્ષે ધોળાસણ નિવાસી મંગળદાસ ચુનીલાલ શાહના જમાઈ. લૌકીક વ્યવહાર બંધ છે. ૭૦૨, શાંતિનિકેતન, શ્રીનગર કોલોની, સીટી સેન્ટરની ગલીમાં, એસવી રોડ, ગોરેગાંવ પશ્ચિમ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
દિહોટ નિવાસી હાલ બોરીવલી, શાહ ધીરજલાલ છગનલાલના ધર્મપત્ની, અ. સૌ. ભદ્રાબેન (ઉં. વ. ૮૦) ૧૪/૭/૨૫ના પાલીતાણા અરિહંતશરણ પામેલ છે. તે મૂળચંદભાઈ, વિનયચંદભાઈના ભાઈના પત્ની. સ્વ. મુકેશભાઈ, ધનેશભાઈ, પરેશભાઈ, નિલેશભાઈ, દિનેશભાઇ, સોનલના માતુશ્રી. ઈલા, કોમલ, છાયા, વૈશાલી, પીનલ તથા હિતેશકુમારના સાસુ. પિયરપક્ષે સ્વ. હઠીચંદ ગોરધનદાસ શાહ જસપરાવાળાના દીકરી. શત્રુંજય ભાવયાત્રા ૧૯/૭/૨૫ના ૯.૩૦ થી ૧૧.૩૦. ગીતાંજલી જૈન સંઘ ઉપાશ્રય, દેરાસર લેન, હરિદાસ નગર, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
ઘોઘા નિવાસી હાલ અંધેરી, ગં. સ્વ. વિમળાબેન ખાંતિલાલ શાહના સુપુત્ર મુકેશભાઈ (ઉં. વ.૬૩) તા. ૧૫.૦૭.૨૫ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રીનાબેનના પતિ. નૈનેશભાઈ અને જાગૃતિ અંબરીશ મહેતાના ભાઈ. સ્વ. રીટાબેન અને કાશ્મીરાબેનના દિયર. દિનિકા અને યશના પિતા. મનીષ ધનવાનીના સસરા. સુરેન્દ્રભાઈ શ્રોફના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૯/૦૭/૨૫ના શનિવારે ૩.૦૦ થી ૪.૩૦. મહેશ્વરી ભવન, ૪ થા માળે, ઓશિવરા, અંધેરી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
રાયણ (મોટી)ના ચંચલબેન નાનજી સાવલા (ઉં. વ. ૮૨) તા. ૧૬/૭/૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઇ કાનજી સાવલાના પુત્રવધૂ. નાનજીના પત્ની. જયંત, રેખા, પરેશના માતુશ્રી. મઠાંબાઇ લાલજીના પુત્રી. ભવાનજી (મંગલ), લાયજા હેમકુંવર નાનજી, બાડા જવેરબેન ઉમરશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પરેશ નાનજી સાવલા, એ-૨૦૩, શીવ ઓમ શક્તિ, શીવમંદિર રોડ, ડોંબિવલી (ઇસ્ટ).

વાંઢના માતુશ્રી દિવાળીબેન લખમશી ગાલા (ઉં. વ. ૮૨) ૧૬-૭-૨૫ના અવસાન પામેલ છે. ભાગઇબાઇ કાનજી ગાલાના પુત્રવધૂ. લખમશીના પત્ની. મંજુલા, ખુશાલ, કલ્પનાના માતાજી. પૂનડીના ધનબાઇ રામજી રવજી છેડાના સુપુત્રી. કસ્તુરબેન સુરજી, સુંદરબેન વસનજી, અમૃત, હરખચંદ, ચંદનબેન હસમુખના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : મણીલાલભાઇ સાવલા, કે-૨૦૩, નવનીત નગર, દેશલેપાડા, ડોમ્બીવલી (ઇસ્ટ).

**પાટણ વિશા શ્રીમાળી જૈન**
તા. ૧૭-૭-૨૫ના મહેન્દ્રભાઇ હીરાલાલ શાહ (ઉં. વ. ૮૯) ખેતરવશી શામળાજીની શેરી. તે સ્વ. મેહુલભાઇ, કેતનભાઇ, સ્વ. નીખીલભાઇના પિતાશ્રી. અર્ચનાબેન તથા મનીષાબેનના સસરા. ફોરમ રીકીનકુમાર, ખ્યાતિ હર્ષકુમાર, શ્વેતા સમીપકુમાર, હર્ષિલ આસ્મીનના દાદા. સ્વ. લલિતાબેન જયંતીલાલના જમાઇ. તે સ્વ. સુભદ્રાબેન, સ્વ. નિમુબેન, સ્વ. ભગવતીબેન, સ્વ. હંસાબેન, સ્વ. પ્રેમીલાબેન, સુરેખાબેનના ભાઇ. મુંબઇ મુકામે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**
બગસરા નિવાસી હાલ હૈદ્રાબાદ સ્વ. બાબુલાલ અનોપચંદ વોરાના સુપુત્ર સ્વ. વિજયના ધર્મપત્ની ચંદ્રીકાબેન તા. ૧૭-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. રાજવીર, ચી. ખ્યાતીના માતુશ્રી. નિશા તથા જીગરના સાસુ. સ્વ.દીલીપભાઇ, વિમલ, રેખાબેન રમેશકુમાર, રેણુકાબેન ખુશાલદાસ, વર્ષાબેન રાજેશકુમારના ભાઇની પત્ની. પીયર પક્ષે ચંપકલાલ ધીરજલાલ ધ્રૂવ ચીતલવાળાની દીકરી. લૌકિક વ્યવહાર રાખેલ નથી, પ્રાર્થનાસભા તા. ૧૯-૭-૨૫ના શનિવાર ૧૦-૩૦ વાગે, હૈદ્રાબાદ મુકામે રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
લીંબડી નિવાસી હાલ માટુંગા સ્વ. રંજનબેન રસિકલાલ પાનાચંદ શેઠના સુપુત્ર રાજેન્દ્રભાઇ શેઠ (ઉં. વ.૬૮) તે નિલેશભાઇ અને મીનાબેનના ભાઇ. સેજલબેનના જેઠ. ગૌરવ, ઋષભ, રૂચી, જીનલના અંકલ. હસમુખભાઇ ભૂપેન્દ્રભાઇ, હરેશભાઇ, નિર્મળાબેન, જયાબેન, જયોત્સનાબેન અને કોકિલાબેનના ભત્રીજા. ભૂપેન્દ્રભાઇ, બીપીનભાઇ અને સરોજબેનના ભાણેજ. મંગળવાર, તા. ૧૫-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**
રાજકોટ નિવાસી હાલ અંધેરી સ્વ. ઇંદિરાબેન કનૈયાલાલ અમીચંદ ભીમાણીના પુત્ર ભરતભાઇ (ઉં. વ. ૭૩) તા. ૧૫-૭-૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. ચંદ્રિકાબેન કિસનભાઇ કોઠારી, સ્વ. હર્ષદભાઇ, સ્વ. અશોકભાઇ તથા રાજેન્દ્રભાઇના ભાઇ. દક્ષાબેનના દિયર. શોભનાબેનના જેઠ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**મરણ ખબર માટીની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ગુજરાતમાં આગામી સાત દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાલ વરસાદનું જોર એકદમ ઘટી ગયું છે. હવામાન વિભાગે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આગામી સાત દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી હતી. ૨૧મી જુલાઈ સુધી અનેક વિસ્તારોમાં ગાજવીજની પણ આગાહી કરી હતી. ઉપરાંત અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી હતી.


સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, રાજ્યમાં સાંજે ૬ વાગ્યા સુધીના ૧૨ કલાકમાં છ તાલુકામાં જ વરસાદ વરસ્યો હતો. મોરવા (હડફ)માં ૦.૭૧ ઇંચ, સંજેલીમાં ૦.૬૭ ઇંચ, સાગબારામાં ૦.૨૪ ઈંચ, ઝાલોદમાં ૦.૨ ઇંચ, લીમખેડામાં ૦.૦૪ ઇંચ અને જલાલપોરમાં ૦.૦૪ ઇંચ વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ સરેરાશ ૫૧.૧૩ ટકા વરસાદ વરસી ચુક્યો છે. કચ્છમાં સૌથી વધુ ૫૮.૪૬ ટકા વરસાદ નોંધાયો છે. ■

# ગુજરાત કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ તરીકે અમિત ચાવડાની નિયુક્તિ, તુષાર ચૌધરી વિરોધ પક્ષના નેતા બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત કૉંગ્રેસની કમાન અમિત ચાવડાને સોંપવામાં આવી હતી. તેની સાથે ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે ડો. તુષાર ચૌધરીને જવાબદારી સોંપવામાં આવી હતી. તાજેતરમાં જ ગુજરાત વિધાનસભાની બે બેઠકો પરની પેટાચૂંટણીના પરિણામ બાદ હારની નૈતિક જવાબદારી સ્વીકારી કૉંગ્રેસના પ્રમુખ તરીકે શક્તિસિંહ ગોહિલે રાજીનામું આપી દીધું હતું.

કૉંગ્રેસ અધ્યક્ષ દ્વારા ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિમાં તાત્કાલિક અસરથી મોટા ફેરફારોની જાહેરાત કરવામાં આવી હતી. કૉંગ્રેસ પાર્ટી દ્વારા આંકલાવના ધારાસભ્ય અને પૂર્વ પ્રદેશ પ્રમુખ રહી ચુકેલા અમિત ચાવડાની ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ડો. તુષાર ચૌધરીને ગુજરાતમાં કૉંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા તરીકે તાત્કાલિક અસરથી નિયુક્ત કરવાની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી હતી. અમિત ચાવડા આણંદ જિલ્લામાંથી પાંચ વખત ધારાસભ્ય રહ્યા છે. પ્રથમ વખત વર્ષ ૨૦૦૪માં બોરસદ બેઠક પરથી ચૂંટણી જીત્યા હતાં, ત્યારબાદ તે બેઠક પરથી જ વર્ષ ૨૦૦૭માં ચૂંટણી જીત્યા હતા. વર્ષ ૨૦૧૨થી આંકલાવ બેઠક પરથી તેઓ ચૂંટણી જીતતા આવ્યા છે અને વર્તમાનમાં તેઓ આંકલાવ બેઠક પરથી કૉંગ્રેસના ધારાસભ્ય છે. વર્ષ ૨૦૨૨માં થયેલી ચૂંટણીમાં તેમણે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ગુલાબસિંહ પઢીયારને હરાવ્યા હતા. તેઓ વર્ષ ૨૦૧૮થી ૨૦૨૧ સુધી ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ પણ રહી ચુક્યા છે. ■




# ગુજરાતના ₹ ૨,૦૫૦ કરોડના સૌથી મોટા સાયબર ફ્રોડમાં ઈડીની એન્ટ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના સૌથી મોટા ૨૦૫૦ કરોડના સાયબર ફ્રોડ અને ફોરેક્સ ટ્રેડિંગના આંતરરાષ્ટ્રીય રેકેટમાં ઈડીએ ઝંપલાવ્યું હતું. ઈડીએ આ મામલે ફરિયાદ દાખલ કરીને તપાસ શરૂ કરી હતી. ઈડી દ્વારા આ રેકેટમાં ઉપયોગમાં લેવામાં આવેલા ૧૬૪ એકાઉન્ટ્સની તપાસ શરૂ કરવામાં આવી હતી. હવાલાના પૈસાનો કઈ રીતે ઉપયોગ થતો હતો તેની તપાસ ઈડીની પ્રાથમિકતા છે. પોલીસે અત્યાર સુધીમાં એકત્ર કરેલા તમામ પુરાવા, ડોક્યુમેન્ટ્સ ઈડીને સોંપ્યા બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી.

આ રેકેટનું આંતરરાષ્ટ્રીય કનેકશન સામે આવ્યું હતું. આરોપીઓ અલગ-અલગ બેંકોમાં કરંટ એકાઉન્ટ ખોલીને ક્રિપ્ટોકરન્સી અને સાયબર ફ્રોડના ટ્રાન્ઝેક્શન કરતા હતા. આ કૌભાંડનો પર્દાફાશ સૌપ્રથમ સુરતની ઉધના પોલીસે સાયબર ફ્રોડની ફરિયાદ દાખલ કરીને કર્યો હતો. સાયબર ફ્રોડની તપાસ દરમિયાન જ પોલીસને જાણવા મળ્યું હતું કે એક આરોપી ગેરકાયદેસર ફોરેક્સ ટ્રેડિંગનું રેકેટ પણ ચલાવે છે. ઈડી હવે માત્ર સાયબર ફ્રોડ જ નહીં, પરંતુ ફોરેક્સ ટ્રેડિંગના કૌભાંડમાં પણ થયેલા મની લોન્ડરિંગની તપાસ શરૂ કરી હતી.

આરોપીઓ અજાણ્યા લોકો પાસેથી બેંક ખાતાઓ મેળવતા હતા. દરેક ખાતા માટે તેઓ એક લાખથી સાત લાખ સુધીનું કમિશન આપતા હતા, જે ખાતાની ટ્રાન્ઝેક્શન મર્યાદા પર આધારિત હતું. આ મેળવેલા બેંક ખાતાઓનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય ઠગબાજો દ્વારા સાયબર ક્રાઈમમાંથી મળેલા ભંડોળને ટ્રાન્સફર કરવા માટે થતો હતો. ઉધના પોલીસે આવા ૧૬૪ બેંક ખાતાઓ સીઝ કર્યા હતા. ઈડીએ તપાસ હાથ ધરતાં આગામી દિવસોમાં અનેક ઘટસ્ફોટ થઈ શકે છે. ■

# અમદાવાદમાં ટ્રાફિક નિયમના ભંગ સામે હાઈ કોર્ટની લાલ આંખઃ રોંગ સાઈડમાં આવતાં વાહનો જપ્ત કરો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ટ્રાફિક નિયમોના ભંગ અને ખાસ કરીને રોંગ સાઈડ ડ્રાઈવિંગના વધતા કેસોને લઈને ગુજરાત હાઈ કોર્ટે અમદાવાદ ટ્રાફિક પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્રની ઝાટકણી કાઢી હતી. હાઈ કોર્ટે ટ્રાફિક નિયમોના અમલીકરણમાં ઢીલાશ દર્શાવવા બદલ નારાજગી વ્યક્ત કરી હતી અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, માત્ર વાયદાઓ નહીં, પરિણામો જોઈએ. કોર્ટે ટ્રાફિક વિભાગને એક સપ્તાહ સુધી કડક કાર્યવાહી કરવા અને દર બુધવારે કામગીરીના અહેવાલની સમીક્ષા રજૂ કરવા આદેશ આપ્યો હતો.

સરકારી વકીલે કોર્ટમાં રજૂઆત કરતા કહ્યું કે, અમદાવાદ પોલીસ સતત ખડેપગે રહીને કામ કરી રહી છે. જ્યારે પ્લેન ક્રેશ થયું ત્યારે મોટા ભાગની પોલીસ કાર્યરત હતી. પોલીસે આ દરમિયાન ૨૪ કલાક રાઉન્ડ ધી ક્લોક કામ કર્યું, ત્યારબાદ રથયાત્રા આવી તેમાં પણ સતત ધ્યાન રાખી સફળતાપૂર્ણ તેને પૂર્ણ કરી. આટલું કામ હોવા છતાં પોલીસ સતત કામ કરી રહી છે. જેના પર કોર્ટે કહ્યું કે, અમને પોલીસની કામગીરી પર શંકા નથી પરંતુ કાયદાનું અમલીકરણ નથી થઈ રહ્યું એ વાસ્તવિકતા છે. લોકો જાણે નિઃસહાય થઈ ગયા હોય તેમ લાગી રહ્યું છે, અધિકારીઓ અને પોલીસને માત્ર એસજી હાઈ વે અને સીજી રોડ જ દેખાય છે. કોર્ટે કહ્યું હતું કે પીક અવર્સમાં લોકો ટ્રાફિકથી બચવા શોર્ટ કર્ટ માટે રોંગ સાઇડ આવે છે, એટલે ભારે વાહનો માટે પીક અવર્સમાં પ્રતિબંધનો કડક પાલન કરાવો. શહેરમાં રોંગ સાઇડ ડ્રાઇવિંગ બંધ થાય તે માટે તંત્રએ ટાયર કિલર લગાવ્યા હતા, તેમ છતા પરિસ્થિતિ જેમની તેમ છે. જો કાયદાનું અમલીકરણ કડક નહીં હોય તો તમને કોઈ ગાંઠશે નહીં. એફઆઈઆર નોંધવાથી કશું નહીં થાય, રોંગ સાઇડ આવતાં વાહનો જપ્ત કરવા જોઈએ. ■

# સ્વચ્છતા સર્વેક્ષણમાં ગુજરાતના ત્રણ શહેરને સ્થાન મળતા ખુશીની લહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ એવોર્ડની ૧૭ જુલાઈના રોજ જાહેરાત કરવામાં આવી હતી. ૧૦ લાખથી ઉપરની વસ્તી ધરાવતાં સૌથી સ્વચ્છ શહેરોમાં ગુજરાતના અમદાવાદે બાજી મારી હતી. ૨૦૧૫માં અમદાવાદનો નંબર ૧૫મો હતો, જ્યાંથી આ વર્ષે પ્રથમ નંબરે આવ્યું હતું. દેશમાં સ્વચ્છતામાં બીજો નંબર સુરતનો આવ્યો હતો. સ્વચ્છતા સર્વેક્ષણ એવોર્ડમાં ગુજરાતનાં ત્રણ શહેરનો સમાવેશ થયો હતો. જેમાં સુપર સ્વચ્છ લીગમાં સુરત અને ગાંધીનગર, મોટાં શહેરોમાં અમદાવાદનો સમાવેશ થતા રાજ્યોમાં ખુશીની લહેર દોડી હતી. સ્વચ્છતામાં સુરતને બીજો નંબર મળતા આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ અને મેયર સહિતના પદાધિકારીઓ દ્વારા રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ મેળવ્યો હતો.

અમદાવાદ શહેરને સૌપ્રથમ નંબર આવતા મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસ ખાતે આ લાઇવ કાર્યક્રમ જોવા ભાજપના કોર્પોરેટરો-નેતાઓ હાજર રહ્યા હતા. અમદાવાદનો સૌથી સ્વચ્છ શહેરોમાં પ્રથમ નંબર આવતા મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈ કર્મચારીઓને મીઠાઈ ખવડાવી અને તેઓને અભિનંદન આપવામાં આવ્યા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના પદાધિકારીઓ અને કોર્પોરેટરો દ્વારા સફાઈ કર્મચારીઓને મીઠાઈ ખવડાવી હતી.સ્વચ્છતા માટે ૨૦૨૩માં સુરત દેશનું નંબર વન શહેર બન્યું હતું ત્યાર બાદ ૨૦૨૪માં સુરતને સુપર લીગમાં સ્થાન મળ્યું હતું. આ સુપર સ્વચ્છ લીગમાં સુરતનું ઓલરાઉન્ડર પ્રદર્શન જોવા મળ્યું હતું. ■

# વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હાજરી માટે એઆઈ સિસ્ટમ લાગુ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન આગામી દિવસોમાં હાજરી માટે એઆઈનો ઉપયોગ કરશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આગામી ટૂંક સમયમાં પાલિકાના વર્ગ ૧થી વર્ગ-૪ના ૮૦૦૦ કર્મચારીઓની હાજરી એઆઈ બેઇઝ્ડ સિસ્ટમથી પૂરવાની શરૂઆત કરવામાં આવશે. હાલ કોર્પોરેશન દ્વારા કર્મચારીઓ અને અધિકારીઓની હાજરી માટે થમ્બ અને ફેસ રેકગ્નિશન સિસ્ટમ દ્વારા પૂરવામાં આવે છે. સૂત્રોના કહેવા પ્રમાણે, એઆઈ બેઇઝ્ડ સિસ્ટમ લાગુ થતાં પૂર્વે ચોક્કસ નિયમો બનાવવામાં આવશે. જેમાં ઓફિસ વર્ક કરતાં કર્મચારીઓ માટે આવવાનો અને જવાનો સમય નક્કી કરવો, ફિલ્ડમાં કામ કરતા કર્મચારીઓ માટેના નિયમો, ચોથા વર્ગના કર્મચારીઓ માટેના નિયમો સહિત વિવિધ નિયમો બનાવવામાં આવશે. આ સિસ્ટમથી પારદર્શકતા આવશે. તેમજ સમયની પણ બચત થશે. આ સિસ્ટમ પાછળ રૂપિયા પાંચથી છ લાખનો ખર્ચ થશે. આ અંગેની ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે. વડોદરા કોર્પોરેશનમાં લાગુ થનારી એઆઈ બેઝ્ડ હાજરી સિસ્ટમ અંગે વધુ માહિતી આપતા સૂત્રોએ જણાવ્યું કે, કર્મચારીનું નોકરીનું જે સ્થળ હશે ત્યાં તે પોતાનો મોબાઈલ લઈને જશે તો જ તેની હાજરી પૂરાશે. એટલે કે, પાલિકાએ પોતાની વિવિધ કચેરીઓની ચોક્કસ જગ્યા મર્યાદામાં આ અંગે લોકેશનના આધારે કર્મચારીની હાજરી ગણાશે. જે કર્મચારીઓ પાસે મોબાઈલ નથી તેવા વર્ગ-૪ના કર્મચારીઓની જે તે વિભાગના સુપરવાઇઝર દ્વારા ગ્રૂપ ફોટોના માધ્યમથી કર્મચારીઓની હાજરી પૂરવામાં આવશે.

સૂત્રોના કહેવા મુજબ, જો કોઈ અધિકારી કે કર્મચારીનો મોબાઈલ ફોન બગડયો હશે તો અધિકારી વિશેષ સત્તાના આધારે જે તે કર્મચારીની હાજરી પૂરી શકશે. આ ઉપરાંત જે કર્મચારી ઘરે ફોન ભૂલી ગયો હશે તો તે પણ કેવી રીતે ઓફિસમાં પોતાની હાજરી સુનિશ્ચિત કરી શકે તે માટેના પગલાં વિચારાઈ રહ્યાં છે. ■




# અરવલ્લીમાં ચોથા દિવસે પણ દૂધ આંદોલન યથાવત્: પશુપાલકોએ ટ્રક-ટેમ્પો અટકાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરવલ્લી જિલ્લામાં દૂધના ભાવ વધારા માટે પશુપાલકોનું આંદોલન ચોથા દિવસે પણ યથાવત્ રહ્યું હતું. પશુપાલકોએ ધનસુરા-નડિયાદ હાઈવે પર દૂધ ભરેલા વાહનો અટકાવીને દૂધ રસ્તા પર ઢોળી દીધું હતું. આ આંદોલનના ભાગરૂપે જિલ્લાની તમામ દૂધ મંડળીઓમાં દૂધ ભરાવવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું, જેના કારણે ડેરીના દૂધ સંગ્રહ અને વિતરણ પર ગંભીર અસર પડી હતી. આંદોલનના ચોથા દિવસે પશુપાલકોએ વધુ ઉગ્ર વલણ અપનાવ્યું હતું. તેમણે ધનસુરા-નડિયાદ હાઈવે પરથી પસાર થઈ રહેલા દૂધ ભરેલા આયશર ટ્રક અને ટેમ્પોને અટકાવ્યા હતા. ત્યાર બાદ વાહનોમાંથી દૂધનાં તમામ કેન રસ્તા પર ખાલી કરી દેવામાં આવ્યા હતા. પશુપાલકોના આક્રોશને જોતાં સાબરડેરીના દૂધના ટેન્કરોને પોલીસ પ્રોટેક્શન આપવામાં આવ્યું હતું. પોલીસ સુરક્ષા હેઠળ દૂધને ડેરી સુધી સલામત રીતે પહોંચાડવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લામાં દૂધના ભાવફેર મુદ્દે પશુપાલકે જણાવ્યું કે, સતત ચાર દિવસથી મંડળીઓમાં દૂધ ભરવાનું બંધ હોવાથી પશુપાલકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, પરંતુ સાબરડેરીના સત્તાધીશોના પેટનું પાણી પણ હલતું નથી. ■

# અમદાવાદઃ કણભા-કુંજાડ બ્રિજ પર ભારે વાહનોને પ્રતિબંધ, વૈકલ્પિક રૂટ જાહેર કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદના કાર્યપાલક ઈજનેર દ્વારા કુહા- કઠલાલ- બાલાસિનોર બાયપાસ રોડ ઉપર આવેલ કણભા તથા કુંજાડ ગામને જોડતા રસ્તા પર આવેલ ૬૦ વર્ષ જૂના મેજર બ્રિજ પરના સામાન્ય ટ્રાફિકને કાર્યરત રાખવા તેમજ ભારે વાહન/ મલ્ટિએકસલ વાહનો ડાયવર્ટ કરવા રજૂઆત કરવામાં આવી હતી. તેને ધ્યાને લઈ અમદાવાદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે આ મેજર બ્રિજ પરથી ભારે વાહન, મલ્ટિ એકસલ વાહનોને પસાર થવા પર પ્રતિબંધ મૂકવા અને ભારે વાહનોને રસ્તાને સમાંતર આવેલ એન.એચ.૪૭ ઉપર ડાયવર્ટ કરવાનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતુ. આ જાહેરનામું ૧૨/૧૦/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. ઉપરોકત જાહેરનામાના પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા મુજબ ડાયવર્ટ કરવા સૂચના આપવા આવી હતી. કુહા-કઠલાલ-બાલાસિનોર બાયપાસ રોડ ઉપર આવેલ કણભા તથા કુંજાડ ગામને જોડતા રસ્તા પર આવેલ મેજર બ્રિજ ભારે વાહનો માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો. ભારે વાહનો/ મલ્ટિ એકસલ વાહનો માટે માટે કુહા-કઠલાલ-બાલાસિનોર બાયપાસ રોડ ઉપર આવેલ કણભા તથા કુંજાડ ગામને જોડતા રસ્તાને સમાંતર આવેલા એન.એચ. ૪૭ને વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યો હતો. ■

# દ્વારકાધીશ મંદિરમાં પ્રોટોકોલ અને ફરજ પરના કર્મચારીઓને મોબાઈલ ફોન લઈ જવામાં છૂટછાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જગપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિરમાં સુરક્ષા અને શાંતિ જાળવવા માટે ૫ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલા જાહેરનામામાં આંશિક સુધારો કરવામાં આવ્યો હતો. આ સુધારા અંતર્ગત, ચોક્કસ સરકારી અધિકારીઓ અને ઇવેન્ટ સાથે સંકળાયેલા વર્ગ-૩ના કર્મચારીઓને મોબાઇલ ફોન અને અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણો મંદિર પરિસરમાં લઈ જવાની છૂટ આપવામાં આવી હતી. અગાઉના જાહેરનામા મુજબ, દ્વારકાધીશ મંદિરમાં કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થો, કેમેરા, ડિજિટલ કેમેરા, મોબાઈલ ફોન, કેમકોડર, વીડિયો શૂટિંગ કરવાના ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણો કે શંકાસ્પદ પદાર્થો કે વસ્તુઓ લઈ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જોકે, જિલ્લાના મહેસૂલી, પંચાયત અને પ્રોટોકોલ સંબંધિત ફરજો પરના અધિકારીઓ અને કર્મચારીઓને આ જાહેરનામામાંથી મુક્તિ આપવા માટે નાયબ કલેક્ટર અને દ્વારકાધીશ મંદિરના વહીવટદાર દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી. આ દરખાસ્તને ધ્યાનમાં રાખીને, જિલ્લા મેજિસ્ટ્રેટે વહીવટદાર દ્વારકાધીશ મંદિર, નાયબ વહીવટદાર દ્વારકાધીશ મંદિર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા તમામ નાયબ કલેક્ટર અને મામલતદાર (પ્રોટોકોલ) સહિતના મામલતદારોને અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવેલા જાહેરનામામાંથી મુક્તિ આપી હતી. ઉપરાંત પ્રાંત અધિકારી દ્વારકા, કલેક્ટર કચેરી, દેવભૂમિ દ્વારકા તરફથી જે-તે ઇવેન્ટના અનુસંધાને ફરજ સોંપવામાં આવી હોય તેવા વર્ગ-૩ના કર્મચારીઓને સંદેશાવ્યવહાર અને સંકલન માટે મોબાઇલની અનિવાર્ય આવશ્યકતાને ધ્યાનમાં રાખીને છૂટ આપવામાં આવી હતી. ■

# વિરાટનો વીડિયો કર્ણાટક સરકારનું નિશાન બન્યોઃ બેંગલૂરુની દુર્ઘટના માટે દોષી ગણાવ્યો!

## ▸ કોહલીએ આગલી રાત્રે કહેલું, 'સવારે બેંગલૂરુ જઈને આખા શહેર સાથે જીત સેલિબ્રેટ કરીશ'



બેંગલૂરુ: ચોથી જૂને બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ નજીક રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના પ્રથમ ચૅમ્પિયનપદની ઉજવણીના અવસરે થયેલી ધક્કામુક્કીના બનાવ સંબંધમાં નવો વળાંક આવ્યો છે. કર્ણાટક સરકારે રાજ્યની હાઈ કોર્ટમાં જમા કરાવેલા રિપોર્ટમાં આ દુર્ઘટના સંબંધમાં વિરાટ કોહલી અને આરસીબીના આગલી રાતના એક વીડિયોને દોષી ગણાવ્યો છે.

ત્રીજી જૂને અમદાવાદમાં આરસીબીએ પંજાબ કિંગ્સને ફાઇનલમાં છ રનથી હરાવીને ૧૮ વર્ષના આઇપીએલના ઇતિહાસમાં પહેલી વાર વિજેતાપદ મેળવ્યું હતું. ત્યાર બાદ ચોથી જૂને અભૂતપૂર્વ ગેરવ્યવસ્થાને કારણે બેંગલૂરુમાં થયેલી નાસભાગમાં ૧૧ જણના જીવ ગયા હતા અને ૫૦થી વધુ લોકોને ઈજા પહોંચી હતી.

કર્ણાટક સરકારે વડી અદાલતમાં રજૂ કરેલા અહેવાલમાં જણાવ્યું છે કે આરસીબીએ ચોથી જૂને બેંગલૂરુમાં વિક્ટરી પરેડ કાઢવા શહેરની પોલીસ પાસે અગાઉથી કોઈ જ પરવાનગી નહોતી લીધી અને એમણે (આરસીબીએ) એક પછી એક ઇવેન્ટ રાખી હતી જેમાં ભાગદોડની કરુણ ઘટના બની હતી.

આરસીબીએ ચોથી જૂને સવારે ૭.૦૧ વાગ્યે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે વિધાનસભાથી એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ સુધી વિક્ટરી પરેડ કાઢવામાં આવશે જેમાં વિનામૂલ્યે એન્ટ્રી હશે. આરસીબીની આ પોસ્ટ સામે લોકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. બીજી તરફ, રાજ્ય સરકારે પોતાના રિપોર્ટમાં વિરાટ કોહલીના ત્રીજી જૂનના એક વીડિયોનો ઉલ્લેખ કર્યો છે જેમાં તે કહી રહ્યો હતો કે 'આ યાદગાર વિજયનો ખરો આનંદ હું આવતી કાલે (ચોથી જૂને) બેંગલૂરુ પહોંચીને અનુભવીશ, કારણકે ત્યારે હું આખા શહેર સાથે આ જીત સેલિબ્રેટ કરીશ.'

વિરાટના આ વીડિયોમાં એબી ડિવિલિયર્સ પણ હતો અને વિરાટ આરસીબીના આ ભૂતપૂર્વ ખેલાડી સાથે જીતનો જલસો માણી રહેલો તેમ જ રજત પાટીદારની કૅપ્ટન્સીની વાહ-વાહ પણ કરી રહેલો જોવા મળ્યો હતો. ■

# દ્રવિડના પુત્ર સમિતને મહારાજા ટ્રોફીના એકેય ફ્રૅન્ચાઇઝીએ ન ખરીદ્યો



બેંગલૂરુ: મહાન ક્રિકેટરોના દીકરાઓને પિતાની ખ્યાતિને કારણે આસાનીથી કોઈ ટીમમાં સમાવેશ મળી જાય કે કરીઅરની શરૂઆતથી જ પિતાની જેમ ફેમસ થવા લાગે અને સફળતાના શિખર તત્કાળ સર કરવા લાગે એવું મોટા ભાગે નથી બનતું હોતું. સુનીલ ગાવસકર બાદ તેમનો પુત્ર રોહન ગાવસકર મેદાન પર ખાસ કંઈ સફળ નહોતો થઈ શક્યો, જ્યારે સચિન તેન્ડુલકરના પેસ બોલિંગ ઑલરાઉન્ડર પુત્ર અર્જુન તેન્ડુલકરને આઇપીએલમાં બહુ ઓછું રમવા મળ્યું છે. હવે રાહુલ દ્રવિડનો પુત્ર સમિત દ્રવિડ ચર્ચાના કેન્દ્રમાં છે. વાત એવી છે કે ૨૦૨૫ની મહારાજા ટ્રોફી માટેની હરાજીમાં સમિત દ્રવિડને એક પણ ફ્રૅન્ચાઇઝીએ નથી ખરીદ્યો.

કર્ણાટક સ્ટેટ ક્રિકેટ ઍસોસિયેશનના નેજા હેઠળ આઇપીએલ સ્ટાઇલની મહારાજા ટ્રોફી ટી-૨૦ સ્પર્ધા આગામી ૧૧-૨૭ ઑગસ્ટ દરમ્યાન રમાશે.

સમિત રાહુલ દ્રવિડ ૧૯ વર્ષનો છે. તે રાઇટ હૅન્ડ બૅટ્સમૅન અને રાઇટ આર્મ પેસ બોલર છે. તે ૨૦૨૪ની મહારાજા ટ્રોફીમાં માયસોર વૉરિયર્સ વતી રમ્યો હતો. ત્યારે સાત મૅચમાં તેના સ્કોર આ મુજબ હતાઃ ૭, ૭, ૩૩, ૧૬, બે, ૧૨ અને પાંચ રન. ત્યારે માયસોર વૉરિયર્સે તેને ૫૦,૦૦૦ રૂપિયામાં ખરીદ્યો હતો.

૨૦૨૪ની મહારાજા ટ્રોફીમાં માયસોર વૉરિયર્સ ટીમે કરુણ નાયરના સુકાનમાં ટ્રોફી જીતી લીધી હતી. કરુણ નાયર હાલમાં ઇંગ્લૅન્ડના પ્રવાસમાં છે જ્યાં તે સારું નથી રમી શક્યો. આ વખતની મહારાજા ટ્રોફી માટેની હરાજીમાં દેવદત્ત પડિક્કલ સૌથી ઊંચા ૧૩.૨૦ લાખ રૂપિયાના ભાવે ખરીદવામાં આવ્યો હતો. તેને હુબલી ટાઇગર્સ ટીમે મેળવ્યો છે.

# આન્દ્રે રસેલની નિવૃત્તિની જાહેરાત

કિંગસ્ટનઃ વેસ્ટ ઈન્ડિઝના આક્રમક ઑલરાઉન્ડર આન્દ્રે રસેલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. આગામી ૨૧ અને ૨૩મી જુલાઈએ ઑસ્ટ્રેલિયા સામે હોમ-ટાઉન જમૈકાના સબાઈના પાર્કમાં રમાનારી મૅચ તેની છેલ્લી બે ઇન્ટરનૅશનલ મૅચ ગણાશે. ટી-૨૦ના વર્લ્ડ કપને માત્ર સાત મહિના બાકી છે એ પહેલાં જ રસેલે રિટાયરમેન્ટ જાહેર કરી દીધું છે. તેણે ૧૪૧ આંતરરાષ્ટ્રીય મૅચમાં ૨,૦૦૦થી વધુ રન કર્યા છે અને ૧૩૦થી વધુ વિકેટ લીધી છે.

# દીપ્તિએ બ્રિટિશ બોલર્સની ખબર લઈ નાખી, ભારતને જિતાડ્યું

## ▸ હરમનપ્રીત સેના બની ચેઝ-માસ્ટરઃ ઇંગ્લૅન્ડમાં ભારતીય મહિલાઓએ પુરુષોને શરમાવ્યા

સાઉધમ્પ્ટનઃ ઇંગ્લૅન્ડમાં ભારતના પુરુષ ક્રિકેટરો કરતાં મહિલા ખેલાડીઓ સારું પર્ફોર્મ કરી રહી છે. સોમવારે લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડ સામેની ત્રીજી ટેસ્ટના છેલ્લા દિવસે રવીન્દ્ર જાડેજા, જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજની અભૂતપૂર્વ લડત છેવટે પાણીમાં ગઈ હતી, કારણકે ટૉપ-ઑર્ડરના બૅટ્સમેનો ફ્લૉપ રહ્યા હતા. જોકે ઇંગ્લૅન્ડની મહિલા ખેલાડીઓ સામેની ટી-૨૦ સિરીઝ ૩-૨થી જીતી લીધા પછી હવે ભારતીય મહિલાઓએ વન-ડે શ્રેણીમાં જીતવાનું શરૂ કરી દીધું છે. તેમણે સિરીઝની પહેલી વન-ડે છ વિકેટે જીતી લીધી છે.

મહિલાઓમાં ઇંગ્લૅન્ડની વન-ડે ટીમ વિશ્વમાં નંબર-ટૂ અને ભારતની ટીમ નંબર-થ્રી છે. જોકે ભારતીય ટીમ બુધવારે ઇંગ્લૅન્ડની ધરતી પર સતત ચોથી વન-ડે જીતી હતી. વર્તમાન ટૂર અગાઉ (૨૦૨૨માં) ભારતીય મહિલા ટીમે ઇંગ્લૅન્ડમાં બ્રિટિશ મહિલા ટીમને સતત ત્રણ વન-ડેમાં પરાજિત કરી હતી અને હવે ચોથી વન-ડે જીતીને વર્તમાન શ્રેણીમાં ૧-૦થી સરસાઈ લીધી છે.

બુધવારે હરમનપ્રીત કૌરની કેપ્ટન્સીમાં ભારતીય મહિલા ટીમે ૨૫૯ રનનો મોટો લક્ષ્યાંક નૅટ સિવર-બ્રન્ટની ટીમને જોરદાર લડત આપીને છેવટે મેળવી લીધો હતો. એક સમયે ભારતે ૧૨૪ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ છઠ્ઠા નંબર પર રમનાર પ્લેયર ઑફ ધ મૅચ દીપ્તિ શર્મા (૬૨ અણનમ, ૬૪ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) અને જેમાઈમા રૉડ્રિગ્સ (૪૮ રન, ૫૪ બૉલ, પાંચ ફોર) વચ્ચેની પાંચમી વિકેટ માટે ૮૬ બૉલમાં બનેલી ૯૦ રનની ભાગીદારીએ રંગ રાખ્યો હતો. તેમણે ભારતના સ્કોરને ૪૨મી ઓવરમાં ૨૧૪ રન સુધી પહોંચાડ્યો હતો અને ત્યારે જેમાઈમાની વિકેટ પડી હતી.

જેમાઈમાની પાંચમી વિકેટ પડ્યા બાદ દીપ્તિએ વિકેટકીપર રિચા ઘોષ (૧૨ બૉલમાં ૧૦ રન) સાથેની ૧૫ રનની અને અમનજોત કૌર (૧૪ બૉલમાં અણનમ ૨૦) સાથેની ૩૩ રનની અતૂટ ભાગીદારીથી ભારતને ૧૦ બૉલ બાકી રાખીને વિજય અપાવી દીધો હતો.

આ જીતમાં ટૉપ-ઑર્ડરની બૅટર્સમાંથી પ્રતિકા રાવલ (૨૬ રન), સ્મૃતિ મંધાના (૨૮ રન), હર્લીન દેઓલ (૨૭ રન) અને હરમનપ્રીત (૧૭ રન)ના મહત્ત્વના યોગદાન હતા. ભારતીય ટીમે ૪૮.૨ ઓવરમાં ૬/૨૬૨ના સ્કોર સાથે વિજય હાંસલ કરી લીધો હતો.

એ પહેલાં, ઇંગ્લૅન્ડની ટીમે ૫૦ ઓવરમાં ૨૫૮ રન કર્યા હતા. એમાં સોફિયા ડન્કલીના ૮૩ રન હાઈએસ્ટ હતા. એલિસ ડેવિડસન-રિચર્ડ્સે પણ હાફ સેન્ચુરી (૫૩ રન) ફટકારી હતી. ભારત વતી પેસ બોલર ક્રાંતિ ગૌડ અને ઑફ સ્પિનર સ્નેહ રાણાએ સૌથી વધુ બે-બે વિકેટ લીધી હતી. ■



**લૉર્ડ્સમાં હવે મહિલા ટીમની કસોટીઃ** ભારતીય મહિલા ટીમ હવે લૉર્ડસમાં આવતી કાલે (શનિવારે બપોરે 3.30 વાગ્યાથી) ઇંગ્લેન્ડ સામે બીજી વન-ડે રમશે. સોમવારે આ જ મેદાન પર મેન્સ ટીમનો ત્રીજી ટેસ્ટમાં પરાજય થયો હતો. (બીસીસીઆઇ)

# ભારતીય ડ્રેસિંગ-રૂમમાં હનુમાન ચાલીસાઃ અર્શદીપને બોલિંગવાળા હાથમાં ઈજા

બેકનમ (ઇંગ્લૅન્ડ): બુધવાર, ૨૩મી જુલાઈએ મૅન્ચેસ્ટરમાં ઇંગ્લૅન્ડ સામે ચોથી ટેસ્ટ રમાય એ પહેલાં શુભમન ગિલના નેતૃત્વમાં ભારતીય ટીમના ખેલાડીઓ એક કલાકની મુસાફરી કરીને લંડનથી બેકનમ પહોંચ્યા ત્યારે બસમાંથી ઊતરતી વખતે તેઓ થાકેલા લાગ્યા હતા. જોકે કેન્ટ કાઉન્ટી ક્રિકેટ ગ્રાઉન્ડમાં હળવી પ્રૅક્ટિસ શરૂ કરવા ઊતરતાં પહેલાં ડ્રેસિંગ-રૂમમાં અમુક ખેલાડીઓએ મનપસંદગીના ગીતો સાંભળ્યા હતા અને કેટલાક ખેલાડીઓએ હનુમાન ચાલીસાની ચોપાઈ સાંભળી લેવાનો મોકો નહોતો છોડ્યો.

જોકે ટીમ ઇન્ડિયાને થોડો આંચકો અપાવતી એક ઘટના બની હતી જેમાં લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને નેટ પ્રૅક્ટિસ દરમ્યાન બૉલ રોકતી વખતે ડાબા હાથમાં ઈજા થઈ હતી. તે સાઇ સુદર્શનના શૉટમાં બૉલ અટકાવવા ગયો ત્યારે આ ઈજા પહોંચી હતી. પછીથી જ્યારે બૅટિંગ-કોચ સિતાંશુ કોટકે અર્શદીપને થોડી બૅટિંગ કરવા બોલાવ્યો ત્યારે કૅપ્ટન ગિલે તેમને કહ્યું, 'અર્શદીપને હાથમાં થોડું વાગ્યું છે એટલે કદાચ બૅટિંગ નહીં કરી શકે.'

અર્શદીપ બોલિંગવાળા ડાબા હાથ પર પટ્ટી સાથે જોવા મળ્યો હતો. સહાયક-કોચ રાયન ટેન ડૉચેટે પીટીઆઇને કહ્યું, 'અર્શદીપને હાથ પર નાનો કાપો પડી ગયો છે. તેણે ટાંકા લેવા પડશે કે કેમ એ ટીમ-ડૉક્ટર જોઈને જણાવશે. તેની ઈજા કેવી છે એના પરથી આગામી મૅચ માટેનું અમે પ્લાનિંગ કરીશું.'

અર્શદીપ વધુ બોલિંગ કરવા ન આવ્યો એટલે બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલે ભારતીય બૅટ્સમેનો પ્રૅક્ટિસ કરાવવા થોડા બૉલ ફેંક્યા હતા.

# દીપ્તિ શર્માએ વન-હૅન્ડેડ શૉટમાં ફટકારેલી સિક્સરનો શ્રેય રિષભ પંતને આપ્યો





સાઉધમ્પ્ટનઃ ઇંગ્લૅન્ડમાં ભારતની મહિલા ક્રિકેટરોએ ટી-૨૦ સિરીઝ ૩-૨થી જીતી લીધા પછી હવે વન-ડે શ્રેણીમાં જીતવાનું શરૂ કરી દીધું છે અને બુધવારે હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતે નૅટ સિવર-બ્રન્ટની કૅપ્ટન્સીમાં રમેલી ઇંગ્લૅન્ડની ટીમને સિરીઝની પહેલી વન-ડેમાં દીપ્તિ શર્માના સુપર બૅટિંગ પર્ફોર્મન્સથી હરાવીને ૧-૦થી સરસાઈ લીધી ત્યાર બાદ દીપ્તિએ પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર સ્વીકારતી વખતે વન-હૅન્ડેડ શૉટ માટેનો શ્રેય રિષભ પંતને આપતા કહ્યું હતું કે 'મેં નેટમાં વન-હૅન્ડેડ શૉટ માટે ખૂબ પ્રૅક્ટિસ કરી હતી. હું આ શૉટ રિષભ પંતને આવા પ્રકારના શૉટ મારતો જોઈને શીખી છું.'

ભારતને જીતવા ૨૫૯ રનનો મોટો લક્ષ્યાંક મળ્યો હતો. ભારતીય બૅટર્સમાં દીપ્તિ શર્માના અણનમ ૬૨ રન હાઇએસ્ટ હતા. તેણે ૬૪ બૉલમાં એક સિક્સર અને ત્રણ ફોરની મદદથી ૬૨ રન કર્યા હતા અને છેક સુધી ક્રીઝ પર રહી હતી.

આખી મૅચમાં (બન્ને ટીમની તમામ ખેલાડીઓમાં) એક જ સિક્સર ફટકારવામાં આવી હતી અને એ દીપ્તિએ ફટકારી હતી. પાંચમી વિકેટ માટે દીપ્તિ અને જેમાઇમા રૉડ્રિગ્સ (૪૮ રન, ૫૪ બૉલ, પાંચ ફોર) વચ્ચે ૮૬ બૉલમાં ૯૦ રનની ભાગીદારી થઈ હતી. આ પાર્ટનરશિપ જ બ્રિટિશ મહિલા ટીમને સૌથી વધુ ભારે પડી હતી. આ ભાગીદારી દરમ્યાન એક તબક્કે દીપ્તિએ એક હાથે ફટકારેલા પાવરફુલ શૉટમાં બૉલને ડીપ મિડવિકેટના સ્થાનની ઉપરથી બાઉન્ડરી લાઇનની બહાર મોકલી દીધો હતો. તેની આ વન-હૅન્ડેડ સિક્સરનો વીડિયો વાઇરલ થયો છે.

દીપ્તિએ કહ્યું છે કે 'આ શૉટ મારવાની પ્રેરણા મને રિષભ પંત પાસેથી મળી છે. અમે આ પહેલાં ઇંગ્લૅન્ડમાં રમી ચૂક્યા છીએ. અમને અહીંની આબોહવા ખૂબ પસંદ છે.'

ત્રણ વન-ડેવાળી આ સિરીઝની બીજી મૅચ શનિવાર, ૧૯મી જુલાઈએ લૉર્ડ્સમાં (બપોરે ૩.૩૦ વાગ્યાથી) રમાશે. ■

# ડબ્લ્યૂટીસીની ચારેય સીઝનમાં ૧૫ કે વધુ સિક્સરઃ પંત વિશ્વનો પ્રથમ ખેલાડી

લંડનઃ ઇંગ્લૅન્ડ સામે સિરીઝની પહેલી ત્રણ ટેસ્ટમાં બે સેન્ચુરી અને બે હાફ સેન્ચુરીની મદદથી સેકન્ડ-હાઇએસ્ટ ૪૨૫ રન કરનાર વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંત વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ના ઇતિહાસમાં એવો પ્રથમ ખેલાડી બન્યો છે જે સિદ્ધિ ૨૦૧૯ના પ્રથમ વર્ષથી આ ટૂર્નામેન્ટ સાથે સંકળાયેલા દિગ્ગજ બૅટ્સમેનો નથી મેળવી શક્યા. પંત ડબ્લ્યૂટીસીની અત્યાર સુધીની ચારમાંથી દરેક સીઝનમાં ૧૫ કે ૧૫થી વધુ સિક્સર ફટકારનાર પહેલો ખેલાડી બન્યો છે.

પંતે ૨૦૧૯થી ૨૦૨૧ સુધીની પ્રથમ સીઝનમાં બાવીસ સિક્સર, ૨૦૨૧થી ૨૦૨૩ સુધીની બીજી સીઝનમાં ૧૬ સિક્સર અને ૨૦૨૩થી ૨૦૨૫ સુધીની ત્રીજી સીઝનમાં ૧૬ સિક્સર ફટકારી હતી અને હવે ૨૦૨૫થી ૨૦૨૭ સુધીની વર્તમાન સીઝનમાં ત્રણ ટેસ્ટમાં જ ૧૫ છગ્ગા ફટકાર્યા છે જે આ સીઝનમાં રમી રહેલા તમામ દેશોના ખેલાડીઓમાં હાઇએસ્ટ છે.

### પંતને સેહવાગનો વિક્રમ તોડવાની તક

રિષભ પંતને ડાબા હાથની પહેલી આંગળીમાં ગંભીર ઈજા થઈ છે. તે બુધવાર, ૨૩મી જુલાઈએ મૅન્ચેસ્ટરમાં શરૂ થનારી ચોથી ટેસ્ટમાં રમશે કે નહીં એ હજી નક્કી નથી, પણ જો તે રમશે તો ટેસ્ટ-ક્રિકેટમાં ભારતીયોમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર વીરેન્દર સેહવાગનો વિક્રમ તોડી શકશે. સેહવાગે ટેસ્ટ કરીઅરમાં કુલ ૯૧ સિક્સર ફટકારી હતી. પંતના નામે કુલ ૮૮ સિક્સર છે અને તે સેહવાગથી માત્ર ત્રણ ડગલાં દૂર છે.

### ટેસ્ટમાં સૌથી વધુ છગ્ગા બેન સ્ટૉક્સના

નવાઈની વાત એ છે કે ટેસ્ટ-ક્રિકેટમાં સૌથી વધુ સિક્સર ઇંગ્લૅન્ડના પેસ બોલિંગ ઑલરાઉન્ડર બેન સ્ટૉક્સે ફટકારી છે. તેના નામે કુલ ૧૩૩ સિક્સર છે. બીજા નંબરે ન્યૂ ઝીલૅન્ડનો લેજન્ડ અને ઇંગ્લૅન્ડનો વર્તમાન હેડ-કોચ બ્રેન્ડન મૅક્લમ છે જેણે ૨૦૦૪થી ૨૦૧૬ સુધીની કરીઅરમાં ૧૦૭ છગ્ગા ફટકાર્યા હતા. ઍડમ ગિલક્રિસ્ટ ૧૦૦ છગ્ગા સાથે ત્રીજા નંબરે છે.

# કૈફના મતે બેન સ્ટૉક્સ અને જોફ્રા સોમવારે બુમરાહને ઘાયલ કરવા માગતા હતા

લંડનઃ બૅટ્સમૅનને ઘાયલ કરવાના આશયથી દાયકાઓ પહેલાં બૉડીલાઇન ક્રિકેટ અસ્તિત્વમાં હતી, પરંતુ પછીથી એના પર પ્રતિબંધ મુકાઈ ગયો હતો અને બીમર (બૅટસમૅનના માથાને નિશાન બનાવતો બૉલ)ની પણ ખૂબ ચકચાર થઈ ચૂકી છે એમ છતાં એકંદરે ક્રિકેટે 'જેન્ટલમૅન્સ ગેમ' તરીકેની પ્રતિષ્ઠા જાળવી રાખી છે, પરંતુ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મોહમ્મદ કૈફે જે કહ્યું છે એના પર ક્રિકેટની રમતના મોવડીઓએ જરૂર વિચાર કરવો જોઈએ, કારણકે ક્રિકેટની મહાન રમત ફૂટબૉલ-રગ્બી જેવી ન થઈ જાય એની તેમણે સતત તકેદારી રાખવી પડશે. કૈફે કહ્યું છે કે લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડના વિજય સાથે પૂરી થયેલી સિરીઝની ત્રીજી ટેસ્ટમાં બ્રિટિશ ટીમનો કૅપ્ટન અને પેસ બોલર બેન સ્ટૉક્સ અને ચાર વર્ષે ફરી ટેસ્ટમાં રમવા આવેલો ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર સોમવારના અંતિમ દિવસે જસપ્રીત બુમરાહને ઘાયલ કરવા માગતા હતા.

રવીન્દ્ર જાડેજા તેમ જ બુમરાહ અને મોહમ્મદ સિરાજના જબરદસ્ત ફાઇટબૅક છતાં ભારત ૧૯૩ રનના લક્ષ્યાંક સામે ૧૭૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગયું હતું. મોહમ્મદ કૈફે મોહમ્મદ સિરાજ અને કૅપ્ટન શુભમન ગિલને અલગ અલગ રીતે જવાબદાર ગણાવ્યા છે. કૈફના મતે સિરાજે ઇંગ્લૅન્ડના પ્રથમ દાવમાં બૉલ બદલાવ્યો ત્યાર બાદ બુમરાહના રિધમને અસર થઈ હતી અને પરિણામે, જૅમી સ્મિથ તથા બ્રાયડન કાર્સ ઇંગ્લૅન્ડને મુશ્કેલીમાંથી ઉગારી શક્યા હતા.

કૈફનું માનવું છે કે 'શુભમન ગિલે ઓપનર ઝૅક ક્રૉવ્લીની વિકેટ બાદ જે સેલિબ્રેશન કર્યું એવું કરવાની કોઈ જ જરૂર નહોતી. એ કંઈ જો રૂટ નહોતો. ગિલે મગજ પરથી કાબૂ ગુમાવ્યો અને સિરાજ તથા નીતીશ રેડ્ડી તેની સાથે જોડાયા હતા. ખેલાડી આક્રમક મૂડમાં આવી જાય એ ઠીક છે, પણ એ માટે યોગ્ય સમય હોવો જોઈએ. ગમે ત્યારે, ગમે તેની સાથે એવું ન કરી શકાય.'

મોહમ્મદ કૈફે ભારપૂર્વક જણાવ્યું છે કે 'બેન સ્ટૉક્સ અને જોફ્રા આર્ચર પાંચમા દિવસે બાઉન્સર્સ ફેંકીને જાણી જોઈને જસપ્રીત બુમરાહને ઈજા પહોંચાડવા માગતા હતા. બન્ને બ્રિટિશ ખેલાડીઓ બુમરાહની આંગળીને અને ખભાને નિશાન બનાવવા માગતા હતા. સામાન્ય રીતે હરીફ ટીમના મુખ્ય બોલરને જ ઘાયલ કરવાની સામેવાળી ટીમનો આશય હોય છે.'

# હેટમાયરની પાંચ સિક્સર, પણ રિન્કુ સિંહનું પુનરાવર્તન ન કરી શક્યો



પ્રૉવિડન્સ (ગયાના): વેસ્ટ ઇન્ડિઝના હાર્ડ-હિટર શિમરૉન હેટમાયરે (૬, ૬, ૬, ૬, ૨, ૬) બુધવારે ગ્લોબલ સુપર લીગ (જીએસએલ)માં જબરદસ્ત ફટકાબાજી કરીને હૉબાર્ટ હરિકેન્સ સામે ગયાના ઍમેઝોન વૉરિયર્સ ટીમને રોમાંચક વિજય અપાવ્યો હતો. હૉબાર્ટની ટીમે ૧૨૫ રન કર્યા બાદ ગયાનાની ટીમે ૧૬.૩ ઓવરમાં છ વિકેટના ભોગે ૧૨૮ રન કરીને વિજય મેળવ્યો હતો. જોકે હેટમાયર કોલકાતાના પિંચ-હિટર રિન્કુ સિંહ (૨૦૨૩માં ગુજરાત ટાઇટન્સના યશ દયાલના અંતિમ પાંચ બોલમાં પાંચ સિક્સર)નું પુનરાવર્તન કરવામાં જરાક માટે નિષ્ફળ રહ્યો હતો.

સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ સ્પિનર ૪૬ વર્ષીય ઇમરાન તાહિરના સુકાનમાં ગયાનાની ટીમને જીતવા ૧૨૬ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો. ૪૨ રનમાં ગયાનાની ત્રણ વિકેટ પડી ચૂકી હતી અને એ તબક્કે હેટમાયર (૩૯ રન, ૧૦ બૉલ, છ સિક્સર) અને ઇંગ્લૅન્ડના મોઇન અલી (૩૦ અણનમ, ૩૬ બૉલ, બે સિક્સર, બે ફોર) વચ્ચેની ચોથી વિકેટ માટેની ૪૦ રનની ભાગીદારી ટર્નિંગ પૉઇન્ટ બની હતી.

હૉબાર્ટના કૅપ્ટન ઑસ્ટ્રેલિયાના બેન મૅક્ડરમૉટ (ભૂતપૂર્વ ક્રિકેટર ક્રેગ મૅક્ડરમૉટનો પુત્ર)એ ગયાનાની ઇનિંગ્સમાં ૧૦મી ઓવર વેસ્ટ ઇન્ડિઝના જ (જમૈકાના) લેફ્ટ-આર્મ સ્પિનર ફેબિયન ઍલનને આપી હતી જેમાં હેટમાયરે કાળો કેર વર્તાવ્યો હતો. હેટમાયરે પહેલા ચારેય બૉલમાં છગ્ગો ફટકાર્યા બાદ પાંચમા બૉલમાં બે રન લીધા હતા અને પછી અંતિમ બૉલમાં છગ્ગો મારી દીધો હતો. એ ઓવરમાં ૩૨ રન થયા હતા અને ગયાનાની ટીમ વિજયની વધુ નજીક પહોંચી હતી. ■

# રોહિત-વિરાટ ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ માટે ઉપલબ્ધઃ બીસીસીઆઇ

નવી દિલ્હીઃ રોહિત શર્મા અને વિરાટ કોહલીએ પહેલાં ૨૦૨૪માં એક જ અરસામાં ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી રિટાયરમેન્ટ લીધું ત્યાર પછી તાજેતરમાં ટેસ્ટ-ક્રિકેટમાંથી પણ પાંચ દિવસના અંતરમાં નિવૃત્તિ જાહેર કરી દીધી એટલે ઘણાને ચિંતા થતી હશે કે આ બન્ને દિગ્ગજો હવે વન-ડે ક્રિકેટમાં કદાચ નહીં જોવા મળે અને એમાં ખાસ કરીને ૨૦૨૭ના વિશ્વ કપમાં રમતા જોવા મળશે કે કેમ? જોકે બીસીસીઆઇના ઉપ-પ્રમુખ રાજીવ શુક્લાએ એક નિવેદન આપીને ઘણું બધુ સ્પષ્ટ કરી દીધું છે.

રાજીવ શુક્લાએ કહ્યું છે કે રોહિત અને વિરાટ ૨૦૨૭માં રમાનારા વન-ડેના વિશ્વ કપ માટે ઉપલબ્ધ છે. રોહિતે ટેસ્ટમાં રમવાનું છોડ્યું ત્યારે કહ્યું હતું કે તે વન-ડે ફૉર્મેટમાં રમવાનું ચાલુ રાખશે. વિરાટે પણ તાજેતરમાં કહ્યું કે તે વન-ડેના આગામી વર્લ્ડ કપ સુધી રમવાનું ચાલુ રાખવા માગે છે.

બીસીસીઆઇના વાઇસ-પ્રેસિડન્ટ રાજીવ શુક્લાએ લંડનમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે 'આપણે બધાને રોહિત અને વિરાટની ગેરહાજરી વર્તાઈ રહી છે, પરંતુ રિટાયરમેન્ટનો ફેંસલો તેમનો બન્નેનો હતો. તેઓ વન-ડે માટે ઉપલબ્ધ છે.'

રાજીવ શુક્લાએ એવું પણ કહ્યું હતું કે 'બીસીસીઆઇની નીતિ રહી છે કે અમે ક્યારેય કોઈ ખેલાડીને એવું નથી કહેતા કે તેણે ક્યારે ક્યા ફૉર્મેટમાંથી સંન્યાસ લેવો. રિટાયરમેન્ટ ક્યારે લેવું એ સંપૂર્ણપણે ખેલાડીના પોતાના પર નિર્ભર હોય છે. ટેસ્ટમાંથી નિવૃત્ત થવાનો નિર્ણય આ બન્ને ખેલાડીઓએ પોતે જ લીધો હતો.'

૩૬ વર્ષીય વિરાટે ૩૦૨ વન-ડેમાં ૧૪,૧૮૧ રન કર્યા છે જેમાં ૫૧ સેન્ચુરી અને ૭૪ હાફ સેન્ચુરી સામેલ છે. વન-ડે વિશ્વમાં તે સૌથી વધુ સેન્ચુરી ફટકારનાર બૅટ્સમૅન છે. તેણે ૧૨૩ ટેસ્ટમાં ૯,૩૨૦ રન અને ૧૨૫ ટી-૨૦માં ૪,૧૮૮ રન કર્યા હતા.

રોહિત શર્માએ ૨૭૩ વન-ડેમાં ૩૨ સેન્ચુરી અને ૫૮ હાફ સેન્ચુરી સહિત કુલ ૧૧,૧૬૮ રન કર્યા છે. ૨૬૪ રન તેનો હાઇએસ્ટ સ્કોર છે અને એ વર્લ્ડ રેકૉર્ડ પણ છે. તે વન-ડેમાં ત્રણ ડબલ સેન્ચુરી (૨૬૪, ૨૦૯, ૨૦૮ અણનમ) ફટકારનાર તે વિશ્વનો એકમાત્ર ખેલાડી છે. તેણે ૬૭ ટેસ્ટમાં ૪,૩૦૧ રન અને ૧૫૯ ટી-૨૦માં ૪,૨૩૧ રન કર્યા હતા. તેની કૅપ્ટન્સીમાં ભારત ૨૦૨૪નો ટી-૨૦ વર્લ્ડ કપ અને ૨૦૨૫ની ચૅમ્પિયન્સ ટ્રોફી જીતી લીધી હતી.

# મેટિની

**કવર સ્ટોરી**
હેમા શાસ્ત્રી

## હૃતિક-રજનીકાંતની ટક્કર કેવીક જામશે?

**સાઉથની અને હિન્દી ફિલ્મો વચ્ચે મુકાબલો અગાઉની જેમ આ વર્ષે પણ જારી રહેશે ને દર્શકોને પડશે મોજ.**




પાંચેક વર્ષથી ફિલ્મ ઉદ્યોગમાં ભાષા સંઘર્ષ એક જુદા સ્વરૂપે જોવા મળી રહ્યો છે. બોલપટનો યુગ શરૂ થયો (આલમ આરા - ૧૯૩૧) ત્યારે શરૂઆતમાં કલકત્તાની ફિલ્મ કંપની 'ન્યૂ થિયેટર્સ'નું પ્રભુત્વ હતું પણ પછી એના વળતાં પાણી થયા અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો વાવટો લહેરાવાની શરૂઆત થઈ. સાઉથના રાજ્યોની ચાર ભાષા (તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ)માં પણ બોલપટનો પ્રારંભ ૧૯૩૧થી જ થયો, પણ દસે દિશામાં ગીત તો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જ ગુંજતા હતા. જોકે, છેલ્લા દસેક વર્ષમાં પરિસ્થિતિ એ હદે બદલાઈ ગઈ છે કે સાઉથની ઈન્ડસ્ટ્રી હિન્દી પર ભારી પડી રહી છે. બાહુબલી, પુષ્પા - કેજીએફ ફ્રેન્ચાઈઝી ફિલ્મો માટે મુખ્યત્વે હિન્દી ફિલ્મો જોતા દર્શકોએ દેખાડેલા ઉમળકાને પગલે સાઉથની ફિલ્મોની લોકપ્રિયતામાં ભરતી આવી છે એ નિર્વિવાદ સત્ય છે. બોક્સ ઓફિસ પર હિન્દી-સાઉથ ટક્કર આ વર્ષે પણ જારી રહેશે. અલબત્ત, કઈ ફિલ્મને માથા પર ઊંચકી લેવી અને કઈ ફિલ્મને હડસેલો મારી દેવો એ તો છેવટે પ્રેક્ષક માઈબાપ જ નક્કી કરે છે. આ વર્ષે કઈ ફિલ્મો વચ્ચે ટક્કર થવાની છે એ જાણવું રસપ્રદ રહેશે.

સૌથી પહેલો મુકાબલો છે હિન્દી ફિલ્મ 'વોર ટૂ' અને તમિલ ફિલ્મ 'કુલી' વચ્ચે. બંને ફિલ્મ ૧૪ ઓગસ્ટે રિલીઝ કરવાની ગણતરી મૂકવામાં આવી છે. ટૂંકમાં સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ બંને ફિલ્મ થિયેટરમાં પ્રદર્શિત થવાની છે. 'વોર ટૂ' ૨૦૧૯માં આવેલી 'વોર'ની સિક્વલ અને યશરાજ ફિલ્મ્સ સ્પાય યુનિવર્સનું છઠ્ઠું ચિત્રપટ છે. પહેલી ફિલ્મનું ડિરેક્શન સિદ્ધાર્થ આનંદે કર્યું હતું જ્યારે સિક્વલના દિગ્દર્શનની ધુરા અયાન મુખરજીએ સંભાળી છે. 'વોર ટૂ'માં હૃતિક રોશન સિક્રેટ એજન્ટ કબીર ધાલીવાલના રોલમાં ફરી જોવા મળશે જ્યારે નેગેટિવ રોલમાં - વિલનની ભૂમિકામાં 'આરઆરઆર'થી હિન્દી ફિલ્મ જોતા દર્શકોમાં વધુ જાણીતો બનેલો જુનિયર એનટીઆર છે. પહેલી ફિલ્મમાં નેગેટિવ રોલ સંજીવ વસ્તએ કર્યો હતો. 'વોર ટૂ'માં સાઉથના બિગ સ્ટારની હાજરીથી ખલનાયક વધુ દમદાર હશે એવા એંધાણ જરૂર મળે છે. આ પ્રકારની ફિલ્મોમાં હીરોઈનનો રોલ એકંદરે હાજરી પુરાવવા પ્રકારનો હોય છે અને એટલે વાણી કપૂર ('વોર'ની હીરોઈન)ની જગ્યાએ 'વોર ટૂ'માં કિયારા અડવાણીની હાજરીથી દર્શકોને બહુ ફેર નહીં પડે.

તમિલ ફિલ્મ 'કુલી'માં રજનીકાંતની હાજરી એનું પ્રમુખ આકર્ષણ છે. આજે પણ રજની સરની ફિલ્મ જોવાની એટલે જોવાની જ એવો ચાહકવર્ગ જળવાઈ રહ્યો છે. જોકે, ટકાવારીમાં ફેર પડ્યો હશે, પણ ફિલ્મ માટે ઉત્કંઠા તો રહે જ છે. એક મહત્ત્વની વાત એ છે કે 'વોર ટૂ'માં દેશદાઝનો તડકો છે, જ્યારે 'કુલી'માં સોનાની દાણચોરી કેન્દ્રસ્થાને છે. અન્ય એક નોંધવાની બાબત એ છે કે 'કુલી' તમિલમાં તૈયાર કરવામાં આવી છે, પણ હિન્દી, તેલુગુ અને કન્નડ ભાષામાં પણ ડબ કરી રિલીઝ કરવામાં આવશે. યશરાજની હિન્દી ફિલ્મ 'વોર ટૂ' પણ તેલુગુ અને તમિલમાં ડબ કરી રિલીઝ કરવામાં આવશે. આમ હિન્દી - સાઉથ મુકાબલો પોતપોતાના પ્રદેશ ઉપરાંત એકબીજાના વિસ્તારમાં પણ જોવા મળશે.

હિન્દી ફિલ્મ 'વોર ટૂ'માં જેમ સાઉથ સ્ટાર જુનિયર એનટીઆર છે એમ તમિલ ફિલ્મ 'કુલી'માં હિન્દી ફિલ્મના બિગ સ્ટાર આમિર ખાનની હાજરી છે. આનો અર્થ એ કરી શકાય કે 'વોર ટૂ'ના સાઉથની ભાષાના ડબ વર્ઝન માટે આકર્ષણ વધારવા જુનિયર એનટીઆરની હાજરી છે તો હિન્દીમાં ડબ કરવામાં આવેલી 'કુલી' માટે મુખ્યત્વે હિન્દી ફિલ્મો જોતા દર્શકોમાં આકર્ષણ વધે એ માટે આમિર ખાનને લેવામાં આવ્યો છે. અલબત્ત, બંને કલાકારનું અભિનય કૌશલ શિરોમાન્ય પણ જે તે પ્રદેશમાં એમની લોકપ્રિયતાના ફેક્ટરને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યું છે એ હકીકત છે.


હિન્દી - સાઉથની ટક્કરમાં એક વધારાનો રસપ્રદ મુકાબલો છે વરુણ ધવન - જહાનવી કપૂરની હિન્દી ફિલ્મ 'સની સંસ્કારી કી તુલસી કુમારી' અને રિષભ શેટ્ટીની કન્નડ ફિલ્મ 'કાંતારાઃ ચેપ્ટર વન' વચ્ચે. શશાંક ખૈતાન (હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા, બદ્રીનાથ કી દુલ્હનિયા, ધડક, ગોવિંદા નામ મેરા) દિગ્દર્શિત આ ફિલ્મનું ટાઈટલ જ ફિલ્મની પાર્શ્વભૂમિ સમજાવી દેવા પૂરતું છે. અલબત્ત, ફિલ્મને હલકી ફુલકી કોમેડી તરીકે પ્રોજેક્ટ કરવામાં આવી છે. રિષભ શેટ્ટીની કન્નડ ફિલ્મ માઈથોલોજિકલ એક્શન થ્રિલર છે. ટૂંકમાં બંને ફિલ્મના પ્લોટ ઉત્તર - દક્ષિણ છે. એટલે દર્શકોનું વિભાજન થાય છે કે કેમ એનું અનુમાન કરવું મુશ્કેલ છે. વળી, કન્નડમાં બનેલી 'કાંતારાઃ ચેપ્ટર વન' હિન્દી, તેલુગુ, તમિલ, મલયાલમ અને બંગાળી ભાષામાં ડબ કરવામાં આવી છે. વરુણ ધવનની ફિલ્મ સાઉથની કોઈ ભાષામાં ડબ થઈ છે કે કેમ એની જાણકારી નથી. એટલે કન્નડ ફિલ્મનો વકરો હિન્દી ફિલ્મ કરતાં ચડિયાતો હશે એવું પ્રાથમિક દૃષ્ટિએ લાગે છે.

હિન્દી - સાઉથ સંઘર્ષ આવતા વર્ષે પણ જારી રહેશે અને ફિલ્મોને વ્યાપક બનાવવાના વિવિધ પ્રયાસો અંતે તો દર્શકોના હિતમાં જ છે ને?! ■

---

**સ્ટાર-યાર-કલાકાર**
સંજય છેલ

## કહું છું જુવાનીને...
## પ્લાસ્ટિક સર્જરીથી કોસ્મેટિક દવાઓનું ખતરનાક કોકટેલ!






ઈટલીમાં એક અભિનેત્રી ખૂબ લોકપ્રિય હતી, પણ ધીમે ધીમે એનું રૂપ ઝંખવાવા માંડ્યું. ઉંમર દેખાવા માંડી. પછી એ સુંદર હીરોઈન એક અવાવરું જગ્યાએ બ્યુટી ટ્રીટમેન્ટ માટે ગઈ ને બે-ચાર વર્ષ પછી પાછી આવી. જાણે વીસ વર્ષ એની ઉંમર પાછળ ધકેલાઈ ગઈ હોય એવી લાગતી હતી. ફરીથી સ્ટાર બની, ફરીથી લોકો એનાં રૂપ પાછળ આશિક બન્યાં. પણ હવે એ કોઈને મળતી નહીં, પાર્ટીઓમાં જતી નહીં, કોઈ સાથે દોસ્તી, રોમાન્સ, ઈન્ટરવ્યૂ કંઈ કરતાં કંઈ જ કરતી નહીં. એક પત્રકારને જરા શક પડ્યો. એણે હીરોઈનનો પીછો કર્યો. એ રોજ એક અવાવરુ ટાપુ પર સુના બંગલામાં રહેવા જતી રહેતી. ત્યાં બહારથી કોઈનેય આવવાની છૂટ નહોતી, પણ પત્રકાર ગમે તેમ કરીને અંદર પહોંચે છે ત્યારે એને ખબર પડે છે કે આ હીરોઈન એટલે એ પોતે નહીં, પણ એ હીરોઈનની દીકરી છે જે અદ્લોદલ એનાં જેવી જ દેખાય છે. એટલે જૂની હીરોઈન ફેડોરાએ પોતાને બદલે પોતાની જુવાન દીકરીને ફિલ્મોમાં મૂકી પણ નામ પોતાનું જ આપ્યું, જેથી એ પોતે હજી પણ સુંદર છે અને લોકપ્રિય પણ છે એવું દુનિયા માને!

હવે આ કહાણીમાં ટ્વિસ્ટ આવે છે. પેલી જુવાન દીકરીને પત્રકાર સાથે પ્રેમ થઈ જાય છે. એ પોતાની આપવીતી કહે છે, પત્રકાર સાથે ભાગી જવા માગે છે, પણ માની કેદમાંથી મુક્ત થવું શક્ય નથી...છેવટે એ જુવાન દીકરી આત્મહત્યા કરે છે. કરુણતાની પરાકાષ્ઠા તો હવે આવે છે. સ્મશાનયાત્રામાં લોકો એમ માને છે કે પેલી મહાન અભિનેત્રી 'ફેડોરા' ગુજરી ગઈ છે! જે છેવટ સુધી સુંદર ને આકર્ષક હતી, પણ પેલી વૃદ્ધ 'ફેડોરા' તો છુપાઈને પોતાની દીકરીની અંતિમયાત્રા જોઈ રહી છે કે પછી તો પોતાનાં 'નામ'ની અર્થી મરેલ દીકરીમાં જોઈ રહી છે! દરેક સ્ટારને આખી જિંદગી ખૂબસૂરત દેખાઇને અમર થવાનું સપનું હોય છે. આજકાલ તો ટોપ ટુ બોટમ બધાં એટલે કે લગભગ બધાં જ ફિલ્મ સ્ટાર્સ અનંતકાળ સુધી સુંદર જ દેખાવા માગે છે ઈચ્છે છે, જે શક્ય નથી અને કુદરતનું સત્ય પણ નથી.

હમણાં આપણી ગુજરાતી કલાકાર-ડાન્સર-મૉડલ સ્વ. શેફાલી જરીવાલા અમારી બહુ સારી મિત્ર તો નહોતી, પણ ઓળખાણ ચોક્કસ હતી. એકદમ ચિયરફૂલ ને મજાનું વ્યક્તિત્વ. આમ અચાનક કોસ્મેટિક પ્રોડક્ટ્સને કારણે એ અકાળે ગુજરી જશે એ કલ્પવું પણ ધ્રુજાવી મૂકે છે.

આ પહેલાં મિષ્ટી મુખર્જી નામની મૉડલ પેટની ચરબી ઓછી કરવા બેરિયાટ્રીક સર્જરીને લીધે ગુજરી ગયેલી. ૧૯૯૦ના અદ્ભુત કોમેડિયન અને વ્યંગકાર ટી.વી. કલાકાર સ્વ.જસપાલ ભટ્ટીનાં અદ્ભુત સાથી કલાકાર વિવેક શૌક પણ આવી જ રીતે ચરબી ઉતારવાની સર્જરીના ચક્કરમાં ભરી જુવાનીમાં અવસાન પામ્યા. સાઉથની અભિનેત્રી આરતી અગ્રવાલ પણ આવી જ રીતે ચરબી ઉતારવા લિપોસક્શન સર્જરીમાં જાન ગુમાવી ચૂકેલી.

અમારી પારિવારિક મિત્ર, અભિનેત્રી અને સુપર સેક્સી આયેશા ટાકિયા કોસ્મેટિક સર્જરીથી સાવ બદહાલ થઇ ગયેલી લાગે છે. આજની બહુ પ્રોમિસિંગ અભિનેત્રી ભૂમિ પેડણેકરે પોતાનાં હોઠોની સર્જરી કરીને એવી હાલત કરી છે કે એના હોઠ ચુંબન કરવા માગે છે કે ચા પીવા માગે છે એ જ ખબર નથી પડતી. અનેકવાર બોટોક્સની સારવાર કર્યા બાદ 'ડ્રીમગર્લ' હેમામાલિનીજીને આજે તમે મળો તો એ જરાક જ હસે, માપી-તોલીને અને તમને એમ લાગે કે આ હેમાજી પોતે છે કે એમનું મીણનું પૂતળું છે?

આજ રીતે, અનેક કોસ્મેટિક સર્જરી બાદ સદાબહાર સ્ટાર જીતેંદ્રને જોઇને એમ લાગે કે જો એ વધારે હસશે તો પ્લાસ્ટિક સર્જરીને લીધે ચહેરા પરથી ચામડીનાં ચારપાંચ પડ ઉખડીને ખરી પડશે.

એક જમાનામાં બ્લેક અર્થાત્ કાળાં એફ્રોઅમેરિકન લોકોની ઓળખ સમાન મહાન ડાન્સર માઇકલ જેકસન જગભરમાં ઓળખાતા અને પછી એમણે જ લાખો ડૉલરનો ખર્ચ અને હેલ્થનું રિસ્ક લઇને આખેઆખી ચામડી સફેદ બનાવી નાખેલી અને આખરે એમના મોતની પાછળ પણ એ જ સર્જરીનો હાથ હતો એમ કહેવાય છે. ઈન શોર્ટ, એક આખી મેડિકલ લોબી એમ મનાવવા માગે છે કે સુંદરતા એ તો ઉપરછલ્લી, સ્કિન ડીપ - માત્ર ચામડી સુધીની વાત છે. એમાંયે આખી ફેશન ઈન્ડસ્ટ્રી અને કોસ્મેટિક દવાઓનું બજાર સ્ત્રીનાં બાહ્ય સૌંદર્ય, બહારનો દેખાવ અને સેક્સ અપીલ એ બધાં પર જ પુરુષો પર સહેજ વધુ ધ્યાન આપે છે એવું સતત લોકોનાં મનમાં ઘુસાડે છે. 'મિસ યુનિવર્સ' કે 'મિસ ઇંડિયા' જેવી હરીફાઇમાં પણ ફેશન જગત કે રૂપરંગની દવાબજાર જ હોય છે.

એ જ રીતે પુરુષ કલાકાર પોતાના સુડોળ શરીરમાં મસલ્સ દેખાડવા જાતજાતનાં સ્ટિરોઇડવાળા ઇંજેક્શનો કે ઉપરનાં પ્રોટીન પાવડરો ઝાપટે છે ને પછી અમુક વરસે એની આડ અસરથી આજનાં અમુક સુપરસ્ટાર નપુંસક થવાને આરે પહોંચી ગયા છે. શાસ્ત્રોમાં વૃદ્ધ ઋષિ-મુનિઓ કહેતા કે સ્ત્રીનાં શરીરમાં શું દાટ્યું છે? અસ્થિ-મજ્જા-માંસ- લોહી...એમાં છે શું?

વાત સાચી ખરી, પણ જો સ્ત્રીનાં શરીરમાં લોહી, હાડકાં, માંસ છે તો એ વૃદ્ધ જર્જરિત ઋષિઓનાં શરીરમાં શું હીરા-મોતી કે માણેક છે? તપસ્વીઓની વાર્તામાં આપણે મોટે ભાગે જોઈએ છીએ કે કોઈ અપ્સરાઓ આવીને એમની આસપાસ ઓછાં કપડાંમાં 'આઈટેમ નંબર' જેવો બે પાચ મિનિટ નૃત્ય કરીને એમનાં સો-બસો વર્ષોનાં તપમાં ભંગ પાડે છે. એનો મતલબ કે પેલાં નૃત્ય વધારે શક્તિશાળી હતો કે એ અપ્સરાનાં રૂપ?

સત્ય આજે પણ એ જ છે કે હીરો-હીરોઇનો કે મૉડલ્સમાં આપણાં લોકોને સુંદર ચહેરા-શરીર જ ગમે છે.. અને જ્યારે કોઈ પણ વ્યક્તિમાં સૌંદર્યની ઘેલછા ઘુસી જાય છે, ત્યારે એ સુંદરતા ખૂબ કદરૂપી બની જાય છે માટે હીરો-હીરોઇનનાં દેખાવને જોઇ ખુદ પર કોઇ કૃત્રિમ દવા-સર્જરીનું જોખમ ના લેતા. એવા અખતરા કોઈને માટે પણ જીવલેણ ખતરો બની જાય છે... ■


---

**સાત્વિકમ્ શિવમ્**
અરવિંદ વેકરિયા

## કિંમત જોયા વગર વસ્તુ ખરીદવી છે? - તો ઘડિયાળ જોયા વગર મહેનત કરો!

ગુજરાતને 'ધમરોળવાનું' સપનું, મુંબઈ-મહારાષ્ટ્રમાં ખૂબ સરસ રીતે સાકાર થયું. એક પણ 'સોલ્ડ-આઉટ' શો વગર અવિરત રફતાર સાથે જયારે ૨૦૦ શોનો આંકડો પાર કર્યો ત્યારે ઘણાનાં મનમાં જાતજાતનાં વિચારો સાથે મીઠી ઈર્ષ્યા પણ જન્મી ગઈ હોય તો નવાઈ નહીં!

'માણસ માત્ર લફરાને પાત્ર' (મા.મા.લ.પા.)ના નિર્માતા ડોલર પટેલના સાઢુભાઈ, નામ જમન પટેલ, જે દહીસરની 'ગીતાંજલિ' નામની જાણીતી હીરાની કંપનીમાં કામ કરતાં હતાં. 'ધૂપછાંવ', અને 'કેવડાના ડંખ' સિરિયલો જયારે ડોલરે બનાવી ત્યારે સાઢુભાઈને નાતે તેઓ સેટ પર આવતા-જતા રહેતા. આ બંને સિરિયલ આપણાં ગુજરાતી નાટક ઉપરથી બનેલી અને નાટકનાં લેખક અને પત્રકાર હરીન મહેતા ત્યારે હયાત નહોતા. ધંધાદારી કાર્યવાહી બધી હરીનભાઈનાં પત્ની મીરા ભાભી અને પુત્ર કાર્તિક મહેતા કરતાં. કાર્તિક એક કાબેલ દિગ્દર્શક તો હતો સાથે કલમનો પણ બાપની જેમ કમાલનો કારીગર હતો. 'નસીબની બલિહારી' ફિલ્મ ઉપરાંત ઘણી સિરિયલો પણ ડિરેક્ટ કરેલી. જાણીતા કલાકાર-સંગીતકાર હિમેશ રેશમિયાના પિતાશ્રી વિપિન રેશમિયાની સિરિયલ પણ ડિરેક્ટ કરી જેમાં મને પણ કામ કરવાની તક મળેલી.


ડી. એસ. મહેતા
જાણીતા કલાકાર - લેખક

સેટ પર આવતાં જમન પટેલનું કાર્તિક સાથે બહુ સારું ટ્યુનિંગ થઈ ગયેલું. કાર્તિકના લગ્ન આશા નામની યુવતી સાથે થયેલાં ત્યારે જમન પટેલ પણ આગળ પડતા હતાં. આ કાર્તિક મહેતા પાસે આવો જ એટલે કે માણસ માત્ર...જેવો બોલ્ડ વિષય હતો. મા.મા.લ.પા.ની આંખ ફાટી જાય એવી સફળતા જોઇને જમનભાઈને પણ નાટક બનાવવાનો 'કીડો' સળવળવા લાગ્યો અને મને ડિરેક્ટ કરવા કહ્યું.

મારી એક નબળાઈ છે કે હું કોઈને 'ના' પાડી નથી શકતો. હોશિયાર અને સમજદારમાં ઘણો ફરક છે. હોશિયાર રસ્તા પરનાં કાંટાથી બચીને નીકળી જાય, જ્યારે સમજદાર રસ્તા પરનાં કાંટાને વીણી લે. મેં જમનભાઈને પ્રોજેક્ટ માટે હા પાડી. નાટક લખવાની વાત કરું તો કાર્તિક મહેતા સરસ લખે...પણ મૂળ એ 'રીલ'નો માણસ. નાટકનું લખાણ જરા અલગ હોય. જમનભાઈએ મને કહ્યું. મેં એમને સમજાવ્યું, 'અહીં ડિવિઝન ઓફ લેબર હોય, લેખન, સંગીત, સંગીત સંચાલન, લાઈટ.. બધાં પોતપોતાનાં કામ કરે. આપણે નાટક કોઈની પાસે લખાવવું પડે.' જમનભાઈએ લેખક શોધવાની જવાબદારી પણ મને સોંપી.

હું 'ના' ન પાડી શક્યો. જવાબદારી બધી મારા પર આવતી ગઈ. સમજણ વિનાનું સમર્પણ અને વિવેક વિનાનો વિરોધ બંને ભયાનક હોય છે એની અનુભૂતિ આ પ્રોજેક્ટમાં આગળ વધતાં થવા લાગી. ડોલર સાથેના સંબંધોએ મને 'હા' પાડવા મજબૂર કરી દીધો, ખેર!

એક સમયનાં જબરજસ્ત કલાકાર ડી.એસ.મહેતા, જેમણે પ્રવીણ જોશી સાથે આઈ.એન.ટી. જેવી માતબર સંસ્થામાં કામ કરેલું. એમનો લખેલો એક 'પ્લે' મેં ટી.વી. ઉપર ડિરેક્ટ કરેલો. મને એ ગમેલો. ત્યારે મયંક મહેતાને નાટક કરવું હતું. મેં એમને ડી.એસ.નાં નાટકની વાત કરી. એ નાટકનું મંચન 'અમે તો હરખપદુડા'નાં નામે કર્યું. અમિતા ચોકસી, હરેશ પંચાલ વગેરે કલાકાર હતાં. અમિતા ચોકસીને તમે ઘણી હિન્દી સિરિયલ્સમાં પણ જોઈ હશે.

એ નાટકને કારણે લેખક માટે મને ડી.એસ. મહેતા યાદ આવ્યા. આમ પણ રોજ સવારે 'કેમ છો, કાકા? જય શ્રી કૃષ્ણ.' કહી થોડો વાર્તાલાપ રોજ કરવાનો વણથંભ્યો નિયમ બની ગયેલો.

મેં એમને નક્કી કરી નાખ્યાં. કાર્તિક સ્ક્રીન-પ્લે લખે અને એના પરથી નાટકની બાંધણી ડી.એસ.મહેતાએ કરવાની. જૂના સંબધ ગણો કે સંસ્કાર, એમણે મારી સાથે બહુ સારું વર્તન દાખવ્યું. વર્તનથી પણ એક વાર્તા લખી શકાય છે. દરેક લખાણ માટે 'પેન'ની જરૂર નથી.

પછી તો રોજ સાંજે મળવાનું. કાર્તિક 'પીવાનો' શોખીન...વધુ પડતો શોખીન. બોરીવલીની સામે જ એક બાર છે. હું, ડી.એસ.. અને કાર્તિક ત્યાં ડીસ્કસ કરીએ. કાર્તિક સ્ક્રીન-પ્લે લખીને લાવે. વિચારોનું આદાન-પ્રદાન થાય અને બીજે દિવસે ડી.એસ. મેહતા એને નાટ્યરૂપ આપી લખીને લઈ આવે.

આમ સ્ક્રિપ્ટ પૂરી લખાય ગઈ કે તરત મહારાષ્ટ્ર-ગુજરાત માટે સેન્સર બોર્ડને મોકલી આપવી એવું નક્કી થયું. આ વખતે પ્રમાણપત્ર નિર્માતાના નામે જ લેવું એવું પણ નક્કી થયું.

નાટકનાં રિહર્સલ પણ શરૂ થઈ ગયાં. તુષાર કાપડિયા, હિતેશ સંપટ, વિજેતા, જયદેવી અને સતીશ નામનો મરાઠી કલાકાર પણ હતો. રજૂઆત કરવા થિયેટરની દોડા-દોડી ડોલર અને જમનભાઈ સાથે કરતા. આમ પણ ડોલર પટેલનું નામ 'મા.મા.લ.પા.' ને કારણે ચર્ચામાં તો હતું એટલે થિયેટર મેનેજરો પાસે માન જળવાતું. જમનભાઈ નોકરીયાત માણસ, એટલે પૈસાની કિંમત એને ખબર હતી. કિંમત જોયા વગર વસ્તુ ખરીદવી હોય તો ઘડિયાળ જોયા વગર મહેનત કરવી પડે, જમનભાઈ દિલથી મહેનત કરતાં, નોકરી સાચવીને.

એક ખૂબ જ જાણીતા સાહિત્યકારની એક રચના વાંચી. મેં એના પરથી નાટકનું ટાઈટલ રાખવાનું નક્કી કર્યું. એમનો પંક્તિમાં સંદર્ભ જુદો હતો પણ મેં નાટકનાં બોલ્ડ વિષયને અનુરૂપ બનાવ્યો.

એ ટાઈટલ નક્કી કરી એક જાણીતાં અખબારમાં જા.ખ. આપું, એ એકવાર છપાય જાય અને પછી પોતાનાં સિદ્ધાંતોને લઈ જે અવલ્લ છે અને જે લોકપ્રિય અને સૌથી જૂનું અખબાર છે એવું 'મુંબઈ સમાચાર' જો એ શીર્ષક સાથે જા.ખ, લેવાની 'ના' પાડે તો પેલા અખબારમાં આપેલી જા.ખ. તો ફોગટ જાય. અને 'મુંબઈ સમાચાર'નો દબદબો એવો કે જો એમાં જા.ખ. ન આવે તો નાટક ચાલે જ નહીં. નાટકનું બુકિંગ 'મુંબઈ સમાચાર'માં આવતી જા.ખ. ને લીધે જ થતું.

ત્યારે હું અને દીપક સોમૈયા એડ.નાં વ્યવસાયમાં સાથે હતાં. દીપક મને કહે આપણે શ્રી કામાશેઠની સલાહ લઈએ અને... ■

**ડબલ રિચાર્જ**
'ફાંદ' એટલે શું?
'તમારી માલિકીના પ્લોટ બહારનું ગેર-કાયદેસર બંધકામ...'

ફિલ્મનામા
નરેશ શાહ

## શોમેન વર્સેસ સુપરસ્ટારઃ
# નિયતિ તેરી રીત નિરાલી....

### વાત 'જો અને તો'વાળી છે, પણ શોમેન સુભાષ ઘઈ અને સુપરસ્ટાર રાજેશ ખન્ના એક પથના મુસાફિર હતા!

**નિષ્ફળતાથી** નિરાશ થનારા લોકોને મોટાભાગે એ સમજાતું હોતું નથી કે નિયતિ એની પાસેથી કઈ કોઈ અન્ય અપેક્ષા રાખીને બેઠી હોય છે. જો એવું ન હોત તો કદાચ આજે આપણે હિન્દી સિનેમાના પ્રથમ સુપરસ્ટાર તરીકે રાજેશ ખન્ના (જન્મઃ ૧૯૪૨)નું નહીં, સુભાષ ઘઈ (જન્મઃ ૧૯૪૫)નું નામ લેતાં હોત..! યસ, હિન્દી સિનેમામાં ૨૧માંથી ૧૫ જેટલી દમદાર અને મોટા ફલકવાળી સુપરહિટ (વિશ્વનાથ, વિધાતા, કર્મા, સૌદાગર, પરદેસ) ફિલ્મો ડિરેક્ટ કરીને 'શો- મેન'નું બિરુદ પામનારા સુભાષ ઘઈએ ૨૦૨૫ સુધીમાં તો લેખક તરીકે ૨૦, પ્રોડ્યુસર તરીકે ૩૦ અને ૨૫ (પોતાની બાર ફિલ્મોમાં તો કેમિયો ઉપરાંત અભિનેતા તરીકે તેર) ફિલ્મો અભિનેતા તરીકે કરી છે . પણ આ બધું તો (અને ત્યારે જ) થઈ શક્યું જ્યારે એમને મળનારી અભિનેતા તરીકેની ફિલ્મો રાજેશ ખન્નાને મળી ગઈ. એ વખતે તો સુભાષ ઘઈના હાથમાં 'બાબાજી કા ઠુલ્લુ' જ આવ્યા.

બહુ તકલીફદેહ હોય છે આવી ઘટનાઓ, જે તે સમયે. હક્કીત તો એ છે કે મોટાભાગના લોકોને અથવા તો ફિલ્મરસિયાઓને શો મેન સુભાષ ઘઈ અને સુપરસ્ટાર રાજેશ ખન્નાના આ ક્રોસ કનેકશનની ખબર જ નથી. વાત ૧૯૬૫ની છે. અલગ થઈ ગયેલા માતા-પિતામાંથી પિતા (અને નવી માતા) સાથે રહીને મોટા થયેલાં સુભાષ ઘઈ એ વખતે 'ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા' (એફટીઆઈઆઈ)માં અભિનયની તાલીમ લેતા હતા. જડસુ જેવા પિતા અને નાના બહેન - ભાઈ સુમિતા અને અશોક (ઘઈ પણ ફિલ્મ નિર્માતા બન્યા પછીથી)ને છોડીને 'એફટીઆઈઆઈ'માં ભણતી વખતે બધાની સાથે સુભાષ ઘઈએ પણ 'યુનાઈટેડ પ્રોડ્યુસર કમ્બાઈન'ની 'ટેલેન્ટ હંટ' જેવી સ્પર્ધામાં ભાગ લીધો હતો. ભારતભરમાંથી અભિનયનો શોખ ધરાવતાં લોકો આ કોન્ટેસ્ટમાં ભાગ લેતા હતા, કારણ કે તેની સાથે બી.આર. ચોપડા, જી.પી.સિપ્પી, નાસિર હુસૈન, જે.ઓમપ્રકાશ (હૃતિક રોશનના નાના), શક્તિ સામંત જેવા મહારથી નિર્માતા-નિર્દેશકો જોડાયેલા હતા.


સુભાષ ઘઈ


રાજેશ ખન્ના

વિજેતાઓને આ પ્રોડ્યુસરો-ડિરેક્ટરો પોતાની ફિલ્મોમાં અભિનયની તક આપતા હોવાથી બે હજાર જેટલા અભિનેતા-અભિનેત્રી બનવા ઈચ્છુકોએ આ કોમ્પિટિશનમાં ભાગ લીધો હતો. બાય ધ વે, આપણને હિ-મેન અને હેન્ડસમ ધર્મેન્દ્ર પણ આ હરીફાઈમાંથી જ મળ્યા હતા. ૨૦૦૦માંથી જે ૨૦૦ અરજી પસંદ થઈ અને તેમાં સુભાષ ઘઈ હતા અને રાજેશ ખન્ના પણ. બેશક, ત્રણ દિવસ ચાલેલી એ સ્પર્ધામાં પ્રથમ દિવસે રાજેશ ખન્ના અને છેલ્લા દિવસે સુભાષ ઘઈની અભિનય-ટેસ્ટ લેવામાં આવી. પરિણામમાં પાંચ વિજેતાના નામ જાહેર થયા. રાજેશ ખન્ના, ધીરજકુમાર, ફરિદા જલાલ, બેબી સારિકા (હા, 'અખિયોં કે ઝરોખોં સે' ની હીરોઈન) અને સુભાષ ઘઈ.

આજે આપણને વિચિત્ર લાગે પણ પ્રોડ્યુસરો-ડિરેક્ટરોએ એકટિંગમાં પ્રથમ નંબર સુભાષ ઘઈને, બીજો નંબર પર જતીન (રાજેશ) ખન્ના અને ત્રીજો નંબર ધીરજકુમારને આપ્યા હતા, પણ કિસ્મત કે નિયતિના ખેલ જુઓ. જી. પી. સિપ્પી આ હરીફાઈ શરૂ થઈ ત્યાર પહેલાં જ 'રાઝ' ફિલ્મ (ડિરેક્ટર રવીન્દ્ર દવે) બનાવવાની જાહેરાત કરી ચૂક્યા હતા. સેટ બની ગયો હતો. શૂટિંગ શરૂ થવામાં હતું, પણ 'રાઝ'માં હીરો તરીકે કામ કરતા નવોદિતની ડાયલોગ ડિલિવરી બહુ નબળી હતી. એટલે જી.પી. સિપ્પીએ સજેસ્ટ કર્યું કે ગઈકાલે જતીન ખન્ના નામના અભિનેતાએ જે પર્ફોમન્સ આપેલું એ ઠીકઠાક હતું. આમ પણ, હોરર ફિલ્મોમાં ચહેરા પર ભય અને ગભરાટ લાવી શકે એ અભિનેતા ચાલે અને એટલે... ત્રીજા દિવસે સુભાષ ઘઈ પોતાનું પર્ફોમન્સ આપવા જતા હતા એ પહેલાં મળેલા જતીન ખન્નાએ એમને કહ્યુંઃ 'મારે તો કાલથી જ શૂટિંગ પર જવાનું છે.!'

સુભાષ ઘઈ કહે છે કે, 'જો હરીફાઈના પ્રથમ દિવસે જ મારું ઓડિશન હોત તો કદાચ, 'રાઝ' ફિલ્મના હીરો તરીકે રાજેશ ખન્ના નહીં, હું પસંદ થઈ ગયો હોત!'...પણ નિયતિ સુભાષ ઘઈ માટે બીજું જ ધારીને બેઠી હતી એટલે બીજી વખત પણ રાજેશ ખન્ના જ 'કાળા બિલાડા'ની જેમ આડા ઉતર્યા. ટેલેન્ટ હંટના વિજેતા બન્યા પછી સુભાષ ઘઈ નાસિર હુસૈનને મળ્યાં તો એ 'બહારોં કે સપને' નામની ફિલ્મ બનાવવાની તૈયારી કરતા હતા. એમણે સુભાષ ઘઈને એમાં હીરો તરીકે લેવાનું આશ્વસન આપ્યું અને ફિલ્મના પ્રિ-પ્રોડકશનમાં ગૂંથાઈ ગયા. સુભાષ ઘઈને પણ લાગ્યું કે એને બ્રેક મળી ગયો છે, પરંતુ 'બહારોં કે સપને' ફિલ્મમાં બધું ફાઈનલાઈઝ થતું હતું ત્યારે જી.પી. સિપ્પીએ નાસિર હુસૈનને સૂચવ્યું કે તમે 'બહારોં કે સપને' ફિલ્મમાં હીરો તરીકે રાજેશ ખન્નાને લો તો ફિલ્મ રિલીઝ વખતે થતો પ્રમોશનનો ખર્ચો આપણા વચ્ચે વહેંચાઈ જશે અને રાજેશ ખન્નાના માર્કેટિંગને કારણે બન્નેની ફિલ્મને ફાયદો થશે!

બસ, સુભાષ ઘઈ મોટા અભિનેતા નહીં બને એ નક્કી થઈ ગયું હતું, પરંતુ સ્ટ્રગલર એમ હથિયાર મૂકતાં નથી. સુબોધ મુખરજીએ સુભાષ ઘઈને પોતાની નવી ફિલ્મ 'શાગીર્દ'માં સાયરાબાનો સામે હીરો તરીકે પસંદ કરી લીધા હતા, પણ ફિલ્મ ફલોર પર ગઈ ત્યારે સુબોધ મુખરજીએ પોતાના ભત્રીજા જોય મુખરજીને હીરો તરીકે લીધા હતા. હતાશ સુભાષ ઘઈને એમણે કહ્યું કે, 'યાર, તું એક્ટર તગડો છે પણ દેખાવમાં બહુ દુબળોપાતળો છે!'

એ જ દુબળોપાતળો યુવાન એટલે સુભાષ ઘઈ બે દશકા પછી જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પહેલાં રાજ કપૂર અને ત્યાર બાદ બીજા 'શો- મેન 'તરીકે વિખ્યાત થવાનો હતો! ■

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

આ ગીતો કઈ ફિલ્મનાં છે અને કયાં વાહન પર શૂટ કરવામાં આવ્યાં છે?

૧) અજીબ દાસ્તાન હૈ યે કહા શુરુ કહા ખતમ...
૨) વોહ શામ કુછ અજીબ થી યે શામ ભી અજીબ હૈ...
૩) સાવન કા મહિના પવન કરે શોર જીયારારે જુમે ઐસે...
૪) દિન હૈ બહારકે, તેંરે મેંરે પ્યાર કે દિલકે સહારે...
૫) ચાહે મેરી જાન તુ લેલે ચાહે ઈમાન તુ લેલે હૈયા હો...
૬) ઝીંદગી કી ના ટુટે લડી પ્યાર કરલે ઘડી દો ઘડી...
૭) ઓ માજી ચલ ઓ માજી ચલ, તુ ચલે તો છમ છમ...

### ક્વિઝ (બ)

આ સ્ક્રિન નામથી કયા કલાકારે કેટલી ફિલ્મો કરી અને એ કોણ છે એ એક્ટર જાણો છો?



૧) રાહુલ
૨) વિજય
૩) અજય
૪) કરણ
૫) રવિ
૬) રાજા
૭) રોહિત

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા


# સાહિત્યથી સિનેમા સુધી...


### પુસ્તક પરથી વધુ ફિલ્મ્સ બનવી જોઈએ કે નહીં?

ભારતીય સિનેમામાં સતત મોટી સ્ટારકાસ્ટ, ભવ્યતામાં લપેટેલી વિઝ્યુલ ઇફેક્ટ્સવાળી અને અર્થપૂર્ણ સારી વાર્તાવાળી અનેક પ્રકારની ફિલ્મ્સ બની રહી છે તેમ છતાં એક મૂલ્યવાન વાત પાછળ છૂટી રહી છે. એ છે સાહિત્યનો સિનેમા સાથેનો સંવાદ. સાહિત્ય કોઈ પણ દેશની સંસ્કૃતિ અને સામાજિક ભાવનાનું પ્રતિબિંબ હોય છે અને સાહિત્યમાંથી ફિલ્મ્સ બનાવવા એ માત્ર ક્રિએટિવ લાઇસન્સ નથી, પણ એક જવાબદારી છે કે જે સંસ્કૃતિ, લાગણી અને અર્થપૂર્ણ સંદેશ દર્શકો સુધી પહોંચાડે.

તાજેતરનાં વર્ષોમાં આપણે જોયું છે કે કેવી રીતે ભારતીય સિનેમા વારંવાર રિ-મેક કે બાયોપિક્સ તરફ વળે છે, પણ મૂળ સર્જનાત્મકતાને પૂરતું સ્થાન મળતું નથી.

બીજી તરફ, હોલિવૂડમાં સાહિત્ય પર આધારિત ફિલ્મ્સ અને સિરીઝનો ઊંડો પ્રભાવ જોવા મળે છે. 'લોર્ડ ઓફ ધ રિંગ્સ' હોય કે 'હંગર ગેમ્સ'..... એ બધાની પૃષ્ઠભૂમિમાં સાહિત્ય છે, પણ ભારત જેવા દેશમાં, જ્યાં વાર્તાઓનો ઇતિહાસ હજારો વર્ષ જૂનો છે. ત્યાં આજની ફિલ્મ ઈન્ડસ્ટ્રી પાસે એવું શું નથી કે તે ઊંડા અને અર્થસભર સાહિત્યમાંથી નવીન ફિલ્મ્સ ન બનાવી શકે?




અચાનક આ પ્રશ્ન ચર્ચામાં આવ્યો છે તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'આંખો કી ગુસ્તાખિયાં'ના કારણે. આ ફિલ્મ જાણીતા લેખક રસ્કિન બોન્ડની પ્રખ્યાત શોર્ટ સ્ટોરી 'The Eyes Have It' પરથી આધારિત છે. ફિલ્મના ડિરેક્ટર સંતોષ સિંઘનું કહેવું છે કે 'પશ્ચિમના દેશોમાં હેરી પોટર અને ગેમ ઓફ થ્રોન્સ જેવી ફિલ્મ્સ માત્ર થ્રી-ડી અને વિઝ્યુઅલ ગ્રાફિક્સ પર આધારિત નથી રહી, એમણે પુસ્તકનાં પાનાંઓને મોટા પડદા પર સાચવ્યા છે. હું આશા રાખું છું કે અહીં પણ આપણે એવી ફિલ્મ્સ બનાવીએ.'

ફિલ્મ 'આંખો કી ગુસ્તાખિયાં' એક દ્રષ્ટિહીન છોકરી અને એક દ્રષ્ટિહીન છોકરાની ટ્રેન જર્ની પર આધારિત છે. રસ્કિન બોન્ડ પોતે ફિલ્મમાં નરેટર તરીકે આવવાના હતા, પણ એમની ઉંમર અને સ્વાસ્થ્યને કારણે એ શક્ય ન બન્યું. આમ છતાં એમની શોર્ટ સ્ટોરી પર આધારિત ફિલ્મ સિનેમાને એક નવી આશા આપે છે.

એક સમય હતો જ્યારે ભારતીય સાહિત્ય પરથી સુંદર ફિલ્મ્સ બનતી હતી. શરતચંદ્ર ચટ્ટોપાધ્યાયની નવલકથા પરથી 'દેવદાસ', આર.કે. નારાયણની નવલકથા પરથી 'ગાઈડ', વિક્રમ શેઠની નવલકથા 'સ્યુટેબલ બોય' (પરથી વેબ સિરીઝ) ઉપરાંત સત્યજિત રેની ઘણી ખરી ફિલ્મ્સ ભારતીય સિનેમામાં સર્જનાત્મકતા માટે ઉદાહરણ હતી. ત્યારપછી આ પ્રવાહે જમાવટ ઓછી કરી અને વેપારગત સફળતાની મર્યાદામાં ફસાઈ ગયેલા નિર્માતા ફક્ત બજારુ વિષયોમાં ઊંડાણ કરવા લાગ્યા. બાદમાં ચેતન ભગતનાં પુસ્તકોએ ફરીથી એક નવી દિશા આપી. 'ફાઈવ પોઈન્ટ સમવન', 'થ્રી મિસ્ટેક્સ ઑફ માય લાઈફ' જેવી નવલકથાઓ સાવ સરળ ભાષામાં, સામાન્ય યુવાનોના જીવન અને સંબંધો પર આધારિત હોવાથી, એમને ફિલ્મમેકર્સે સરળતાથી અપનાવી લીધા. '૩ ઈડિયટ્સ', 'કાઈ પો છે' જેવી ફિલ્મ્સે સાબિત કરી દીધું કે નવલકથા પરથી ફિલ્મ બનાવવી માત્ર સંવેદનશીલ પ્રયત્ન નથી, પણ એ વ્યાવસાયિક રીતે પણ સફળ બનાવી શકાય છે.

હવે જો આપણે વધુ ઊંડા સ્તરે જઈએ તો માત્ર અંગ્રેજી નહીં, પણ ગુજરાતી, બંગાળી, મરાઠી અને હિંદી જેવી ભારતીય ભાષાઓમાં અઢળક એવો સાહિત્ય ખજાનો છે. તાજેતરમાં જ ગુજરાતીમાં 'કમઠાણ' પુસ્તક પર આધારિત હતી. હિન્દી ફિલ્મમેકર્સ પણ જોકે ઇતિહાસ તરફ જઈ રહ્યા છે. 'મણિકર્ણિકા', 'સમ્રાટ પૃથ્વીરાજ', 'તાન્હાજી', 'કેસરીઃ ચેપ્ટર ૨' જેવી ફિલ્મ્સ બને છે, પણ તેમાં ઘણીવાર ક્રિયેટિવ લિબર્ટી વધુ લઈ લેવાના વિવાદ પણ થાય છે. મૂળ ઐતિહાસિક સત્ય કે પાત્રની સંવેદનાથી મેકર્સ ભટકી જાય છે.

આજે જ્યારે એક નાની વાર્તા પરથી એવી સુંદર ફિલ્મ બની શકે છે ત્યારે મોટી નવલકથા કે મહાકાવ્ય પરથી કેટલું બધું રચાઈ શકે એ કલ્પના કરવી પણ રોમાંચક છે. 'આંખો કી ગુસ્તાખિયાં'ના દિગ્દર્શક સંતોષ સિંઘે આશા વ્યક્ત કરી છે કે 'રામાયણ જેવી પૌરાણિક કથા પરથી બની રહેલી ગ્રાન્ડ ફિલ્મ હોલિવૂડની ફિલ્મ્સ અને સિરીઝને ટક્કર આપી શકે છે.' જોકે આ માત્ર આશા નથી, આવશ્યકતા છે. આજે જ્યારે વિશ્વના દર્શકો ભારતીય કન્ટેન્ટ વધુ જોઈ શકે છે ત્યારે ભારતીય સાહિત્યનાં પાનાં પરથી ફિલ્મ્સ બનાવવી એ માત્ર એક વિકલ્પ નથી, પણ ફરજ છે.







આજની પેઢી ઓટીટી પ્લેટફોર્મ પર કંઈક અલગ, અર્થસભર અને દિલથી કહેલી વાર્તા મળે તો જોશે એમાં શંકા નથી. હવે જો આ પ્લેટફોર્મ્સ સાહિત્ય આધારિત કન્ટેન્ટ માટે ખુલ્લાં થઈ જાય તો તેમાં કેટલી નવી દિશાઓ ખૂલી શકે છે એની જસ્ટ કલ્પના કરો!

સાહિત્ય અને ફિલ્મ્સ એકબીજાના દુશ્મન નથી. એ સહયાત્રી છે. એક લેખક કલ્પનાના જગતમાં કહાની ઊભી કરે છે, અને એક ડિરેક્ટર તેને આંખોથી જોવાય તેવી બનાવે છે. બંને માધ્યમની પોતાની ખૂબી છે. નવલકથાના વર્ણન પરથી પિક્ચરાઇઝ થતાં દ્રશ્યો ડિરેક્ટર્સ ચેલેન્જ તરીકે પણ લેતા હોય છે. એમ ન કહેવાય કે બધી ફિલ્મ્સ સાહિત્યથી બને, પણ કેટલીક ફિલ્મ્સ તો એવી હોવી જોઈએ કે જે સાહિત્યના પાનાંની સુગંધ લાવે, જે દર્શકના મનમાં ઊંડા વિચાર છોડે, જે ફિલ્મ પૂરી થાય ત્યારે પણ પાત્રો જીવંત લાગે. બે આર્ટ ફોર્મ્સની જુગલબંધી વધુ ને વધુ થાય એ માટે મનોરંજન દેવને દર્શક સમાજની પ્રાર્થના! ■

**લાસ્ટ શોટઃ**

*'ધ બુક ઇઝ અ ફિલ્મ ધેટ ટેક્સ પ્લેસ ઈન ધ માઈન્ડ ઓફ ધ રીડર...'*
*- પાઉલો કોએલો*

ફોકસ
ડી. જે. નંદન

## 'સિતારે જમીન પર'
# આમિર ખાનનું પુનરાગમન સફળ રહ્યું?

જ્યારે મિસ્ટર પરફેક્શનિસ્ટ ઉર્ફે આમિર ખાન ત્રણ વર્ષની લાંબી ગેરહાજરી પછી ૨૦ જૂન ૨૦૨૫ના રોજ તેની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'સિતારે જમીન પર' લઈને આવ્યો, ત્યારે દરેકના મનમાં એક જ પ્રશ્ન હતો - શું શાહરુખ ખાનની જેમ લાંબી નિષ્ફળતા પછી આમિર ખાને આ ફિલ્મ સાથે સફળ પુનરાગમન કર્યું છે?

નોંધનીય છે કે ૬૦ વર્ષીય આમિર ખાન તેમની છેલ્લી બે ફિલ્મ, ઠગ્સ ઓફ હિન્દુસ્તાન (૨૦૧૮) અને લાલ સિંહ ચઢ્ઢા (૨૦૨૨) માં પણ સંપૂર્ણ ફ્લોપ રહ્યો હતો.

તેની અલગ વાર્તા, મજબૂત સ્ક્રિપ્ટ અને જોખમ લેવાની ક્ષમતા હોવા છતાં, તેને છેલ્લા લગભગ એક દાયકાથી સફળતા મળી રહી નહતી.

તેથી જ્યારે તે ત્રણ વર્ષ પછી તેની નવી ફિલ્મ લઈને આવ્યો અને ખૂબ જ બોલ્ડ નિર્ણય લીધો કે તે છ મહિના પહેલાં તેની ફિલ્મ ઓટીટી પર રિલીઝ નહીં કરે, ત્યારે તેણે સૌના મનમાં પ્રશ્નો ઊભા કર્યા, કારણ કે ૨૦૧૮ અને ૨૦૨૨માં આવેલી તેની છેલ્લી બંને ફિલ્મ ખરાબ રીતે ફ્લોપ રહી હતી.

તાજેતરમાં રિલીઝ થયેલી તેની ફિલ્મ 'સિતારે જમીન પર' ૯૦ કરોડ રૂપિયાના ખર્ચે બની હતી અને એવું કહેવાય છે કે તેને ઓટીટી પ્લેટફોર્મ દ્વારા ૧૨૦ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી હતી, પરંતુ જ્યારે આમિર ખાને હિંમત બતાવી અને આ ડીલ તરત જ નકારી કાઢી, ત્યારે તેણે એક રીતે પોતાની જાતને દાવ પર લગાવી દીધી.

પરંતુ એમ કહેવું જ જોઇએ કે આખરે આમિર ખાન પોતાના પ્લાનમાં સફળ થયો. શાહરુખ ખાનની જેમ, તે પણ સાત વર્ષ પછી ઇન્ડસ્ટ્રીમાં સફળ પુનરાગમન કરવામાં સફળ રહ્યો.

તેની ફિલ્મ 'સિતારે જમીન પર' એ માત્ર ત્રણ દિવસમાં વિશ્વભરમાં ૯૫.૭૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

પહેલા દિવસે માત્ર ૧૦.૭ કરોડ રૂપિયાથી શરૂ થયેલી તેમની ફિલ્મે બીજા દિવસે લગભગ ૩૦ કરોડ રૂપિયા અને રવિવારે ૪૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

આ રીતે, તેણે ત્રણ દિવસમાં તેનો ખર્ચ વસૂલ કર્યો છે અને આ રીતે આમિર ખાને પોતાના પહેલા લક્ષ્ય સાથે પ્રથમ અવરોધ પાર કર્યો છે.

આમિર સમયાંતરે નવાં પરિમાણો સેટ કરી રહ્યો છે. 'લાલ સિંહ ચઢ્ઢા'ના સમયે, તેના વિશે, ખાસ કરીને સોશિયલ મીડિયા પર, થોડું નકારાત્મક વાતાવરણ હતું.

કદાચ એટલા માટે જ આ વખતે તેણે સોશિયલ મીડિયા પર પોતાની ફિલ્મના પ્રમોશન માટે ખૂબ જ સંયમિત રણનીતિ બનાવી હતી. લો પ્રોફાઇલ રાખીને અને મૌખિક શબ્દો પર આધાર રાખતા.

બાય ધ વે, ભલે આમિર ખાનની આ ફિલ્મ ન ચાલે, અને કોઈ કારણોસર તે સતત ત્રીજી ફિલ્મ માટે ફ્લોપ જાય, તો પણ આમિર ખાનનું યોગદાન એટલું બધું છે કે તેને ભૂલી શકાય નહીં કે અવગણી શકાય નહીં.

સત્ય એ છે કે આમિર ખાને બોલિવૂડ સિનેમાનું ગુણવત્તા સ્તર ઊંચું કર્યું છે.

૯૦ ના દાયકામાં, જ્યારે બીજા બધા સ્ટાર્સ તેમની સ્ટાર વેલ્યૂ પર ધ્યાન કેન્દ્રિત કરતા હતા, ત્યારે આમિર ખાને ત્યારથી જ કન્ટેન્ટ ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું.

તેની ફિલ્મો 'જો જીતા વોહી સિકંદર', 'અંદાઝ અપના અપના' કે 'દિલ હૈ કી માનતા નહીં' જેવી શરૂઆતની ફિલ્મો હોય, તેણે સારી વાર્તાઓ પર કામ કરવાનું પસંદ કર્યું.

પછી, 'સરફરોશ', 'લગાન', 'દિલ ચાહતા હૈ', 'તારે ઝમીન પર', 'થ્રી ઇડિયટ્સ' અને 'દંગલ' જેવી ફિલ્મો સાથે, આમિર ખાને મુખ્ય પ્રવાહના બોલિવૂડ સિનેમા માટે ખૂબ જ ઉચ્ચ ધોરણો સ્થાપિત કર્યા.

આમિર ખાને પોતાની ભૂમિકા માટે જે પ્રકારનું સમર્પણ, સંશોધન, શરીર પરિવર્તન અને સંપૂર્ણતા આપ્યું છે એવું કોઈએ નથી આપ્યું. તેણે 'ગજની' માટે ફિટ્નેસ પર ધ્યાન આપ્યું. તેણે પોતાને 'દંગલ' માટે શરીર જાડું અને ફિટ બનાવ્યું.

તેની સંપૂર્ણતાએ માત્ર બોલિવૂડમાં જ નહીં પરંતુ દેશ અને દુનિયામાં અસંખ્ય નવા કલાકારોને પ્રેરણા આપી.

આમિર ખાને જે રીતે પોતાની ભૂમિકાઓ માટે સખત મહેનતના નવા ધોરણો સ્થાપિત કર્યા તે પણ એક મહામૂલ્ય છે. ■

હેન્રી શાસ્ત્રી




# વીણાનાં હુકમનાં પત્તાં કપાઈ ગયાં...

## મેહબૂબ ખાન- કે. આસિફ જેવા અગ્રણી ફિલ્મમેકરો સાથે કામ કરનારી આ અભિનેત્રીએ કેટલીક ટોચની ફિલ્મો કઈ રીતે ગુમાવી હતી?

*શાહબુદ્દીન, આઓ ઔર દેખો! અપની યે આબરૂ કા તમાશા દેખો... યે તુમ્હારી હી આબરૂ હૈ જો હમારી સારી બિરાદરી કે સામને તુમ્હારે હી ઘર કે આંગન મેં નાચ રહી હૈ. યે તુમ્હારી હી ગૈરત કા ખૂન હૈ, તુમ્હારી બેટી કા ખૂન હૈ જિસ પર તુમ્હારા પાઉં રખા હુઆ હૈ. દેખા, ઉસ મઝલૂમ ઔરત કા લહુ આજ કયા રંગ લાયા હૈ. જિસકે દાગ તુમ્હારે આસ્તીન પર સૂખ ગયે થે.....*

.........અને આ સાંભળતા જ નવાબ શાહબુદ્દીનની હાલત કાપો તો લોહી ન નીકળે જેવી થઈ જાય છે. કોઠાની માલકણ નવાબજાનની ધારદાર વાણી, એના રૂઆબદાર અવાજ સામે નવાબ પોતાને ગુલામ જેવો મહેસૂસ કરે છે....


થિયેટરમાં સોપો પડી જાય છે. ભાણેજ સાહિબજાન (મીના કુમારી)ની વ્યથા થિયેટરમાં બેઠેલા દર્શકને હલબલાવી મૂકે છે એમાં અજરામર ફિલ્મ 'પાકીઝા'ના આ સંવાદમાં લેખક - દિગ્દર્શક કમાલ અમરોહીની કમાલ તો છે જ પણ એ કમાલને પડદા પર પ્રભાવી સ્વરૂપમાં રજૂ કરવાનો શ્રેય જાય છે માસી નવાબજાનની ભૂમિકા કરનારાં અભિનેત્રી વીણાને....

મૂળ નામ તજૌરસુલતાના. નિર્માતા મેહબૂબ ખાનની પંજાબી ફિલ્મથી અભિનયની શરૂઆત કરી રાજવી પરિવારની જાજરમાન મહિલાના કિરદાર પ્રભાવીપણે સાકાર કરનારાં વીણાની જન્મ શતાબ્દી (જન્મ ૧૮ જુલાઈ, ૧૯૨૬)નો આજથી પ્રારંભ થઈ રહી છે એ નિમિત્તે એમની કારકિર્દીમાં કેટલીક સીમાચિન્હ ફિલ્મોથી એ કેવી રીતે વંચિત રહી ગયા એ જાણીએ...

તજૌરસુલતાનાના પિતાશ્રી રેલવેમાં નોકરી કરતા હતા, પણ એનો ભાઈ લાહોરના સ્ટુડિયોમાં આસિસ્ટન્ટ કેમેરામેન તરીકે કામ કરતો હતો. આ ફિલ્મ કનેક્શનને કારણે તજૌરને પંજાબી ફિલ્મમાં કામ કરવા મળ્યું. એ સમયે અનેક કલાકારોના પડદા પર અલગ નામ રહેતા. પંજાબી ફિલ્મના નિર્માતા શેઠ કિશોરીલાલ ફૈબા બની ગયા અને પોતાની દીકરીના નામ પરથી તજૌરસુલતાનાનું નામ વીણા પાડી દીધું અને ૪૦ વર્ષ સુધી ફિલ્મોના ટાઈટલમાં એ વીણા તરીકે જ ચમકતા રહ્યાં.

પંજાબીથી શરૂ કરી હિન્દી ફિલ્મોમાં નસીબ અજમાવવા વીણાજી મુંબઈ આવી હિન્દી ફિલ્મોમાં ગોઠવાઈ ગયાં. મઝહર ખાન, મેહબૂબખાન, કે.આસિફ વગેરેનો એ સંઘર્ષ કાળ હતો. 'યાદ' અભિનેત્રીની પહેલી હિન્દી ફિલ્મ હતી. મેહબૂબ ખાનની 'નજમા' અને ત્યારબાદ રણજીત મુવિટોનની બે ફિલ્મમાં હીરોઈનનો ચાન્સ મળવાથી અભિનેત્રીની લોકપ્રિયતા વધી રહી હતી

'ફૂલ' ફિલ્મમાં વીણાના પરફોર્મન્સથી પ્રભાવિત થયેલા કે. આસિફે 'મુઘલ - એ - આઝમ' માટે વીણાને સાઈન કર્યા. દિલ્હીથી ઉર્દૂમાં પ્રકાશિત થતા 'શમા' મેગેઝિનમાં વીણાજીના નામ સાથે પ્રકાશિત થયેલા લેખમાં રજૂઆત કરવામાં આવી છે કે 'મને જે 'મુઘલ - એ - આઝમ' માટે પસંદ કરવામાં આવી હતી એ ફિલ્મ અંતે જે બની એનાથી સાવ જુદી હતી. અગાઉના વર્ઝનમાં બે હીરોઈન હતી, હું અને નરગિસ. મારો રોલ ઈરાનની રાજકુમારીનો હતો અને મારો એન્ટ્રી સીન અત્યંત પ્રભાવી રીતે રજૂ થવાનો હતો. હું જાસૂસ છું એવી શંકા પડતા જોધાબાઈ મને દાસીના જૂથમાં રાખવાનો આદેશ આપે છે અને કથા આગળ વધે છે. દેશના ભાગલા પડ્યા પછી ફિલ્મના નિર્માતા શિરાઝ અલી હકીમ પાકિસ્તાન ચાલ્યા ગયા. કે. આસિફે નવેસરથી ફિલ્મ શરૂ કરી ત્યારે વાર્તા ઘણી બદલાઈ ગઈ હતી અને એટલે મને એમાં કામ કરવાનો મોકો ન મળ્યો.'


'પાકીઝા'ની નવાબજાન

'મુઘલ - એ -આઝમ' જેવી મહત્ત્વાકાંક્ષી અને અજરામર ફિલ્મમાં કામ કરવાથી વંચિત રહી ગયેલાં વીણાએ મહત્ત્વની ફિલ્મમાં હીરોઈન બનવાની વધુ એક તક ગુમાવી હતી. 'એ રી મૈં તો પ્રેમ દિવાની મેરા દરદ ન જાને કોઈ' અને 'ઘૂંઘટ કે પટ ખોલ રે તોહે પિયા મિલેંગે' જેવા મીરાંબાઈના અવિસ્મરણીય ભજન સામેલ કરવામાં આવ્યા હતા એ 'જોગન' ફિલ્મ કેદારનાથ શર્મા મોતીલાલ અને વીણાને લઈ બનાવવાના હતા. જોકે, કોઈ કારણસર બાત બની નહીં અને શર્માજીએ દિલીપ કુમાર અને નરગિસને લઈ ફિલ્મ બનાવી.

વીણાને બીજો એક મોટો ફટકો પડ્યો મેહબૂબ ખાનના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં. મેહબૂબ ખાને સૌપ્રથમ 'નજમા'માં વીણાને ચમકાવ્યાં હતાં અને ત્યારબાદ એમની કેટલીક ફિલ્મોમાં અભિનેત્રી નજરે પડી હતી. 'ઔરત'ની રીમેક 'મધર ઈન્ડિયા' બનાવવાનું મેહબૂબ ખાનએ નક્કી કર્યું ત્યારે દિલીપ કુમાર અને વીણાને સાઈન કરવામાં આવ્યા હતા. અહીં હમણાં જેનો ઉલ્લેખ કર્યો છે એ 'શમા' મેગેઝિનના લેખમાં જ વીણાજીએ લખ્યું હતું કે 'નરગિસને જ્યારે ખબર પડી કે 'મધર ઈન્ડિયા' માટે મને સાઈન કરવામાં આવી છે ત્યારે એ રોલ મેળવવા એણે એટલા ધમપછાડા કર્યા કે મેહબૂબ ખાને નમતું જોખી મારી જગ્યાએ નરગિસને લેવી પડી. દિલીપ સાહેબને મારી હકાલપટ્ટી ન ગમી અને એટલે એ પણ ફિલ્મમાંથી નીકળી ગયા.' ટૂંકમાં નરગિસે વીણાનું પત્તું કાપી નાખ્યું.

મહત્ત્વની ફિલ્મો ગુમાવવાનો સિલસિલો પૂરો નથી થયો. વિશાળ કેનવાસ પર ઐતિહાસિક પાર્શ્વભૂમિનાં ચિત્રપટો બનાવવા માટે ખ્યાતનામ સોહરાબ મોદી 'ઝાંસી કી રાની'માં વીણાને લેવા ઉત્સુક હતા. લક્ષ્મીબાઈના પાત્ર માટે મોદી સાહેબ ઝાઝરમાન અભિનેત્રી ઇચ્છતા હતા અને વીણા એ વ્યાખ્યામાં ફિટ બેસતા હતા. જોકે, મોદી સાહેબનાં પત્ની મેહતાબ એ રોલ પોતે કરવા માગે છે એવો આગ્રહ રાખતા સોહરાબ મોદીએ વીણાને ના પાડવી પડી.

'મુઘલ - એ - આઝમ'ની ભવ્ય સફળતા બાદ કે. આસિફે 'તાજ મહલ' નામની ફિલ્મની ઘોષણા કરી હતી. ફિલ્મમાં દિલીપકુમાર ઔરંગઝેબના રોલમાં ચમકવાના હતા અને વીણાને એમની બીબીનો રોલ ઓફર કરવામાં આવ્યો હતો. શાહજહાંની ભૂમિકા પાપાજી પૃથ્વીરાજ કપૂરને ઓફર થઈ હતી. જોકે કોઈ અકળ કારણોસર ફિલ્મ ઘોષણાથી આગળ વધી જ નહીં અને અભિનેત્રીનું વધુ એક સપનું રોળાઈ ગયું. આ સિવાય દિલીપ કુમારની 'બાબુલ' અને 'ઉડનખટોલા'માં પણ વીણાને રોલ ઓફર થયા હતા, પણ અંગત કારણોસર વીણાજી એ ફિલ્મ નહોતાં કરી શક્યાં.

નરગિસને કારણે વીણાએ મેહબૂબ ખાનની 'મધર ઈન્ડિયા' ગુમાવી. એક રસપ્રદ વાત એ છે કે નરગિસ સાથેની ફિલ્મમાંથી બંનેને કાઢી મૂકવામાં આવ્યા હતા. વાત છે ૧૯૪૬ની ફિલ્મ 'અનમોલ ઘડી'ની. મેહબૂબ ખાન નિર્મિત અને દિગ્દર્શિત આ ફિલ્મના ગીતસંગીત સુપરહિટ થયાં હતાં. વીણાજીના કહેવા અનુસાર 'હું અને નરગિસ મેહબૂબ સાબની 'અનમોલ ઘડી'માં કામ કરીશું એવું નક્કી કરવામાં આવ્યું હતું. જોકે, મારી અને નરગિસ વચ્ચે અમારા રોલ વિશે ચર્ચા થઈ અને અમને બંનેને લાગ્યું કે અમારે રોલને અદલાબદલી કરવી જોઈએ. અમે મેહબૂબ સાબ પાસે ગયા અને ભૂમિકા બદલી આપવા અંગે રજૂઆત કરી. ત્યારે તો એમણે કશું કહ્યું નહીં, પણ થોડા સમય પછી અમને ખબર પડી કે અમને બંનેને ફિલ્મમાંથી પડતા મૂકી નૂરજહાં અને સુરૈયાને લેવામાં આવ્યા છે. આમ વધુ એક સરસ અને સુપરહિટ ફિલ્મ મેં ગુમાવી.' ■

# કિસ્સા 'કોન્ટ્રોવર્સિયલ' ફિલ્મોના...




મહેશ નાણાવટી








થોડા દિવસો પહેલાં રાજકીય પાર્ટીઓએ ૧૯૭૬માં લાદવામાં આવેલી ઇમરજન્સીની વર્ષગાંઠ યાદ કરાવીને પોલિટિક્લ માઇલેજ લેવાની કોશિશ કરી એના પરથી અમુક ફિલ્મોના કિસ્સા યાદ આવી ગયા. સૌથી પહેલો કિસ્સો તો 'કિસ્સા કૂર્સી કા'નો જ યાદ કરીએ. આજની યુવાપેઢીને તો ખબર પણ કયાંથી હોય કે એ સમય કેવો હતો? પરંતુ હિંમત કહેવાય અમૃત નાહટા નામના પ્રોડ્યુસરની, જેણે આ ફિલ્મ બનાવી અને રિલીઝ (ખરો ઉચ્ચાર 'રિલીસ'! ) પણ કરી, એ પણ ઇમરજન્સીના વખતમાં જ! જોકે, તરત જ સરકારના 'આંખ-કાન' કહેવાય એવા લોકોનું ધ્યાન પડયું કે આ તો હળાહળ સરકાર વિરોધી ફિલ્મ છે! એટલે 'ઉપરથી' આદેશ થતાંની સાથે જ ફિલ્મની તમામ પ્રિન્ટો જપ્ત કરી લેવામાં આવી! એટલું જ નહીં, કહે છે કે ફિલ્મની માસ્ટર નેગેટીવ પણ જપ્ત કર્યા પછી એ તમામ પ્રિન્ટોને (બીજે કયાંય નહીં પણ) કહેવાય છે, કે 'મારુતી' કારના પ્લાન્ટમાં જ સળગાવી દેવામાં આવી હતી!

ખેર, ફિલ્મનો તો 'નાશ' થઇ ગયો, પરંતુ જયારે ઇમરજન્સી હટી પછી નવી સરકાર સત્તામાં આવી ત્યારે પ્રોડયુસર અમૃત નાહટાએ ફરી રૂપિયા ખર્ચીને એકડે એકથી આખી ફિલ્મ ફરીથી બનાવી. સ્વાભાવિક છે કે આટલી બધી ચર્ચાસ્પદ બનેલી ફિલ્મ રિલીઝ થાય ત્યારે તો સનસનાટી મચી જવી જોઇએ, પરંતુ એવું કંઇ ખાસ થયું નહીં કેમ કે ફિલ્મમાં જે ભારેખમ 'સિમ્બોલીઝમ' હતું કે લોકોને ખાસ સમજાયું નહીં. ઇન્ટેલેકચ્યુઅલ ટાઇપના દર્શકોને પણ નહીં ! દાખલા તરીકે ફિલ્મનું મુખ્ય પાત્ર ગંગુ, જે બિચારો મામુલી નૌટંકીનો કલાકાર છે, એને 'લોકશાહી'ની ગોળી પીવડાવીને 'સમાજવાદી'નું ઇન્જેકશન લગાવીને તૈયાર કરવામાં આવે છે, જેથી એ 'જનતા' નામની એક 'ગૂંગી' સ્ત્રીને પટાવી શકે! (એ ગૂંગી સ્ત્રીનો રોલ શબાના આઝમીએ કર્યો હતો.)

આવી જ વધુ એક 'કટોકટી'માં ફસાયેલી ફિલ્મ હતી આઇ.એસ. જોહરની 'નસબંદી'! આ ફિલ્મ તો રિલીઝ થાય એ પહેલાં જ એની ઉપર બૅન લગાવી દેવામાં આવ્યો હતો.

જોકે સત્તાપલટો થયા પછી થિયેટરોમાં આવેલી આ ફાર્સિકલ કોમેડીને 'ધાર્યો હોય' એવો જ રિસ્પોન્સ મળ્યો હતો..! અહીં 'ધાર્યો હોય'નો મતલબ એ છે કે આઇ.એસ. જોહરની આ ફિલ્મે રિલીઝ પહેલાં જ ટિપિકલ જોહર સાહેબના મિજાજ મુજબની રમૂજી હવા ઊભી કરી હતી, કેમકે ફિલ્મમાં જે મુખ્ય કલાકારો હતા એ ચારેય એકટરો જાણીતા સ્ટારના 'ડુપ્લિકેટ' હતા! એમનાં નામો પણ 'અનિતાવ બચન', 'કનોજ કુમાર', 'શાહી કપૂર' અને 'રાકેશ ખન્ના' હતાં ! ઉપરથી એમાં એક 'સેવાનંદ' પણ હતો.




મજાની વાત એ પણ હતી કે ફિલ્મમાં જીવન નામના કલાકાર જે પાત્ર ભજવે છે એ વારંવાર 'જય મારુતિ' બોલ્યા કરે છે! ફિલ્મનાં ગાયનો પણ પેરોડોથી ભરપૂર હતાં, જેમ કે 'કયા મિલ ગયા સરકાર, ઇમરજન્સી લગા કે...' 'હમેં તો માર દિયા કહી ટોપીવાલોં ને' વગેરે, પરંતુ ફિલ્મની જે 'ચીપ' હવા ઊભી થઇ એના કારણે એને પ્રેક્ષકો પણ એવા જ મળ્યા! સરવાળે, જેને 'એન્ટિ એસ્ટાબ્લિશમેન્ટ' વાળી અથવા 'વિદ્રોહી' કહેવાય છે એવી એ ફિલ્મ નીકળી નહીં.

જોકે આ તો ઇમરજન્સી વખતની ફિલ્મો હતી, પરંતુ સેન્સર બોર્ડ અથવા બીજા કારણસર જેની બહુ મોટી હવા ઊભી થઇ હોય અને પછી એ ફિલ્મ સાવ 'ફૂસ' નીકળી હોય એમાં અનુરાગ કશ્યપની 'પાંચ'ને જરૂર યાદ કરવી જોઇએ.અનુરાગ કશ્યપે બનાવેલી આ પહેલી ફિલ્મ હતી, જે સેન્સર બોર્ડમાં રજૂ થઇ ત્યારે બોર્ડે તેને 'અતિશય હિંસક' ગણાવીને એમાં અનેક કાપકૂપ કરવાની વાત કરી હતી. તેની સામે અનુરાગ કશ્યપે, કહેવાય છે કે, એવી ઉગ્ર ભાષામાં દલીલો કરી કે સેન્સર બોર્ડે તેને રજૂઆતની પરવાનગી આપવાનો જ ઇનકાર કરી દીધો!

આમાં સરવાળે અનુરાગ કશ્યપને ફાયદો જ થયો, કેમ કે તેની ઇમેજ એક 'વિદ્રોહી' ફિલ્મકારની બની ગઇ. ત્યારબાદ એણે બનાવેલી 'ગુલાલ' પણ કોઇ કારણસર રિલીઝ જ ન થઇ શકી. છેવટે 'દેવ-ડી' અને 'બ્લેક-ફ્રાઇડે' બાદ પેલી કહેવાતી અતિશય હિંસક ફિલ્મ 'પાંચ' કોઇપણ જાતની કાપકૂપ વિના સેન્સર બોર્ડમાંથી પસાર થઇ ગઇ!

આજે એ ફિલ્મ યુ-ટયૂબ ઉપર ઉપલબ્ધ છે. એ જોતાં જરૂર એમ થાય કે 'લો, આમાં તે વળી શું વાંધાજનક હતું? પરંતુ કયારેક એ 'વાંધો' જ કોઇને ફાયદો કરાવી જતો હોય છે.

આવો જ કિસ્સો હોલિવૂડના મશહૂર કોમેડિયન કમ ડિરેક્ટર વૂડી એલનની ફિલ્મ 'બ્લુ જાસ્તિન'નો છે. ૨૦૧૩માં આ ફિલ્મને ભારતીય સેન્સર બોર્ડે તો વિના કાપકૂપ મંજૂર કરી દીધી હતી, પરંતુ એ ફિલ્મ ભારતમાં રિલીઝ કરવાની ખુદ વૂડી એલને જ ના પાડી દીધી હતી! શા માટે? તો એની પાછળનું 'સૈદ્ધાતિક કારણ' એવું આપવામાં આવ્યું હતું કે થિયેટરોમાં દરેક ફિલ્મ પહેલાં જે કેન્સર વિરોધી શોર્ટ ફિલ્મ બતાડવામાં આવતી હતી તે વૂડી એલનને 'મંજૂર' નહોતું!

આના કારણે થયું એવું કે ભારતની જે 'સ્યુડો વાણીસ્વાતંત્ર્ય'વાળી એક એલિટ પ્રજા છે તેમાં આ બહુ મોટો 'ઇશ્યુ' બની ગયો. એના કારણે એ ફિલ્મની ડીવીડીનો ભાવ બીજા સામાન્ય ફિલ્મો કરતાં દસ ગણો વધારે રાખવામાં આવ્યો હતો. તેના ઑર્ડર ખાસ્સી મોટી સંખ્યામાં બુક થઇ ગયા!

ટૂંકમાં, જે ફિલ્મ થિયેટરોમાં રિલીઝ થઇ હોત તો કયારે આવીને જતી રહી તેની નોંધ પણ ન લેવાઇ હોત. તેણે ભારતીય સિદ્ધાંતવાદીઓના ખિસ્સામાંથી પોતાને જોઇતી કમાણી કરી લીધી? ના, આવું કંઇક નહીં, પણ આનાથી ઊલટું, એક ભારતીય ફિલ્મ સાથે બન્યું હતું. જેનું નામ હતું. 'ઓમ દર-બ-દર' ૧૯૮૮માં બનેલી આ ફિલ્મને ફિલ્મ ફાઇનાન્સ કોર્પોરેશનની લોન વડે બની હતી, પરંતુ ફિલ્મના મેકર કમલ સ્વરૂપને 'એનએફડીસી'ના તે સમયના મુખ્ય કર્તા હર્તા સાથે કોઇ વાતે એટલી હદે બોલાચાલી થઇ ગયેલી કે તે અધિકારીએ 'ઓમ-દર-બ-દર'ની માસ્ટર નેગેટિવ જ નાશ કરી નાખી હતી!

આના કારણે કમલ સ્વરૂપ તે સમયના યુવા ફિલ્મકારોમાં 'કલ્ટ-ફીગર' બની ગયા હતા. વર્ષો પછી ફિલ્મની એક જ પ્રિન્ટ કયાંક ખસ્તા હાલતમાં મળી આવી ! તેને છેક ૨૦૧૪માં 'રિ-સ્ટોર' કરીને પહેલીવાર મુંબઇમાં એક ખાસ શો રાખીને પ્રદર્શિત કરવામાં આવી હતી. જોકે ત્યારથી અત્યાર સુધી કમલ સ્વરૂપે બીજી કોઇ ફિચર ફિલ્મ બનાવી નથી. ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### 'સૈયારા' માટે 'યશરાજે' અજમાવી આમિરની ટ્રીક...

'યશરાજ'ની ફિલ્મ 'સૈયારા' આજે રિલીઝ થઇ છે.




લાગે છે કે 'યશરાજે' પખવાડિયા પહેલાં આમિર ખાન સાથે જરૂર ડિનર ગોઠવ્યું હશે, કારણ કે 'સૈયારા' માટે આમિર ખાનની 'સિતારે ઝમીન પર' વાળી રણનીતિ અમલમાં મુકવામાં આવી છે. આ રણનીતિ રસપ્રદ છે. પહેલું, 'સૈયારા'નો સવારે નવ વાગ્યા પહેલાં કોઈજ શો આખા ભારતમાં નહીં હોય. આમિરે પણ આમ જ કર્યું હતું. બીજું, આજના આખા દિવસમાં એક મલ્ટિપ્લેક્સ છ થી વધુ શો નહીં રાખી શકે. આમિરે 'સિતારે...' માટે ચાર શો રાખ્યા હતા. ત્રીજું, 'સૈયારા'ના પહેલા એટલે કે સાડાનવના શો માટે ઓનલાઈન બુકિંગ કરવા માટે ડિસ્કાઉન્ટ અપાશે. જે કોઇપણ વ્યક્તિ 'બૂક માય શો' પર શુક્રવારે સવારના સાડાનવનો શો બૂક કરશે એને બે ટિકિટ ૫૦% ડિસ્કાઉન્ટમાં મળશે. જોકે, આ ડિસ્કાઉન્ટ ૨૦૦ રૂપિયાથી વધુ નહીં હોય...! આમ કરવાથી કોલેજ ગોઇંગ ક્રાઉડ દિવસના પહેલા શોમાં મલ્ટિપ્લેક્સ ભરી દેશે એવી આશા રાખવામાં આવી રહી છે.

અલબત્ત, 'યશરાજે' એક વાતનું ધ્યાન ખાસ રાખવાનું છે. આમિરની 'સિતારે ઝમીન પર' મલ્ટિપ્લેક્સની રણનીતિમાં તો સફળ ગઈ હતી, પરંતુ આ બધા વચ્ચે દેશમાં જે થોડા ઘણા સિંગલ સ્ક્રીન થિયેટર્સ બચ્યા છે એને અન્યાય થઇ ગયો હતો.

કોલકાતાના એક થિયેટરને આમિરની ફિલ્મનો પ્રચાર કર્યા પછી પણ ફિલ્મ દર્શાવવા નહોતી મળી તો જયપુરના પ્રખ્યાત રાજમંદિર થિયેટરને બે દિવસ લટકાવ્યા પછી ના પાડી દેવામાં આવી હતી!

વધુ ટિકિટો વેંચવાના આવા ચક્કર ચલાવવા કરતાં 'યશરાજ' જેવા ફિલ્મ નિર્માતાએ મજબૂત સ્ક્રિપ્ટની પસંદગી પર વધુ ધ્યાન આપવાની જરૂર છે.

### લાફ્ટર ક્વીનની કમાણી દુબઈમાં ડૂબી




કપિલ શર્માના શોમાં પોતાના અટ્ટહાસ્યથી છવાઈ જતી અર્ચના પૂરણસિંઘને ચૂનો લાગી ગયો છે. વાત એમ બની કે અર્ચના હાલમાં સહપરિવાર દુબઈ ગઈ હતી. અહીં 'iFly દુબઈ'નું ઇન્ડોર સ્કાય ડાઈવિંગ ખૂબ પ્રખ્યાત છે તેની ટિકિટ એણે ઓનલાઈન બૂક કરાવી. શોનો સમય નજીક આવતા અર્ચના એના સમગ્ર પરિવાર સાથે ઉત્સાહભેર ત્યાં એન્ટ્રી પોઈન્ટ પર પહોંચી ત્યારે ત્યાં રહેલી મહિલાએ કહ્યું કે 'સોરી, તમને એન્ટ્રી નહીં મળે!' અર્ચનાએ એને પોતાની ચાર ઓનલાઈન ટિકિટ દેખાડી. તો 'iFly દુબઈ'ની એન્ટ્રી પોઈન્ટ પર રહેલી મહિલાએ અર્ચનાને વધુ એક મોટો ઝટકો આપ્યો. એણે કહ્યું કે આ ટિકિટ એમની સાઈટ પરથી બૂક કરવામાં આવી નથી!

બીજ શબ્દોમાં, અર્ચનાએ આ શો માટે કોઈ ફેક બુકિંગ સાઈટ પર ટિકિટ બૂક કરી હતી. અર્ચના પુત્ર આર્યમાનનું કહેવું હતું કે બુકિંગ કરતી વખતે એને પણ શંકા ગઈ હતી પણ... અબ ક્યા કરે?!

આ એક જ પ્રસંગ એવો છે, જ્યારે અર્ચના ખડખડાટ હસી શકે તેમ નથી!

### મેસ્સીએ ફરહાન અખ્તરને પરસેવો લાવી દીધો...



ફરહાન અખ્તરની 'ડોન' સિક્વલનો ત્રીજો ભાગ બનવા જઈ રહ્યો છે. ત્રીજા ભાગ માટે શાહરૂખ ખાન ફિટ ન બેઠો એટલે ટાઈટલ રોલ માટે રણવીર સિંહની પસંદગી થઇ. આમ તો ડોનનું પાત્ર એન્ટી હીરો ટાઈપનું હોય છે. તેમ છતાં એના દુશ્મન તરીકે કોઈ મજબૂત એક્ટરની પસંદગી જરૂરી હતી. ફરહાને આ માટે વિક્રાંત મેસ્સીની પસંદગી કરી.

બધું સેટ જ હતું કે વિક્રાંતે અચાનક જ ફિલ્મ કરવાની ના પાડી દીધી. આ માટે કારણ એવું આપ્યું કે વિક્રાંત પોતે એ પાત્ર માટે પોતાને યોગ્ય માનતો નથી! જે રીતની વિલનગીરી, હાવભાવ વગેરે ઉપરાંત રણવીર સાથે ટક્કરમાં ઊભા રહેવાની વાત વિચારતા વિક્રાંતને કદાચ મનોમન લાગ્યું હશે કે એ ફિલ્મમાં રણવીર કરતાં ઊણો ઊતરશે...! હવે વિક્રાંતે તો આ ફિલ્મ છોડી દીધી પણ ફરહાનને પરસેવો વળી ગયો છે. કારણ સિમ્પલ છે. રણવીરની પર્સનાલિટી સામે ઊભો રહી શકે એવો કોઈ કલાકાર ફરહાનને જોઈએ છે, જે ક્યાંથી ગોતવો એ પણ પ્રોબ્લેમ છે. આ માટે ફરહાને સાઉથના વિજય દેવરાકોંડા અને આદિત્ય રોય કપૂરનો સંપર્ક સાધ્યો હોવાના સમાચાર માર્કેટમાં ફરે છે. એ બંનેમાંથી કોઈએ હા પાડી હોય એવું હજી સુધી જાણવા મળ્યું નથી. ■

**કટ એન્ડ ઓકે...**

*'સ્પિરિટ' માટે દીપિકા અને દિગ્દર્શક વંગાનો ઝઘડો મીડિયાને કારણે વધુ પડતો ચગી ગયો, બાકી વાતમાં ખાસ કંઈ માલ નથી!*

–રામ ગોપાલ વર્મા

# ભારતીયોને નડ્યા તો આવી બનશે એવો સંદેશો દુનિયાને મળી ચૂક્યો છેઃ અમિત શાહ

જયપુર : આખા વિશ્વને એવો સંદેશો ગયો છે કે કોઈએ પણ ભારતના નાગરિકો, તેની સરહદો કે સંરક્ષણ દળો સાથે ઉપદ્રવ કરવો નહીં અને જે કોઈ કરશે એને પરિણામો ભોગવવાં પડશે, એમ કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું હતું.

પહલગામ આતંકવાદી હુમલાને પગલે પાકિસ્તાનની આતંકવાદી શિબિરોનો નાશ કરવા માટેના ઑપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતાં અમિત શાહે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને સુરક્ષિત રાખવાનું સૌથી મોટું કાર્ય કર્યું છે. પુલવામા હુમલા બાદ હવાઈ હુમલા કરવામાં આવ્યો હતો અને પગલગામમાં હુમલો થયો ત્યારે ઑપરેશન સિંદૂર લોન્ચ કરવામાં આવ્યું હતું. આ ઑપરેશનમાં પાકિસ્તાનમાં રહેલા આતંકવાદીને લક્ષ્ય બનાવીને ખતમ કરવામાં આવ્યા હતા.

શાહ સહકારી ખાતાના પ્રધાન પણ છે અને તેઓ ઈન્ટરનેશનલ કોઓપરેટિવ્સ યર-૨૦૨૫ના નિમિત્તે એક ઈવેન્ટમાં હાજરી આપવા આવ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે મોદીએ જોરદાર સંદેશો આખા વિશ્વમાં આપ્યો છે. મોદીએ વિશ્વને એવો શક્તિશાળી સંદેશો આપ્યો છે કે ભારતના નાગરિકો, લશ્કરી દળો કે સરહદ સાથે કોઈ ઉપદ્રવ કરવો નહીં અને જે આવી હિંમત કરશે તેને પરિણામો ભોગવવા પડશે.

અમિત શાહે જણાવ્યું હતું કે મોદીએ સમૃદ્ધ,સુરક્ષિત અને વિકસિત ભારતનું વિઝન સાકાર કર્યું છે. મોદીની આગેવાનીમાં ભારત વિશ્વનું ચોથું મોટું અર્થતંત્ર બની ગયું છે. ૨૨ કરોડ લોકોને ગરીબી રેખાની ઉપર લઈ જવામાં



આવ્યા છે. શાહે મુખ્ય પ્રધાન ભજનલાલ શર્માની સરાહના કરતાં કહ્યું હતું કે રાજસ્થાનમાં ભાજપની સરકારે ટૂંકા સમયગાળામાં ઉલ્લેખનીય કામ કર્યું છે. રાજસ્થાન પેપર લીકથી પીડાતું હતું. ભજનલાલ સરકારે એસઆઈટીની રચના કરીને પેપર લીક માફિયાને મજબૂત સંદેશો આપ્યો છે. (એજન્સી)■

# રોબર્ટ વાડ્રાની સામે ઈડીનું તહોમતનામું

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઇડી)એ હરિયાણાના શિકોહપુરમાંના જમીન સોદામાં કાળાં નાણાં ધોળાં કરવાના કેસમાં કૉંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ રોબર્ટ વાડ્રાની સામે તહોમતનામું નોંધ્યું હતું.

તપાસ કરતી સરકારી એજન્સીએ આ પ્રથમ વખત ફોજદારી કેસમાં ૫૬ વર્ષીય વેપારી રોબર્ટ વાડ્રાની સામે ફરિયાદ નોંધી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે કાળાં નાણાં ધોળાં કરવાની પ્રવૃત્તિ-વિરોધી ધારા હેઠળ રોબર્ટ વાડ્રા અને અન્ય કેટલાક લોકોની સામે અહીંની સ્થાનિક અદાલતમાં તહોમતનામું દાખલ કરાયું હતું. અગાઉ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ દ્વારા ગયા એપ્રિલમાં સતત ત્રણ દિવસ સુધી રોબર્ટ વાડ્રાની પૂછપરછ કરાઇ હતી.

હરિયાણાના ગુરુગ્રામના માનેસર - શિકોહપુર (હવે સેક્ટર ૮૩)માંના જમીન સોદાને લગતા કેસમાં વાડ્રાની સામે કાર્યવાહી ચાલી રહી છે. વાડ્રા અગાઉ જે કંપનીના ડિરેક્ટર હતા, તે સ્કાઇલાઇટ હૉસ્પિટાલિટી પ્રાઇવેટ લિમિટેડે ૨૦૦૮ના ફેબ્રુઆરીમાં કરેલા આ જમીન સોદામાં શિકોહપુરનીદ્ધ ૩.૫ એકર જમીન ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી રૂપિયા ૭.૫ કરોડમાં ખરીદી હતી.

હરિયાણામાં આ જમીન સોદો થયો ત્યારે ભૂપીન્દરસિંહ હૂડાના નેતૃત્વ હેઠળની કૉંગ્રેસ સરકાર હતી. આ કંપનીએ ચાર વર્ષ પછી ૨૦૧૨ના સપ્ટેમ્બરમાં સંબંધિત જમીન રિયલ્ટી ક્ષેત્રના અગ્રણી ડીએલએફને રૂપિયા ૫૮ કરોડમાં વેચી હતી.

હરિયાણાના લૅન્ડ કૉન્સૉલિડેશન વિભાગના ડિરેક્ટર જનરલ આઇએએસ અધિકારી અશોક ખેમકાએ ૨૦૧૨ના ઑક્ટોબરમાં આ સોદો રદ કરવા આદેશ આપ્યો હતો અને ત્યારથી સંબંધિત વિવાદ શરૂ થયો હતો. (એજન્સી) ■

## આકાશ પ્રાઈમ મિસાઈલનું સફળ પરીક્ષણ

નવી દિલ્હીઃ ભારતે લદાખ માં આકાશ પ્રાઈમ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હોવાનું સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે કહ્યું હતું. આ મિસાઈલને એ રીતે તૈયાર કરવામાં આવ્યું છે કે તેને ૪,૫૦૦ મીટરની ઊંચાઈએથી પણ ઑપરેટ કરી શકાશે. ભારતે ૧૬મી જુલાઈએ આકાશ પ્રાઈમ મિસાઈલની મદદથી લદાખમાં હાઈ અલ્ટિટ્યૂટ પર બે હાઈસ્પીડ અનમૅન્ડ લક્ષ્યને સફળતાપૂર્વક વીંધી નાખવાની સીમાચિહ્નરૂપ સિદ્ધિ મેળવી હોવાનું જણાવતાં સંરક્ષણ ખાતાએ કહ્યું હતું કે ભારતીય સેના માટે આકાશ વૅપન સિસ્ટમની આ અપગ્રેડ કરેલી આવૃત્તિ છે. (એજન્સી) ■

# ઈરાકના મૉલમાં ભયાનક આગઃ ૬૧ લોકોનાં મોત, અનેક હજી ગુમ

બગદાદઃ પૂર્વ ઈરાકના વાસિત પ્રાન્તમાં નવા જ ખૂલેલા પાંચ માળના મૉલમાં લાગેલી આગમાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછાં ૬૧ જણનાં મોત થયાં હોવાનું ઈરાકના અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું.

ઈરાકના આંતરિક બાબતોના ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે આગમાં ૬૧ જણનું મોત થયું હતું. મોટાભાગના લોકોનું શ્વાસ ગૂંગળાઈ જવાને કારણે મૃત્યુ થયું હતું.

૧૪ મૃતદેહની ઓળખ નહોતી થઈ શકી.

સિવિલ ડિફેન્સ ટીમ મૉલમાં ફસાયેલાઓમાંથી ૪૫ કરતાં પણ વધુ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળ રહી હતી. જોકે હજુ પણ અનેક લોકો ગુમ છે.

૪૮ કલાકમાં ઘટના અંગેનો પ્રાથમિક અહેવાલ જાહેર કરવામાં આવશે એમ જણાવતાં ગવર્નર મોહમ્મદ અલ માહૈએ કહ્યું હતું કે આ દુર્ઘટના માટે જવાબદાર લોકોને બક્ષવામાં નહીં આવે. (એજન્સી) ■

# બિહારમાં જંગલરાજઃ હૉસ્પિટલમાં હત્યાના આરોપીને શૂટ કરાયો

પટણાઃ હત્યાના આરોપસર દોષી ઠેરવાયેલા અને પરોલ પર છૂટેલા આરોપીની બિહારના પટણાસ્થિત એક ખાનગી હૉસ્પિટલમાં અજાણ્યા ગનમેન દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાનું પોલીસે ગુરુવારે કહ્યું હતું.

આ ઘટના ગુરુવારે સવારે સાડાસાત વાગ્યે બની હોવાનું પોલીસે કહ્યું હતું.

મૃતકને ચંદન તરીકે ઓળખી કાઢવામાં આવ્યો હતો. મૃતક બક્સર જિલ્લાનો રહેવાસી હતો અને સારવાર માટે તે હૉસ્પિટલમાં ગયો હતો. હત્યાના કેસમાં આરોપી ઠરેલો શખસ બેઉર જેલમાં કેદી હોવાનું જણાવતાં પટણા (સેન્ટ્રલ) એસપી દીક્ષિતે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે

પેરોલ પર છૂટીને તે સારવાર માટે હૉસ્પિટલમાં ગયો હતો.

ઘટનાને મામલે ગુનો દાખલ કરી અજાણ્યા ગનમેનને શોધી કાઢવા કાર્યવાહી આરંભી દેવામાં આવી છે, એમ તેમણે કહ્યું હતું.

પ્રથમદર્શી રીતે જૂની દુશ્મનાવટને કારણે આ હત્યા કરવામાં આવી હોવાનું જણાઈ રહ્યું છે.

સરકાર દ્વારા સુરક્ષા પૂરી પાડવામાં આવી હોવા છતાં પટણા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા દરદીની હત્યા કરી દેવામાં આવી હોવાનું જણાવતાં તેજસ્વી યાદવે સવાલ કર્યો હતો કે શું બિહારમાં કોઈ સલામત છે?

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગ્યા હોવાનું જણાવી તેમણે બિહારમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માગણી કરી હતી. (એજન્સી)■

# બિહારમાં ૩૫.૬૯ લાખ બોગસ મતદાર?

## કૉંગ્રેસ અને આરજેડી દ્વારા ચૂંટણી પંચની આકરી ટીકા

નવી દિલ્હીઃ બિહારમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા વખતે ૩૫.૬૯ લાખ મતદાર પોતાના નોંધાયેલા સરનામે નહિ હોવાનું કહેતા ચૂંટણી પંચના દાવાની કૉંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) દ્વારા આકરી ટીકા કરાઇ હતી અને આક્ષેપ કરાયો હતો કે ચૂંટણી પંચ મોટી સંખ્યામાં મતદારોને મતદાનથી વંચિત રાખીને 'ઇરાદાપૂર્વક અને અમાનુષી રીતે' ચૂંટણીમાં ગેરરીતિ આચરવા માગે છે.

કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સવાલ કર્યો હતો કે શું ચૂંટણી પંચ ભાજપની 'ઇલેક્શન ચોરી બ્રાંચ' બની ગયું છે?

તેમણે જણાવ્યું હતું કે બિહારમાં ચૂંટણી પંચ મતદાર યાદી સુધારણાના કાર્યક્રમમાં અસંખ્ય મતની ચોરી કરતા 'રંગે હાથે' પકડાઇ ગયું છે.

રાહુલ ગાંધીએ બિહારની મતદાર યાદી સુધારણા પરની સિરીઝ યૂટ્યૂબ ચેનલ પર ચલાવતા અજિત અંજુમની પોસ્ટ શૅર કરી હતી.

કૉંગ્રેસના સંદેશવ્યવહાર વિભાગના વડા મહામંત્રી જયરામ રમેશે પોતાની સોશ્યલ મીડિયા પોસ્ટમાં ભૂતપૂર્વ ચૂંટણી કમિશનર અશોક લવાસાનો ઇન્ટરવ્યૂ શૅર કર્યો હતો.

તેમણે આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન મોદીએ અગાઉ 'નોટબંધી' કરાવી હતી અને હવે 'વૉટબંધી' કરાવી રહ્યા છે.

દરમિયાન, બિહાર વિધાનસભામાંના વિપક્ષના નેતા તેજસ્વી યાદવે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહના આદેશ મુજબ કામ કરતી ભાજપ અને કેન્દ્રની એક શાખા જ બની ગયું છે.

રાષ્ટ્રીય જનતા દળના નેતાએ જણાવ્યું હતું કે અમારી પાસેની માહિતી મુજબ ચૂંટણી પંચ શાસક યુતિના આદેશ મુજબ રાજ્યના કુલ ૧૫ ટકા મતદારના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવાનું છે. (એજન્સી)■

## ઈન્ટેલ ૫,૦૦૦ કર્મચારીની છટણી કરશે

નવી દિલ્હીઃ ગ્લોબલ સેમિકન્ડક્ટર જાયન્ટ ઈન્ટેલે જુલાઈમાં કર્મચારીઓને છૂટા કરવાની જાહેરાત કરી છે. કંપનીના આ નિર્ણયની ૫,૦૦૦ જેટલા કર્મચારીઓ પર અસર થશે.

ઈન્ટેલના ઈતિહાસમાં આટલા મોટા પ્રમાણમાં કર્મચારીઓની છટણી કરવામાં આવી હોય તેવું પ્રથમવાર બનશે.

કંપનીના નવા સીઈઓ લિપ-બુ-ટૅનના નેતૃત્વ હેઠળ કંપનીનું નવનિર્માણ કરવાના ભાગરૂપ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું મનવામાં આવે છે.

આ નિર્ણય લેવા પાછળ કંપનીનો મુખ્ય આશય કંપનીના વહીવટને ફરી પાટે ચઢાવી આર્થિક નુકસાન ઘટાડવાનો છે.

આ નિર્ણય થકી બજારના પડકારનજક વાતાવરણને પહોંચી વળવાનું, ખર્ચ ઘટાડવાનું અને વર્તમાન પરિસ્થિતિમાંથી કંપનીને બહાર લાવવાનું કંપનીનું લક્ષ્ય છે. (એજન્સી) ■

# છાંગુર બાબાના યુપી, મુંબઈનાં ૧૪ સ્થળે ઈડીના દરોડા

નવી દિલ્હીઃ છાંગુર બાબા સાથે સંકળાયેલા કથિત ધર્માંતરણ કેસ સંબંધિત મનીલૉન્ડરિંગની તપાસના ભાગરૂપ ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ ગુરુવારે ઉત્તર પ્રદેશ અને મુંબઈમાં અનેક જગ્યાએ દરોડા પાડ્યા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

પ્રિવેન્શન ઑફ મનીલૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) અંતર્ગત ઈડીએ બલરામપુર જિલ્લાના ૧૨ અને મુંબઈસ્થિત બે સહિત કુલ ૧૪ જગ્યાએ દરોડા પાડ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ની ટીમની મદદથી ગુરુવારે સવારે પાંચ વાગ્યાથી આ દરોડા શરૂ કરવામાં આવ્યા હતા. જલાલુદ્દીન ઉર્ફે છાંગુર બાબા ઉત્તર પ્રદેશમાં ચાલતા ગેરકાયદે ધર્માંતરણ કૌભાંડના માસ્ટર માઈન્ડ હોવાનું માનવામાં આવે છે.

છાંગુર બાબાની પ્રવૃત્તિઓ અને આર્થિક બાબતોની તપાસ કરવા ઈડીએ તાજેતરમાં જ કેસ દાખલ કર્યો હતો.

જલાલુદ્દીન બલરામપુરનો રહેવાસી છે અને તેનું સાચું નામ કરીમુલ્લા શાહ છે.

ઉત્તર પ્રદેશની ઍન્ટી ટેરરિસ્ટ સ્કવોડ (એટીએસ) દ્વારા તાજેતરમાં જ જલાલુદ્દીન, તેના પુત્ર મહેબૂબ અને સાથીદાર નવીન ઉર્ફે જમાલુદ્દીન અને નીતુ ઉર્ફે નસરિનની ઉત્તર પ્રદેશમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આ તમામ હાલ જેલમાં છે. અગાઉ ઈડીએ જણાવ્યું હતું કે જલાલુદ્દીને રૂ. ૧૦૬ કરોડનું ભંડોળ એકઠું કર્યું હતું.

અખાતની ૪૦ બૅન્કના ખાતા સાથે તેનું અને તેનાં સાથીદારોનું નામ સંકળાયેલું હતું. (એજન્સી) ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| इस्पात | વૃદ્ધિ |
| इंगित | પોલાદ |
| इजहार | પરવાનગી |
| इजाफा | જાહેરાત |
| इजाजत | ઈશારો |

## ઓળખાણ પડી?



સુનીલ દત્તે કેટલીક ફિલ્મોમાં ડાકુનો રોલ પણ કર્યો હતો. કઈ ફિલ્મમાં તેઓ વહિદા રેહમાન સાથે ડાકુના રોલમાં હતા ?

અ) યાદેં  બ) મુજે જીને દો  ક) હમરાઝ  ડ) સુજાતા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જો | રા | ૨ વ | ૨ | ■ | ૩ અ | ૪ ધ | ૫ ક | ચ | ૬ રુ |
| શી | ■ | ર | ■ | ૭ ખ | રે | ખ | ર | ■ | ક્રિમ |
| ૮ લા | ૯ પ | સી | ■ | ટ | ■ | ૧૦ ના | ગ | ૧૧ ફ | ણી |
| ■ | ગા | ■ | ૧૨ અ | પ | ચો | ■ | ૧૩ રા | ળ | ■ |
| ૧૪ કા | ર | ણ | ■ | ટિ | ■ | ૧૫ વા | ટ | ■ | ૧૬ ખા |
| વ | ■ | ■ | ૧૭ આ | યો | જ | ન | ■ | ૧૮ લા | ટ |
| ૧૯ ત | ૨૦ મો | ગુ | ણી | ■ | ■ | ૨૧ ગી | ૨૨ ત | ■ | સ |
| ૨૩ રાં | ટી | ■ | ૨૪ પા | ૨૫ બં | ૨૬ દી | ■ | ૨૭ હ | લ | વા |
| ખો | ■ | ૨૮ જા | ■ | ૨૯ ગા | પ | ૩૦ ચી | ■ | ■ | દિ |
| ૩૧ ર | મ | તિ | યા | ળ | ■ | ૩૨ ર | ઘ | વા | યો |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | ■ | ૯ | ■ | | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | ૧૨ | | | | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | | | | ■ | ■ | ૧૫ | ■ | ■ |
| ૧૬ | ■ | ■ | ૧૭ | | ■ | ૧૮ | | | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ■ | ૨૩ | ૨૪ | ■ | | ■ | |
| ■ | ૨૫ | | ૨૬ | ■ | ૨૭ | ૨૮ | | ■ | |
| ૨૯ | | ■ | ૩૦ | ૩૧ | | | ■ | ૩૨ | |
| ■ | ૩૩ | ૩૪ | ■ | | ■ | ■ | ૩૫ | ■ | |
| ૩૬ | | | | | | | ■ | ૩૭ | |

### આડી ચાવી

૧. બહાદુર (૪)
૪. ઢોંગી (૫)
૮. --- વ્યક્તિને મળવાનું ગમે (૩)
૧૦. 'જમવું'નું આજ્ઞાર્થ (૨)
૧૧. તિરાડ (૨)
૧૨. અક્કલ, જ્ઞાનડહાપણ (૪)
૧૩. --- થવું એટલે પૂરતું થવું (૨)
૧૪. પૂજા કરાવનાર પંડિત (૪)
૧૭. અતિ આસક્ત (૨) (જો. છૂ.)
૧૮. ઇચ્છાઓ, અરમાન (૪)
૨૦. પોતાનું રાજ (૩)
૨૩. --- અંબરચુંબી મંદિરો (૨)
૨૫. ધૂમકેતુનો વાર્તાસંગ્રહ --- મંડળ (૩)
૨૭. ધર્મશાળા (૩)
૨૯. તદ્દન, બિલકુલ (૨)
૩૦. પંખીઓનો અવાજ (૪)
૩૨. મરીઝને આપો (૨)
૩૩. સૂરજને --- ના મળે (૨)
૩૬. ઉડાઉ કે અતિ ખર્ચાળ માણસ (૩,૪)
૩૭. માનવીના ---ને નંદવામાં વાર શી! (૨)

### ઊભી ચાવી

૧. ભગવાનનો માણસ (૩)
૨. ડંકાનો અવાજ (૪)
૩. મુજ--- તુજ વીતશે, ધીરી બાપુડિયાં (૨)
૫. ગાય ભેંસનું ઘર (૩)
૬. કેર, દુઃખ, આશ્ચર્ય (૩)
૭. અંધકાર (૩)
૯. સમજુ (૫)
૧૨. ચોક્કસ, નાણાવટું (૩)
૧૫. છાજલી (૪)
૧૬. લઘુ, નાની (૨)
૧૯. પંચાતિયો (૬)
૨૧. રાતોરાત (૫)
૨૨. વ્યક્તિ, માણસ (૨)
૨૪. એક રમત (૩)
૨૬. રાખ, ધૂળ, પાયમલી (૨)
૨૮. અરજ, ફરિયાદ (૨)
૩૧. લેખકે --- બેસવું જ પડે (૩)
૩૪. --- કોને વ્હાલી ના હોય? (૨)
૩૫. કોઇ (૧)

## ગુજરાત મોરી મોરી રે

ટીવી કાર્યક્રમ 'ફૂલ ખિલે હૈં ગુલશન ગુલશન'થી અફાટ લોકપ્રિયતા મેળવનારી તબસ્સુમે કઈ ગુજરાતી ફિલ્મમાં કામ કર્યું હતું

અ) ઢોલા મારુ  બ) શેતલને કાંઠે
ક) ઉપર ગગન વિશાળ  ડ) મહિયરની ચૂંદડી

## જાણવા જેવું

જમ્પિંગ જેક તરીકેનું લેબલ મેળવનારા જીતેન્દ્ર - જીતુભાઈએ ૧૯૬૭થી ૧૯૭૯ દરમિયાન સોલો હીરો તરીકે ૪૩ ફિલ્મો કરી હતી. એમાંથી ૨૧ હિટ સાબિત થઈ હતી જ્યારે ૪૨ ફ્લોપ થઈ હતી. આ જ દોરમાં તેમણે ૨૩ મલ્ટી સ્ટારર ફિલ્મ કરી હતી જેમાંથી ૧૬ હિટ અને ૭ ફ્લોપ થઈ હતી.

## સુડોકુ-૯૦૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | | | ૪ | |
| ૫ | | | ૪ | ૨ | ૭ | | | ૬ |
| ૪ | | ૬ | | | | ૫ | | ૨ |
| ૯ | | ૭ | ૫ | | ૩ | ૪ | | ૧ |
| | ૮ | | | | | | ૨ | |
| ૧ | | ૪ | ૨ | | ૮ | ૭ | | ૩ |
| ૭ | | ૯ | | | | ૬ | | ૪ |
| ૮ | | | ૧ | ૩ | ૪ | | | ૯ |
| | ૪ | | | | | | ૫ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૦૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૯ | ૪ | ૬ | ૧ | ૫ | ૭ | ૨ |
| ૬ | ૨ | ૫ | ૯ | ૮ | ૭ | ૧ | ૩ | ૪ |
| ૪ | ૧ | ૭ | ૨ | ૫ | ૩ | ૮ | ૬ | ૯ |
| ૩ | ૮ | ૪ | ૧ | ૭ | ૯ | ૬ | ૨ | ૫ |
| ૨ | ૯ | ૧ | ૬ | ૪ | ૫ | ૭ | ૮ | ૩ |
| ૫ | ૭ | ૬ | ૩ | ૨ | ૮ | ૯ | ૪ | ૧ |
| ૯ | ૫ | ૮ | ૭ | ૩ | ૪ | ૨ | ૧ | ૬ |
| ૭ | ૪ | ૨ | ૫ | ૧ | ૬ | ૩ | ૯ | ૮ |
| ૧ | ૬ | ૩ | ૮ | ૯ | ૨ | ૪ | ૫ | ૭ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

અનેક હિન્દી ફિલ્મોમાં યાદગાર ગીતો લખનારા ગુલશન બાવરાએ કઈ ફિલ્મમાં ગીતમાં પડદા પર હાજરી નોંધાવી હતી?

અ) ઝંઝીર  બ) કટી પતંગ  ક) પ્રેમ પુજારી  ડ) નાગિન

## નોંધી રાખો

સફળતા કોઈ ગુપ્ત રહસ્ય નથી. આકરી મહેનત અને નિષ્ફળતામાંથી પદાર્થપાઠ શીખવાથી મળી જાય છે.

## માઈન્ડ ગેમ

૧૯૫૦ની સાલથી હિન્દી ફિલ્મોમાં ઝળકેલી તનુજા કઈ ફિલ્મમાં મેહમુદની હિરોઈન બની હતી એ ઓળખી કાઢો.

અ) મેમ દીદી  બ) પડોસન
ક) નઈ રોશની  ડ) ભૂત બંગલા

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| कंधेला | પાલવ |
| कँगूर | શિખર |
| कंचुकी | ચોળી |
| कंचेरा | કાચકામનો કારીગર |
| कंगन | ચૂડી |

ગુજરાત મોરી મોરી રે: વડીલોના વાંકે

ઓળખાણ પડી?: વિજયા શાંતિ

માઈન્ડ ગેમ: રાઝ

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: અમર અકબર એન્થની

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુભાષ મોમાયા (૫) નીતા દેસાઈ (૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૭) હર્ષા મહેતા (૮) ખુશરૂ કાપડિયા (૯) પુષ્પા પટેલ (૧૦) તાહેર ઔરંગાબાદવાલા (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) લજિતા ખોના (૧૫) ભારતી પ્રકાશ કટકિયા (૧૬) શ્રદ્ધા આશર (૧૭) મહેશ દોશી (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મહેશ સંઘવી (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) અરવિંદ કામદાર (૨૬) અંજુ ટોલિયા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અલકા વાણી (૩૦) ભાવના કર્વે (૩૧) કિશોર સંઘરાજકા (૩૨) મીનળ કાપડિયા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) ડાયના સંતોકે (૩૫) અંબરીષ ઓઝા (૩૬) પુષ્પા ખોના (૩૭) શીલ્પા શ્રોફ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) હિના દલાલ (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) ધીરેન્દ્ર ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડો. પ્રકાશ કટિકચા (૪૮) પ્રવીણ વોરા (૪૯) વીણા સંપટ (૫૦) દેવેન્દ્ર સંપટ (૫૧) હરીશ મનુભાઈ ભટ્ટ (૫૨) જયવંત પદમશી ચિખલ (૫૩) દિલીપ મટાલીયા (૫૪) હરીહર ભટ્ટ

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** બધા ગીત નૌકા(boat) પર શૂટ થયાં છે...
૧) દિલ અપના ઔર પ્રીત પરાયી ૨) ખામોશી ૩) મિલન ૪) વક્ત ૫) દયાવાન ૬) ક્રાંતિ ૭) આયા સાવન ઝૂમકે

**ક્વિઝ (બ)** (૧) શાહરુખ ખાન ૮ વાર (૨)અમિતાભ બચ્ચન -૨૩ (૩) સન્ની દેઓલ - ૧૧ (૪) અનિલ કપૂર - ૫ (૫) જીતેન્દ્ર -૨૩ (૬) સૈફ અલી ખાન - ૬ (૭) હૃતિક રોશન ૫

# અમેરિકા સાથે ટ્રેડ ડીલની ચિંતા વચ્ચે સેન્સેક્સમાં ૩૭૫ પોઈન્ટનું ગાબડું, નિફ્ટી ફરી ૨૫,૧૫૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા અને ભારત વચ્ચેની વેપાર વાટાઘાટોના પરિણામની જાહેરાત પહેલા સાવચેતીના માનસ વચ્ચે રોકાણકારો થોભો અને રાહ જુઓની માનસિકતા અને આઇટી શેરોમાં વધેલી વેચવાલીને કારણે ગુરુવારે બેન્ચમાર્ક સ્ટોક બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટીમાં નરમાઇ વધી હતી. ત્રીસ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૩૭૫.૨૪ પોઈન્ટ અથવા ૦.૪૫ ટકા ઘટીને ૮૨,૨૫૯.૨૪ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૧૫.૨૧ પોઈન્ટ અથવા ૦.૫૦ ટકા ઘટીને ૮૨,૨૧૯.૨૭ની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે પચાસ શેર ધરાવતો એનએસઈ નિફ્ટી ૧૦૦.૬૦ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા ઘટીને ૨૫,૧૧૧.૪૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

અમેરિકા સાથેની ટ્રેડ ડીલ ભારત માટે નુકસાનકારક રહેવાની આશંકા સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ફરી શરૂ થયેલી વેચવાલી અને કોર્પોરેટ સેકટરના અત્યાર સુધીના ત્રિમાસિક નાણાકીય પરિણામો એકંદરે નબળા રહ્યાં થવાથી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું હતું. સેન્સેક્સ કંપનીઓમાં, ટેક મહિન્દ્રાના જૂન ક્વાર્ટરના પરિણામો રોકાણકારોને પ્રોત્સાહિત કરવામાં નિષ્ફળ ગયા પછી તેના શેરમાં લગભગ ત્રણ ટકાનો કડાકો નોંધાયો હતો. સૌથી વધુ ઘટનારા અન્ય શેરોમાં આ સત્રમાં ઇન્ફોસિસ, એચસીએલ ટેક, ઇટર્નલ, લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને એક્સિસ બેંકનો સમાવેશ હતો. જોકે, ટાટા સ્ટીલ, ટ્રેન્ટ, ટાઇટન અને ટાટા મોટર્સ સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં હતા.

સ્માર્ટવર્કસ કોવર્કિંગ સ્પેસેસનો શેર તેના રૂ. ૪૦૭ પ્રતિ શેરના ભાવ સામે ૭.૧૪ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૪૩૬.૧૦ના ભાવે લિસ્ટેડ થયો હતો. સરકારે એનટીપીસીના સીએમડીનો કાર્યકાળ એક વર્ષ વિસ્તાર્યો છે. કોરોના રેમેડિઝે બાયર્સ ફાર્માના ભારતીય ડિવિઝન પાસેથી સાત બ્રાન્ડ હસ્તગત કરી છે. ટાટા ઇલેક્ટ્રિક્લસે જર્મનીની રોબર્ટ બોશ જીએમબીએચ સાથે ઇલેક્ટ્રોનિક્સ, સેમી કન્ટકટર પ્રોડકશન માટે યુતિ કરી છે. બાયોકોન બાયોલોજિકલ્સને યુએસએફડીએ તરફથી ડાયાબિટીશ મેડિકેશનના માર્કેટિંગ માટે મંજૂરી મળી છે. જીઓ બ્લેકરોક એસેટ મેનેજમેન્ટ કંપનીને સેબીની ચાર મ્યુચ્યુઅલ ફંડ જારી કરવાની મંજૂરી મળી છે.

અદાણી ગ્રુપે એડબલ્યુ એલ એગ્રી બિઝનેસમાંનો ૨૦ ટકા હિસ્સો વિલ્મર ઇન્ટરનેશનલ સિંગાપોરને રૂ. ૭૧૫૦ કરોડમાં વેચ્યો હોવાનું સ્ટેક એક્સચેન્જ ફાઇલિંગમાં જણાવાયું છે. ડિક્સન ટેક્નોલોજીસે ક્યુટેક ઇન્ડિયામાં ૫૧ ટકા હિસ્સો ખરીદવાના સોદા કર્યા છે. એચડીબી ફાઇનાન્શિયલ સર્વિસિસે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ચોખ્ખા નફામાં ૨.૪ ટકાનો ઘટાડો જાહેર કર્યો છે. સ્ટેટ બેન્ક નાણાકીય વર્ષ ૨૦૨૬માં સ્થાનિક રોકાણકારો માટે રૂ. ૨૦,૦૦૦ કરોડના બોન્ડ જારી કરશે. એચડીએફસી બેન્ક ૧૯મી જુલાઇએ બોર્ડ મીટીંગમાં સ્પેશિયલ ડિવિડંડ અને બોનસ શેરની વિચારણા હાથ ધરશે. એમસીએક્સ સીસીએલને ક્લિઅરિગ કોર્પોરેશન તરીકેની માન્યતાનું વધુ ત્રણ વર્ષનું વિસ્તરણ મળ્યું છે.

આઇટીસી હોટલનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૫૩ ટકા વધીને રૂ. ૧૩૩.૭૧ કરોડ રહ્યો છે. બેન્ક ઓફ મહારાષ્ટ્રનો પ્રથમ ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૨૩ ટકા વધીને રૂ. ૧૫૯૩ કરોડ નોંધાયો હતો. વીવર્ક ઇન્ડિયાને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી ગઇ છે.

આઇપ્રુ એએમસી અને પ્રોપર્ટી શેરે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કર્યું છે. પશ્ચિમ ભારતમાં વિસ્તરણના ભાગરૂપે કોસ્મો ફર્સ્ટ લિમિટેડની ભારતની પ્રથમ ટેક ઇનેબલ્ડ ઓમ્નિચેનલ પેટ કેર બ્રાન્ડ ઝીગલીએ મુંબઇ ખાતે પહેલી સ્મોલ એનિમલ ક્લિનિક અને સર્જિકલ સેન્ટર શરૂ કર્યું છે. કંપની દેશમાં ૩૫ સેન્ટર ધરાવે છે અને વધુ ૫૦ સેન્ટરના વિસ્તરણની યોજના છે. ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીના આંકડા મુજબ તેની ચોખ્ખી આવક રૂ. ૫૬ કરોડ રહી છે.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૧,૮૫૮.૧૫ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ નીચો બંધ રહ્યો હતો. યુરોપિયન બજારો ઊંચા મથાળે વેપાર કરી રહ્યા હતા. બુધવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતો.

ગ્લોબલ ક્રૂડ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૦૬ ટકા ઘટીને ૬૮.૪૯ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. બુધવારે, સેન્સેક્સ ૬૩.૫૭ પોઈન્ટ અથવા ૦.૦૮ ટકા વધીને ૮૨,૬૩૪.૪૮ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૧૬.૨૫ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકા વધીને ૨૫,૨૧૨.૦૫ પોઇન્ટ પર બંધ થયો હતો.

બજારના સાધનો જણાવ્યું હતું કે, ખાસ કરીને ટેકનોલોજી અને બેંકિંગ ક્ષેત્રમાં પ્રથણ ક્વાર્ટરની કમાણીમાં મંદીના સંકેત મળવાથી રોકાણકારોમાં સાવચેતીનું માનસ રહ્યું હોવાથી ભારતીય ઇક્વિટી બેન્ચમાર્ક નજીવા ઘટાડા સાથે બંધ થયા હતા. યુએસ-ભારત વેપાર સોદા અંગેની અનિશ્ચિતતાને કારણે લાર્જ કેપ શેરોના ઊંચા મૂલ્યાંકન અને એફઆઇઆઇના આઉટફ્લોને કારણે બજારના ખેલાડીઓએ મોટા લેણથી અળગા રહેવાનું પસંદ કર્યુ હતું. જોકે, કોઈપણ સકારાત્મક વિકાસ બજારની ભાવનાને વધારી શકે છે.

અમેરિકન પ્રેસિડેન્ટ જે રીતે ભારત પર ટેરિફ નાંખવાની, ટેરિફ વધારવાની અને અમેરિકાની પ્રોડક્ટને એકસેસ આપવાની વાતો કરે છે, ધમકીઓ આપે છે અને ભારતને દબાવી નાંખ્યું હોય એવા કથનો કરે છે તે જોતાં આગામી સત્રોમાં નરમાઇના ઝોંક સાથે અફડાતફડીનો દોર શરૂ થવાની ધારણાં છે. ટ્રમ્પ ભારત, ઇન્ડિયાને ઇન્ડોનેશિયા સાથે સરખાવી એના જેવી ટ્રેડ ડીલ ઇચ્છે છે, જ્યાં અમેરિકન ઉત્પાદનો માટે શૂન્ય ટેરિફ રેટ છે અને ઇન્ડોનેશિયા પર ૧૯ ટકા અને તેનાથી ઊંચો ટેરિફ વેરો છે.

સ્થાનિક ધોરણે ફુગાવામાં ઘટાડો, વ્યાજ દરમાં ઘટાડો, સ્વસ્થ ચોમાસુ અને ક્રૂડ ઓઇલના ભાવમાં નરમાઈને કારણે ભારતનું મેક્રોઇકોનોમિક આઉટલુક મજબૂત રહ્યું છે. સતત આઠ મહિનામાં ફુગાવામાં ઘટાડો થવાથી બજારને પ્રોત્સાહન મળ્યું છે. જોકે, તાંબા પર પચાસ ટકા ડ્યુટીની જાહેરાત સાથે ટેરિફ ચિંતાઓ વચ્ચે ગ્લોબલ સેન્ટિમેન્ટ મિશ્ર રહ્યું છે. આ ઉપરાંત ફુગાવાના સ્તરને કારણે યુએસ ફેડ દ્વારા નજીકના ગાળાના દરમાં ઘટાડાની આશાઓ ધૂંધળી થઈ રહી છે. દરમિયાન ટ્રમ્પે એવી ધમકી ઉચ્ચારી છે કે તે ફેડરલના ગવર્નર જો વ્યાજદરમાં ઘટાડો જાહેર નહીં કરશે તો તેઓ તેમને પદભ્રષ્ટ કરશે!

## ડૉલર સામે રૂપિયો વધુ ૧૭ પૈસા તૂટીને ૮૬ની પાર

મુંબઈઃ ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલની વાટાઘાટોની ફળશ્રુતિ પૂર્વે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, બ્રેન્ટ ક્રૂડતેલના બેતરફી વધઘટે અથડાતા ભાવ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૮૫૮.૧૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો વધુ ૧૭ પૈસા તૂટીને ૮૬ સપાટી પાર કરી ગયો હતો. જોકે, ભારત સાથેની પ્રસ્તાવિત ટ્રેડ ડીલ ગત મંગળવારે થયેલી ઈન્ડોનેશિયા સાથેની ડીલની સમકક્ષ હોવાનું અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગઈકાલે જણાવ્યું હતું.

સ્થાનિકમાં આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૯૨ના બંધ સામે ૮૫.૯૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૧૦ અને ઉપરમાં ૮૫.૮૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૭ પૈસા તૂટીને સત્રની ઊંચી ૮૬.૦૯ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે પણ ડૉલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનું ધોવાણ થયું હતું.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે રૂપિયામાં પીછેહઠ જળવાઈ રહી હતી. તેમ જ એશિયન ચલણો સામે પણ રૂપિયો નબળો રહેતાં ૮૬ની સપાટી પાર કરી ગયો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અને ટ્રેઝરી હેડ અનિલકુમાર ભણસાળીએ જણાવતાં ઉમેર્યું હતું કે આવતીકાલે ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૫.૭૫થી ૮૬.૨૫ આસપાસની રહી શકે છે. વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૦૬ ટકાના સાધારણ ઘટાડા સાથે બેરલદીઠ ૬૮.૪૮ આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ૦.૨૫ ટકા વધીને ૯૮.૬૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો.

## ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૭૯૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ ઉપરાંત સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ રહેતા આજે હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૨થી ૩૯૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૨થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૦થી ૩૮૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

## ડૉલર મજબૂત થતાં સોનામાં ₹ ૪૭ની અને ચાંદીમાં ₹ ૨૦૦ની પીછેહઠ

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગઈકાલે ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવેલને સત્તા પરથી દૂર કરવાની શક્યતા નકારી કાઢતા આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર ભાવ ૦.૬ ટકા અને વાયદામાં ભાવ ૦.૮ ટકા તથા ચાંદીના ભાવ ૦.૪ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યાના અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭ની અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૦૦ની પીછેહઠ જોવા મળી હતી. આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૦૦ના ઘટાડા સાથે રૂ. ૧,૧૧,૦૦૦ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની ખપપૂરતી લેવાલી તેમ જ રિટેલ સ્તરની તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૭,૦૬૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૭,૪૫૩ના મથાળે રહ્યા હોવાનું ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશને આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૩૫.૭૭ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૮ ટકા ઘટીને ૩૩૩૧.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૩૭.૭૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષમાં ફેરફાર થવાની કોઈ શક્યતા ન હોવાની ટ્રમ્પે સ્પષ્ટતા કરતાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સોનામાં નરમાઈ જોવા મળી હતી અને ભાવ ઘટીને ઔંસદીઠ ૩૩૪૦ ડૉલર સુધી પહોંચ્યા હોવાનું રિલાયન્સ સિક્યોરિટીઝના વિશ્લેષક જિગર ત્રિવેદીએ જણાવતાં ઉમેર્યું હતું કે ટ્રમ્પે પૉવેલની હકાલપટ્ટીની કોઈ યોજના ન હોવાનું બુધવારે જણાવ્યું હતું પરંતુ સાથે સાથે તેમણે પૉવેલની વ્યાજદરમાં કપાત નહીં કરવા બાબતે ટીકા કરતા પૉવેલને પદ પરથી દૂર કરવાની શક્યતા નકારી પણ નહોતી. અમેરિકામાં ગત જૂન મહિનામાં ગૂડ્સના ભાવમાં વધારો થયો હોવા છતાં આ વધારો સર્વિસીસ ક્ષેત્રે નબળી માગને કારણે સરભર થઈ જવાથી પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ સ્થિર રહ્યો હોવાના અહેવાલ હતા. જૂન મહિનાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં જોવા મળેલી સ્થિરતા દર્શાવે છે કે આયાત પર લાદવામાં આવેલી ટૅરિફની અર્થતંત્ર પર માઠી અસર ધાર્યા કરતાં ઓછી પડી છે, એમ ત્રિવેદીએ ઉમેર્યું હતું. દરમિયાન ગઈકાલે વેપાર કરારની વાટાઘાટ માટે યુરોપિયન યુનિયનનું પ્રતિનિધિમંડળ અમેરિકી વાણિજ્ય સચિવને મળ્યું હોવાના અહેવાલ હતા. વધુમાં પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગઈકાલે વિશ્વના સૌથી મોટા સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડ એસપીડીઆર ગોલ્ડ ટ્રસ્ટનું સોનાનું હોલ્ડિંગ ૦.૩૩ ટકા વધીને ૯૫૦.૭૯ ટનની સપાટીએ રહ્યું હોવાના અહેવાલ હતા.

# સિટી ન્યૂઝ

## પુણેને ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની ભેટ

મુંબઇઃ ભારતીય રેલવેએ પુણે થી ચાર શહેરોને જોડતી નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દોડાવવાની જાહેરાત કરી છે, જેમાં પુણે-શેગાંવ, પુણે - વડોદરા, પુણે- સિકંદરાબાદ, અને પુણે- બેલગાવીનો સમાવેશ થાય છે. જેના લીધે પુણેના લોકોને સારી રેલવે કનેક્ટીવિટી મળશે.

૧. પુણે-શેગાંવ

આ વંદે ભારત ટ્રેન પુણેથી શેગાંવ જતા મુસાફરો માટે સારો વિકલ્પ સાબિત થશે. આ ટ્રેન દૌંડ, અહમદનગર, છત્રપતિ સંભાજીનગર અને જાલના જેવા સ્ટેશનો પર રોકાશે.

૨. પુણે-વડોદરા

પુણે-વડોદરા વચ્ચે ચાલનારી વંદે ભારત ટ્રેન મહારાષ્ટ્ર અને ગુજરાતના મુસાફરો માટે ફાયદારૂપ સાબિત થશે. આ આ ટ્રેન લોનાવાલા, પનવેલ, વાપી અને સુરત જેવા સ્ટેશન પર રોકાશે. વંદે ભારત ટ્રેનના લીધે મુસાફરી સમયમાં બે ક્લાકનો ઘટાડો થશે. આ ટ્રેન ખાસ કરીને વેપારીઓ અને બિઝનેસમેનને ઉપયોગી બનશે.

૩. પુણે-સિકંદરાબાદ

પુણે અને તેલંગાણાની રાજધાની સિકંદરાબાદ વચ્ચે ચાલનારી આ ટ્રેન દૌંડ, સોલાપુર અને ગુલબર્ગા જેવા મુખ્ય સ્ટેશનો પર રોકાશે.

૪. પુણે-બેલગાવી

પુણેથી બેલગાવી જનારી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન સતારા, સાંગલી અને મિરાજ જેવા સ્ટેશનો પર રોકાશે.

* પુણે- નાગપુર વચ્ચે સ્લીપર વંદે ભારત ટ્રેન પર વિચારણા

આ ઉપરાત ભારતીય રેલવે દ્વારા પુણે અને નાગપુર વચ્ચે સ્લીપર વંદે ભારત ટ્રેન દોડવવા પર વિચારણા કરવામાં આવી રહી છે.

## મીઠી નદી ભ્રષ્ટાચાર પ્રકરણમાં ૨૦૦૬થી તપાસ થશેઃ રાજ્ય સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મીઠી નદીનો ગાળ કાઢવામાં થયેલા ભ્રષ્ટાચાર પ્રકરણમાં ત્રણ વર્ષમાં ૬૫ કરોડ રૂપિયાનો ગેરવ્યવહાર થયો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. સંબંધિત પ્રકરણની તપાસ ૨૦૦૬થી ચાલુ કરવામાં આવી હોવાની માહિતી ઉદય સામંતે ગુરુવારે વિધાન પરિષદમાં આપી હતી. વિધાન પરિષદના સભ્ય દ્વારા મીઠી નદીના ગાળ કાઢવા બાબતે કરવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા ઉદય સામંતે જણાવ્યું હતું કે એસઆઈટીએ ૨૦૧૨થી ૨૦૨૧ સુધીના સમયગાળાના ત્રણ લાખથી વધુ ફોટો તપાસ્યા છે. આ પ્રકરણમાં અમુક આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને અમુક લોકોએ જામીન માટે અરજી પણ દાખલ કરી છે. તપાસમાં અનેક ઠેકાણે કામ થયું ન હોવાનું તેમ જ અમુક ખોટા કામ થયા હોવાનું જણાઈ આવ્યું હોઈ તેમાં સહભાગી રહેલા કૉન્ટ્રેક્ટરોની યાદી સરકાર પાસે છે. સંપૂર્ણ પ્રકરણમાં કોઈપણ રાજકીય વ્યક્તિને સંરક્ષણ આપવામાં આવશે નહીં અને દોષી સામે આકરા પગલાં લેવામાં આવશે એવું આશ્વાસન આપતા ઉદય સામંતે જણાવ્યું હતું.

## જો 'ડીનો' મોં ખોલશે, તો ઘણાના 'મોરચા' થઈ જશેઃ ઉદ્ધવને ઘેરતા શિંદે

મુંબઈઃ રાજ્યનું ચોમાસુ સત્ર હાલમાં ચાલી રહ્યું છે. આ સત્રમાં શાસક પક્ષ અને વિપક્ષ વિવિધ મુદ્દાઓ પર આમને-સામને આવતા જોવા મળી રહ્યા છે. આમાં ગુરુવારે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વિધાનસભામાં બોલતા ઉદ્ધવ ઠાકરેની આકરી ટીકા કરી હતી. તેમણે ઉદ્ધવ ઠાકરેને ચેતવણી આપતા કહ્યું છે કે, 'જો ડીનો મોંઢુ ખોલશે તો ઘણા લોકોના 'મોરચા' થઈ જશે.'

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે, 'સિમેન્ટ કોંક્રિટના રસ્તાનું ઓડિટ થવું જ જોઈએ. એકવાર સિમેન્ટ કોંક્રિટના રસ્તા શરૂ થઈ જાય, પછી ૨૫ વર્ષ સુધી કોઈ સમારકામની જરૂર નથી. તો દર વર્ષે તેનું સમારકામ કરવાનું કામ કોણ કરી રહ્યું હતું અને તે સમારકામના નામે પૈસા ઉપાડી રહ્યું હતું? મીઠી નદીમાંથી માટી કાઢવાનું કામ કયા કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવ્યું હતું? પછી શું તે જગ્યાએ કોઈ મરાઠી માણસ દેખાયો ન હતો? પછી ડીનો મોરિયા તે કામ માટે હાજર થયો. હવે જો તે ડીનો મોં ખોલશે, તો ઘણા લોકો 'મોરિયા' થઈ જશે. અમે પ્રામાણિકપણે કામ કરી રહ્યા છીએ. શું તમે ક્યારેય સિમેન્ટ કોંક્રિટના રસ્તા જોયા છે? કોસ્ટલ રોડ કોણે ઝડપથી પૂર્ણ કર્યો? પરંતુ તમે જ્યારે કોઈ પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવે છો, ત્યારે તમારે આત્મનિરીક્ષણ કરવાની પણ જરૂર છે. ટેન્ડર માટે બોલી લગાવીને મુંબઈને વેચનાર કોણ છે? આ યાદી બનાવો અને પછી મરાઠી લોકોના મુદ્દાઓ વિશે વાત કરો. એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેની ટીકા કરી.

## નિયમોનો ભંગ કરતા વાહનોના ફોટા અપલોડ કરવા વ્યક્તિગત મોબાઈલનો ઉપયોગ ન કરો

મુંબઈઃ ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહનોના ફોટા અપલોડ કરવા માટે વ્યક્તિગત મોબાઇલનો ઉપયોગ ન કરવાની સૂચના મહારાષ્ટ્ર હાઇવે પોલીસે ટ્રાફિક પોલીસને આપી છે. આવા વાહનોના ફોટા રીયલ ટાઇમમાં અપલોડ થતી ન હોવા સંબંધી ચિંતા અને તેને કારણે બનતા ખોટા ચલાનને ધ્યાનમાં રાખી આ સૂચના અપાઇ છે.

વિધાન ભવન ખાતે ૨ જુલાઇના રોજ પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇક સાથે વિવિધ ટ્રાન્સપોર્ટ એસોસિયેશનની યોજાયેલી બેઠક દરમિયાન આ ચિંતાઓ ઉઠાવવામાં આવી હતી.

બેઠક દરમિયાન ટ્રાન્સપોર્ટ એસોસિયેશનના પદાધિકારીઓએ ટ્રાફિક પોલીસ અધિકારીઓ દ્વારા વાહનોના ફોટા પાડવા તેમના વ્યક્તિગત મોબાઇલનો ઉપયોગ કરવા અને તેમની સુવિધા મુજબ ઇ-ચલાન મશીનમાં અપલોડ કરવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

તેમની ફરિયાદ હતી કે ફોટા રિયલ ટાઇમમાં અપલોડ થતા ન હોવાથી વાહનમાલિકોને ખોટા ચલાન જારી કરવામાં આવે છે, જેથી વિસંગતિઓ ઊભી થાય છે. આ બેઠકમાં પ્રધાને આવી કાર્યવાહી પર નારાજગી વ્યક્ત કરી હતી. (પીટીઆઇ)

## મુંબઈમાં ખાડા ભરવાના ખર્ચમાં ૫૦ ટકાનો ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં કરોડો રૂપિયા ખર્ચીને તમામ રસ્તાઓ સિમેન્ટ-કોંક્રીટના બનાવવામાં આવી રહ્યા છે, છતાં હજી મુંબઈના અનેક રસ્તાઓ હજી પણ રસ્તાઓ પર ખાડા પડી રહ્યા છે અને તેને પૂરવા માટે કરોડો રૂપિયાની જોગવાઈ પાલિકા દ્વારા કરવામાં આવી છે ત્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ એવો દાવો કર્યો હતો કે મુંબઈના રસ્તાઓ સિમેન્ટ-કોંક્રીટના બની રહ્યા છે તેથી આ વર્ષે રસ્તા પર ઓછો ખાડા પડયા છે અને ખાડાઓ પૂરવા માટેનો ખર્ચ પણ ૫૦ ટકાથી ઘટી ગયો છે. નાયબ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે મુંબઈના ખાડાઓની ફરિયાદ માટે ઓનલાઈન પોર્ટલ બનાવવામાં આવ્યું છે. પાલિકાએ દરેક ઝોનમાં સમર્પિત એજન્સી નીમીને ખાડાઓની ફરિયાદ સામે તાત્કાલિક પગલા લઈ રહી છે. દર વર્ષે ખાડા ભરવા માટે જેટલો ખર્ચ થાય છે, તેમાંથી આ વર્ષે ૫૦ ટકા ખર્ચ ઓછો થયો છે. ખાડાની ફરિયાદ માટે ઓનલાઈન પોર્ટલની સાથે જ તપાસ માટે મુંબઈ આઈઆઈટીની સાથે કરાર કરવામાં આવ્યા હોવાનું પણ તેમણે કહ્યું હતું.

### ફાયર સેફ્ટીનો પ્રશ્ન ફરી ઊભો થયો

## ચર્ચગેટ સ્ટેશનમાં હવે આઇસક્રીમ સ્ટોલમાં શોર્ટસર્કિટને કારણે આગઃ જૂનમાં એક ફૂડ સ્ટોલમાં સાંજે પીક અવર્સમાં આગ લાગી હતી

મુંબઈઃ ચર્ચગેટ સ્ટેશન પર ગુરુવારે એક આઇસ્ક્રીમ સ્ટોલમાં આગ લાગી હતી. હજી જૂન મહિનામાં જ એક ફૂડસ્ટોલમાં આગ લાગવાની ઘટના બની હતી અને પીક અવર્સમાં લાગેલી આગને કારણે પ્રવાસીઓમાં ભયનું વાતાવરણ ફેલાયું હતું. હવે ગુરુવારે ફરી આવી જ આગની ઘટના બની છે. સ્ટેશન પરિસરમાં આવેલા એક આઈસ્ક્રીમ સ્ટોલ પર શોર્ટ સર્કિટ થતાં આ ઘટના બની હતી. પરિસ્થિતિ ઝડપથી વણસી ગઈ હોત અને વ્યસ્ત રેલવે સ્ટેશન પર જાન-માલનું જોખમ ઉભું થયું હોત, પરંતુ સદ્ભાગ્યે તાત્કાલિક પગલાં લેવાયા હોવાથી આગ પર કાબૂ મેળવી શકાય હતો. છતાં આ પ્રકારને વારંવાર આગ લાગતા ફાયર સેફ્ટીનો પ્રશ્ન ઊભો થયો છે. પશ્ચિમ રેલવેના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ગુરુવારે સવારે ૮.૧૦ વાગ્યે એક્ઝોસ્ટ ફેન વધુ ગરમ થવાને કારણે ધુમાડો નીકળ્યો અને રેલવે સ્ટાફ દ્વારા અગ્નિશામકનો ઉપયોગ કરીને માત્ર ત્રણ મિનિટમાં પરિસ્થિતિ કાબૂમાં લેવામાં આવી હતી.એક અધિકારીના જણાવ્યા મુજબ તાત્કાલિક પગલાં લેવામાં આવતા આગ કાબૂમાં આવી ગઈ, જેના કારણે ગંભીર દુર્ઘટના ટાળી શકાઈ.

## બનાવટી દવાઓ પર નિયંત્રણ લાવવા માટે પૅકિંગ પર દર્શાવેલા ઘટકોને તપાસવા સમિતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બનાવટી દવાઓ બનાવીને દર્દીઓના જીવન સાથે રમત કરનારી ફાર્માસ્યુટીકલ કંપનીઓ પર હવે સરકારની આકરી નજર રહેવાની છે. દવાનું વેચાણ કરનારા અને ફાર્માસ્યુટિકલ કંપનીઓ મારફત પૅકિંગ પર દર્શાવેલા ઘટકોની તપાસ કરવા માટે ઉચ્ચસ્તરીય સમિતીની સ્થાપવામાં કરવામાં આવી હોઈ આ સમિતી દવામાં રહેલા ઘટકોની તપાસ કરશે. અન્ન અને ઔષધ પ્રશાસન સેક્રેટરીના અધ્યક્ષતા હેઠળ નીમવામાં આવવનારી આ સમિતીના અહેવાલ બાદ દોષી જણાઈ આવનારા સંબંધિતો સામે આવશ્યક તે પગલાં લેવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે.

અન્ન અને ઔષધ પ્રશાસન પ્રધાન નરહરી ઝિરવાળે વિધાન પરિષદમાં જણાવ્યું હતું કે નવેમ્બર ૨૦૨થી ઑક્ટોબર ૨૦૨૪ દરમ્યાન રાજ્યમાં સરકારી અને બિનસરકારી હૉસ્પિટલમાંથી ૯૭૯ દવાના સેમ્પલ તપાસ માટે લેવામાં આવ્યા હતા. તેમાંથી ૧૧ સેમ્પલમાં દવાના મૂળ ઘટકો ન હોવાનું જણાઈ આવ્યું હતું. આ સેમ્પલની માહિતી નિષ્ણાતોના અહેવાલમાં નમૂદ કરવામાં આવી હતી. સંબંધિત દવાનો પુરવઠો કરનારી ૧૧ કંપનીઓ બનાવટી દવાનું વેચાણ કરી રહી હોવાનું સ્પષ્ટ થયા બાદ તેમના લાઈસન્સ રદ કરવામાં આવ્યા છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે – રતલામ વિભાગ**

**ટેન્ડર નોટીસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી સીની. DME/ RTM, પશ્ચિમ રેલવે, રતલામ વિભાગ આમંત્રિત કરે છે. **GeM બીડ નં.: GEM/ ૨૦૨૫/B/ ૬૪૦૩૯૫૬** નીચે જણાવેલ કામ માટે **GeM** પર અપલોડ કરવાની તારીખઃ ૧૧/૦૭/ ૨૦૨૫ (ઓપન ટેન્ડર, બે પેકેટ પદ્ધતિ). ટેન્ડર ખુલવાની તારીખે જો બંધ કે રજાનો દિવસ આવે તો પછીના કામકાજના દિવસે તે જ સમયે ટેન્ડર ખોલવામાં આવશે. **સ્થળ સાથે કામનું નામઃ** સેવાઓ માટે કસ્ટમ બીડ - શેડયુલ A - બધા ટૅક્સ અને GST સાથે ૩ પાળીમાં ચોવીસે કલાક UJN સ્ટેશનના બધા પ્લેટફોર્મ્સ ખાતે ટ્રેનોના બધા કોચીસમાં એનરૂટ પાણી ભરવા માટે મેન પાવરનો ખર્ચ; સેવાઓ માટે કસ્ટમ બીડ - શેડ્યુલ-B - ૩ પાળીમાં ચોવીસે કલાક UJN સ્ટેશનના બધા પ્લેટફોર્મ્સ ખાતે ટ્રેનોના બધા કોચીસમાં એનરૂટ પાણી ભરવા માટે GST સાથે માલસામાનનો કુલ ખર્ચ. **કામનો અંદાજિત ખર્ચઃ** બધા ટૅક્સ અને GST સાથે રૂા. ૫,૫૨,૪૭,૪૮૧/- **બાનાની રકમઃ** રૂા. ૪,૨૬,૨૪૦/- **કામ પૂર્ણ થવાનો સમયઃ** વર્ક ઓર્ડર ઈશ્યૂ કર્યાની તારીખથી ૪ વર્ષ. **ટેન્ડર ખુલશે તે ઓફિસનું સરનામુંઃ** સીની. DME (C & W)/ RTM ની ઓફિસ, DRM ઓફિસ, રતલામ વિભાગ, પશ્ચિમ રેલવે. **ટેન્ડર સુપરત કરવાની અને ખૂલવાની તારીખ અને સમયઃ બંધ થવાનો સમયઃ** ૦૪.૦૮.૨૦૨૫ના રોજ ૧૫.૦૦ ક. **ખુલવાનો સમયઃ** ૦૪.૦૮.૨૦૨૫ના રોજ ૧૫.૩૦ ક. **નોટીસ બોર્ડનું સ્થળ અને વેબસાઈટ વિગતઃ** ટેન્ડરના દસ્તાવેજો GeM ની વેબસાઈટ **www.gem.gov.in** પરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડરરને બીજી કોઈ માહિતી જોઈતી હોય તો સીની. DME/ RTMની, ઓફિસ, DRM ઓફિસ, રતલામ વિભાગ પશ્ચિમ રેલવેમાંથી કામકાજના સમય દરમિયાન મળી શકશે.

**સીની. DME (C & W), પશ્ચિમ રેલવે, રતલામ**

AK/3/1/139

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**હિતની અભિવ્યક્તિ (EOI)**

| | |
|---|---|
| વિભાગ : | આસી. કમિ. P/નોર્થ, મલાડ (પ), મુંબઈ-૬૪ની ઓફિસ |
| સેક્શન : | આસી. એન્જિ. (SWM), P/નોર્થ |
| વિષય : | P/નોર્થ મલાડ પશ્ચિમ ક્ષેત્રમાં નોંધાયેલ સંસ્થાઓ પાસેથી P/નોર્થ વોર્ડમાં **"અન્ય કામો માટે મજૂરો અને રોડ સફાઈ માટે રાસ્તે સ્વચ્છતા યોજના"** માટે EOI મંગાવે છે. લાયક સંસ્થા લોટરીના આધારે પસંદ કરવામાં આવશે. વિગતવાર અરજી માટે કૃપા કરીને આસી. એન્જિ. (SWM), P/નોર્થનો સંપર્ક કરો. |
| ટેન્ડર ફી : | નાગરિક સુવિધા કેન્દ્ર (C.F.C.) ખાતે મેનિંગ મોપિંગ યોજના માટે રૂ. ૩૬૩૦/- + ૧૮% GST (કુલ રૂ. ૪,૨૮૩/-)નું ચલણ ભરીને અથવા સંસ્થાના લેટરહેડ પર આવશ્યકતાઓ આપીને અરજી કરી શકાય છે. |
| ટેન્ડર તારીખ : | ૧૮.૦૭.૨૦૨૫ ૧૧.૦૦ ક.થી ૨૫.૦૭.૨૦૨૫ ૧૬.૦૦ ક. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૮.૦૭.૨૦૨૫ સાં. ૪.૦૦ ક. |
| વેબસાઈટ : | http://portal.mcgm.gov.in |
| નામ : | શ્રી. સુનિલ શિવાજી પનાસ્કર, આસી. એન્જિ. (SWM), P/નોર્થ, સંપર્ક નં. : ૯૮૨૦૯૦૩૪૨૩ |

સહી/-
આસી. એન્જિ. (SWM), P/નોર્થ

PRO/1036/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

# મહારાષ્ટ્રના ૭૫ અધિકારીઓ-પ્રધાન હનીટ્રેપમાં

## કૉંગ્રેસના નેતાએ પેનડ્રાઈવ સાથે દાવો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારના ૭૫ જેટલા અધિકારીઓને સંડોવતા અને રાજ્યના ચાર જિલ્લા મુંબઈ, થાણે, પુણે અને નાશિકમાં ફેલાયેલા હનીટ્રેપ કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ રાજ્ય વિધાન ભવન પરિસરમાં સન્નાટો ફેલાયેલો જોવા મળ્યો હતો. રાજ્ય વિધાનસભામાં કૉંગ્રેસના નેતા નાના પટોલેએ આ કૌભાંડ સંબંધી પેન ડ્રાઈવ વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરને સોંપી હતી અને કાર્યવાહીની માગણી કરી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર મહારાષ્ટ્રના અમલદારો, કાયદા અમલ કરનારા અધિકારીઓ અને રાજકારણીઓ સહિત ૭૨થી ૭૫ લોકોને કથિત રીતે ફસાવી દેવાનું વ્યાપક હનીટ્રેપ કૌભાંડ સપ્તાહના પ્રારંભે પ્રકાશમાં આવ્યા બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા નાના પટોલેએ ગુરુવારે વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવ્યો અને ઘટનાની ઊંડી તપાસની માગણી કરી હતી.

માહિતી આપવાના અધિકારનો ઉપયોગ કરતાં નાના પટોલેએ જણાવ્યું હતું કે, 'આ એક મોટો મુદ્દો છે, ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો છે. જો આ હનીટ્રેપને કારણે રાજ્યના ગુપ્ત દસ્તાવેજો રાષ્ટ્રવિરોધી જૂથોના હાથમાં જાય, તો તે એક મોટી ભૂલ હશે,'

'સરકારે આની નોંધ લેવી જોઈએ,' એવા શબ્દોમાં વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે સરકારને આદેશ આપ્યો હતો.

દરમિયાન, એનસીપી (એસપી)ના પ્રવક્તા મહેશ તાપસેએ પણ તપાસની માગણી કરતાં કહ્યું હતું કે આ કપટી નેટવર્ક મુંબઈ, થાણે, પુણે અને નાશિક જેવા મોટા

(જુઓ પાનું ૪) ▶▶

# 'ઑફર'ના બીજે જ દિવસે ઉદ્ધવ-આદિત્ય મુખ્ય પ્રધાનને મળવા પહોંચ્યા

## ત્રિ-ભાષા પદ્ધતિ અંગે હતી મુલાકાત એવું ઉદ્ધવના સૂત્રો કહે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરેને વિધાન પરિષદમાં આપેલી ઓપન ઑફરના બીજા જ દિવસે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પુત્ર આદિત્યની સાથે મુખ્ય પ્રધાનને મળવા પહોંચ્યા હોવાથી રાજકીય વર્તુળોમાં અફવાનું બજાર ગરમ થઈ ગયું હતું.

ઠાકરે પિતા-પુત્ર વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદેની ચેમ્બરમાં ફડણવીસને મળ્યા હતા અને લગભગ અડધા કલાક સુધી બંધ બારણે ચાલેલી આ મુલાકાતમાં શું ચર્ચા કરવામાં આવી તેની કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી.

બુધવારે, વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેના વિદાય સમારંભમાં બોલતા, ફડણવીસે ઉદ્ધવ ઠાકરેને કહ્યું હતું કે ભાજપ તેમની સાથે વિરોધ પક્ષમાં જોડાય તેવી શક્યતા નથી, પરંતુ તેઓ સત્તા પક્ષમાં જોડાઈ શકે છે.

'ઉદ્ધવજી, ૨૦૨૯ સુધી (સરકારમાં

(જુઓ પાનું ૪) ▶▶

# 'તો મેં બિલ ફાડી નાખ્યું હોત'

- કૉંગ્રેસે જનસુરક્ષા ખરડા અંગે મંજૂરી બાદ નારાજી વ્યક્ત કરી
- રાજ્યપાલને મળીને વિરોધ નોંધાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં કથિત રીતે શહેરી નક્સલવાદને નિયંત્રણમાં લેવા માટે તૈયાર કરવામાં આવેલા અને ગયા અઠવાડિયે રાજ્ય વિધાનમંડળના બંને ગૃહોમાં મંજૂર થઈ ગયેલા જનસુરક્ષા ખરડાને મુદ્દે હવે કૉંગ્રેસમાં તડાફડી જોવા મળી રહી છે. અહીં ઉલ્લેખનીય છે કે કૉંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વે રાજ્ય કૉંગ્રેસની આ ખરડો મંજૂર થવા માટે અત્યંત આકરી ઝાટકણી કાઢી હતી અને પાર્ટીના વિધાનસભ્યોને ખુલાસો કરવા જણાવ્યું હતું, ત્યારબાદ મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે મહારાષ્ટ્ર કૉંગ્રેસ વિધિમંડળ પક્ષના નેતા વિજય વડેટ્ટીવાર પાસે આ બાબતે ખુલાસો માગ્યો હતો.

અહીં ઉલ્લેખનીય છે કે આ ખરડા સામે કૉંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વે વિરોધ વ્યક્ત કર્યો હતો, પરંતુ જ્યારે વિધાનસભામાં અને વિધાન પરિષદમાં આ ખરડો મંજૂર કરવામાં આવ્યો ત્યારે કૉંગ્રેસના વિધાનસભ્યોએ તેનો કોઈ વિરોધ કર્યો નહોતો. મહારાષ્ટ્ર કોંગ્રેસે ગયા અઠવાડિયે

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ડેવલપર્સ સામે પગલાં લેવાનો રેરાને અધિકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રિયલ એસ્ટેટ (રૅગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) ઍક્ટ (રેરા) મુજબ દરેક ડેવલપરને પોતાનું રજિસ્ટ્રેશન કરવવાનું ફરજિયાત છે. જો તે રેરા કાયદાનું ઉલ્લંઘન કરે છે તો સંબંધિત ડેવલપર સામે પગલાં લેવાનો અધિકાર રેરા ઓથોરિટીને હોવાનું પ્રધાન ઉદય સામંતે કહ્યું હતું. વિધાન સભામાં ધ્યાન આકર્ષક સૂચનાનો જવાબ આપતા ઉદય સામંતે જણાવ્યું હતું કે દરેક ડેવલપર માટે રેરા ઍક્ટ મુજબ પોતાનું રજિસ્ટ્રેશન કરાવવાનું ફરજિયાત છે. અકોટ નગરપરિષદની હદમાં બિલ્ડિંગ બાંધકામની મંજૂરી પ્રકરણમાં મળેલી ફરિયાદ પર સાત ડિસેમ્બર ૨૦૨૨ના સુનાવણી થઈ હતી. અરજદારે ૩૧ માર્ચ, ૨૦૨૧ના રોજ બાંધકામની મંજૂરી માટે અરજી રજૂ કરી હતી. અરજી સાથે ૨૦૦૭-૦૮માં ગુંઠેવારી સંદર્ભમાં થયેલા દસ્તાવેજો જોડ્યા હતા પણ મૂળ નોંધ ૨૦૧૮માં આગમાં નષ્ટ પામી હતી. ઉપલબ્ધ પૂરાવાને આધારે તત્કાલીન અધિકારીએ ૧૮ એપ્રિલ, ૨૦૨૨માં ઓફલાઈન મંજૂરી આપી હતી. બીપીએમએસ સિસ્ટમ અધૂરી હોવાથી મંજૂરી ઓફલાઈન આપી હતી પણ બાદમાં ઓનલાઈન નોંધ કરવામાં આવી હતી.■

# ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરનારાઓને અનુસૂચિત જાતિના અનામતનો લાભ નહીં મળેઃ મુખ્ય પ્રધાન

## ધર્માંતર સામે કડક કાયદાની જોગવાઈ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ક્રિપ્ટો ક્રિશ્ચિયન લોકો (જાહેરમાં અલગ ધર્મ અથવા કોઈ ધર્મનું પાલન ન કરવું, પણ જ્યારે ગુપ્ત રીતે ખ્રિસ્તી માન્યતાઓ અને પ્રથાઓને વળગી રહેતા લોકો ક્રિપ્ટો ક્રિશ્ચિયન તરીકે ઓળખાય છે) દ્વારા ધર્મ સ્વાતંત્ર્યનો દુરુપયોગ થઈ રહ્યો છે અને હિન્દુ ધર્મના અનુસૂચિત જાતિના લોકોને ગુપ્ત રીતે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા બળજબરી કરવામાં આવી રહી છે. આવા લોકો દ્વારા આ ધર્મના રીતરિવાજો, પરંપરાઓ અને પ્રાર્થનાઓનું ગુપ્ત રીતે પાલન કરવામાં આવી રહ્યું છે. અંતિમ સંસ્કાર પણ ખ્રિસ્તી રીતે કરવામાં આવી રહ્યા છે અને તે સમયે તેમનો ખરો ધર્મ સ્પષ્ટ થાય છે. આ લોકોએ નોકરી મેળવવા માટે અનુસૂચિત જાતિના અનામતનો લાભ લીધો છે અને ચૂંટણી પણ લડી છે. ભાજપના વિધાનસભ્ય અમિત ગોરખેએ રાજ્યના નંદુરબાર, સાંગલી અને અહિલ્યા નગર જિલ્લામાં આવા કેસ નોંધાયા હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ નોટિસનો જવાબ આપ્યો હતો.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે ૨૬ નવેમ્બર, ૨૦૨૪ના દિવસે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા અનુસાર અનુસૂચિત જાતિ માટે અનામત ફક્ત હિન્દુઓ, બૌદ્ધો અને શીખ જ લઈ શકે છે. અન્ય ધર્મના લોકો અનામત ન લઈ શકે. અન્ય ધર્મના લોકોને અનામત લેવાનો અધિકાર નહીં રહે. સુપ્રીમ કોર્ટના નિર્ણયને અનુલક્ષીને જો અન્ય ધર્મોએ અનુસૂચિત જાતિ માટે અનામત લીધી હશે તો તેમનું જાતિ પ્રમાણપત્ર અને જાતિ ચકાસણીનું પ્રમાણપત્ર રદ કરવામાં આવશે.

જો કોઈએ અનામત દ્વારા સરકારી લાભ કે નોકરી મેળવી હશે તો તેનું પ્રમાણપત્ર રદ થયા બાદ

(જુઓ પાનું ૪) ▶▶




# વિપક્ષનો 'ભોપળા વિરોધ'

## સરકારે લોકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે કંઈ કર્યું ન હોવાનો આક્ષેપ



(અમારા પ્રતિનિધિઓ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનભવન સંકુલમાં વિપક્ષી વિધાનસભ્યો દ્વારા ગુરુવારે 'ભોપળા વિરોધ' (પમ્પકિન પ્રોટેસ્ટ) કરીને એવો દાવો કર્યો હતો કે વિધાનસભાના ચાલુ ચોમાસા સત્ર દરમિયાન સરકાર તરફથી જનતાને કશું જ મળ્યું નથી.

તેઓએ 'ખેડૂતો માટે લોન માફી - એક ભોપળું', 'લોકોની આરોગ્ય સંભાળ - એક ભોપળું', 'આદિવાસીઓ માટે અધિકાર - એક ભોપળું', અને 'વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને કામગારો માટે નોકરી - એક ભોપળું' જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા.

રાજ્ય વિધાનસભાનું ચોમાસુ સત્ર શુક્રવારે સમાપ્ત થશે.

'મહારાષ્ટ્રના લોકોને વિધાનસભાના આ ચોમાસું સત્રમાંથી શું મળ્યું? એક ભોપળું,' એમ વિપક્ષી સભ્યો દ્વારા પ્રદર્શિત બેનર પર એક સૂત્ર વાંચવા મળ્યું હતું.

ખેડૂતો, આદિવાસી, વિદ્યાર્થીઓ, શિક્ષકો, આશા (માન્યતા પ્રાપ્ત સામાજિક આરોગ્ય કાર્યકર્તા) કામદારો અને મિલ કામદારો સહિત સમાજના વિવિધ વર્ગોના મુદ્દાઓને અવગણવા બદલ સરકારની ટીકા કરવા માટે વિરોધીઓએ હાથમાં ભોપળા લીધા હતા.

તેમણે શાસક ગઠબંધન પર જનતાને લગતા મુખ્ય મુદ્દાઓ પર કામ કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો હતો.■

# માતાના મંદિરે દાનધરમ કરવા આવેલા સ્કોર્પિયોમાંના વાપીના વેપારીને 'અપહરણકાર' ગણી લેવાયો

## કોઈ અવળચંડાનું કારસ્તાન હોવાની પોલીસને શંકાઃ બાળકોનું અપહરણ કરવા સ્કોર્પિયો ફરતી હોવાનો મેસેજ વાયરલ થતાં પોલીસની ઊંઘ હરામ થઈ ગઈ હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દહાણુ આસપાસ બાળકોનું અપહરણ કરવા શંકાસ્પદ બ્લૅક સ્કોર્પિયો ફરતી હોવાના સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા મેસેજ બાદ પોલીસની ઊંઘ હરામ થઈ ગઈ હતી. બે દિવસ-રાત સતત શોધ ચલાવ્યા પછી પોલીસને જાણવા મળ્યું હતું કે એ કાર વાપીના ગુજરાતી વેપારીની હતી. માતાના મંદિરે દાનધરમ કરવા ગયેલા વેપારીની કારને અપહરણકારની કાર બતાવવા પાછળ કોઈ અવળચંડાનું કારસ્તાન જવાબદાર હોવાની શંકાને પગલે પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે.

દહાણુના કાસા પરિસરના સારણી ગામે ૧૪ જુલાઈએ સ્કૂલેથી છૂટેલા વિદ્યાર્થીઓનું બ્લૅક સ્કોર્પિયોમાં અપહરણ કરવાનો પ્રયાસ કરાયો હોવાનો મેસેજ સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. આ કાર કાસા સહિત નિકાવલી, આંબિવલી, મ્હસાડ, ઉર્સે પરિસરમાં પણ નજરે પડી હતી. કારમાં હાજર બેથી ત્રણ જણ મોઢા પર રૂમાલ બાંધીને બાળકોનું અપહરણ કરવા ફરી રહ્યા હોવાની અફવા ઝડપભેર ફેલાવા લાગી હતી, જેને પગલે પાલઘર જિલ્લાના વાલીઓમાં ભય ફેલાઈ ગયો હતો. પરિસ્થિતિ ન વણસે તે માટે કાસા પોલીલ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચે તરત તપાસ હાથ ધરી હતી. તપાસમાં પોલીસને જણાયું હતું કે બ્લૅક કલરની સ્કોર્પિયો દહાણુ તાલુકાના નિકવલી ગામમાં આવેલા સપ્તશૃંગી માતાના મંદિર પરિસરમાં નજરે પડી હતી. પોલીસે મંદિરના પૂજારીની પૂછપરછ કરતાં એ કારમાં આવેલો પરિવાર વરસમાં બેથી ત્રણ વાર દાનધરમ કરતો હોવાનું જણાયું હતું. મંદિરમાં આવીને જરૂરિયાતમંદ ગામવાસીઓને છત્રી, ચંપલ, સ્કૂલ બૅગ, ખાવાની વસ્તુઓ વહેંચતો હોવાનું જાણવા મળ્યું હતું. જોકે સંબંધિત પરિસરમાં

(જુઓ પાનું ૪) ▶▶

# પરેલ ટીટી બ્રિજનું ઓક્ટોબરથી સમારકામ, પણ બંધ નહીં કરાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પરેલ ટીટી ફ્લાયઓવરનું માળખાકીય સમારકામ કરીને તેને મજબૂત કરવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકાએ લીધો છે. વાહનચાલકોને તેને કારણે જોકે હેરાનગતીનો સામનો કરવો ન પડે તેમ માટે ફ્લાયઓવરને સંપૂર્ણરીતે બંધ નહીં કરતા વારાફરતી લેનને બંધ કરીને તબક્કાવાર સમારકામ હાથ ધરવામાં આવવાનું છે.

બે વર્ષ અગાઉ પરેલ ટીટી બ્રિજનું સમારકામ કરવાની યોજના હતી પણ તે સમયે લોઅર પરેલમાં ડિલાઈલ રોડ બ્રિજનું પુનર્નિમાણનું કામ ચાલી રહ્યું હોવાથી પરેલ ટીટીનું સમારકામ મુલતવી રાખવામાં આવ્યું હતું. બંને પુલના કામ એકી વખતમાં હાથ ધરવામાં આવ્યા હોત તો મધ્ય મુંબઈમાં ટ્રાફિક સમસ્યા વકરી જવાની શક્યતા હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર રોડ પર ટ્રાફિકની સમસ્યાને ઘટાડવા માટે ૧૯૮૦ની સાલમાં પરેલ ટીટી ફ્લાયઓવર બાંધવામાં આવ્યો હતો. જોકે આ ફ્લાયઓવર પર મોટા પ્રમાણમાં વાહનોનો પસાર થતા હોવાથી વર્ષોથી ફ્લાયઓવરના એકપાન્શન જોઈન્ટ (પુલના સાંધા)ઓની હાલત ખરાબ થઈ

(જુઓ પાનું ૪) ▶▶

# નાશિકમાં ટાયર ફાટતાં મોટરસાઈકલ સાથે ભટકાયા બાદ કાર નહેરમાં પડી

## પાણી મોઢા-નાકમાં ઘૂસી જતાં બાળક સહિત સાતનાં મોતઃ બે ઘાયલ

નાશિકઃ નાશિક જિલ્લામાં સંબંધીના પુત્રના જન્મદિવસની પાર્ટીમાં હાજરી આપ્યા બાદ પાછા ફરતી વખતે કારને નડેલા અકસ્માતમાં બે વર્ષના બાળક સહિત સાતનાં મોત થયાં હતાં. કારનું આગળનું ટાયર ફાટતાં ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યો હતો અને મોટરસાઇકલ સાથે ભટકાયા બાદ કાર નહેરમાં પડી હતી. કારમાં હાજર લોકો બહાર નીકળી શક્યા નહોતા અને મોઢા તથા નાકમાં પાણી ઘૂસી જવાથી તેમનાં મોત થયાં હતાં. અકસ્માતમાં ઘવાયેલા બે મોટરસાઇકલસવારને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

અકસ્માતમાં મૃત્યુ પામેલા સાત જણની ઓળખ દેવીદાસ પંડિત ગાંગુર્ડે (૨૮), તેની પત્ની મનીષા ગાંગુર્ડે (૨૩), તેમનો બે વર્ષનો પુત્ર ભાવેશ ગાંગુર્ડે તેમ જ ઉત્તમ એકનાથ જાધવ (૪૨), તેની પત્ની અલકા જાધવ (૩૮), દત્તાત્રય નામદેવ વાઘમારે (૪૫) અને તેની પત્ની અનુસયા વાઘમારે (૪૦) તરીકે થઇ હતી. મૃતકો એકબીજાના સંબંધીઓ હતા અને દિંડોરી

(જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**